# ઉમાશંકર જોશીની જીવનયાત્રા

## સ્વાતિ જોશી

**મુકામ** બામણા, પોસ્ટ ભિલોડા, સ્ટેટ ઇડર. ૨૧ જુલાઈ, ૧૯૧૧ના દિવસે ઉમાશંકર જોશીનો જ્યાં જન્મ થયો તે સ્થળનું આ સરનામું. આજે જેને આપણે સાબરકાંઠા જિલ્લા તરીકે ઓળખીએ છીએ તે ઉત્તર ગુજરાતનો આ પ્રદેશ વીસમી સદીની શરૂઆતમાં અતિ પછાત હતો. આજે અમદાવાદથી લગભગ દોઢેક કલાકમાં ત્યાં પહોંચી શકાય. પરંતુ તે વખતે સવારના સૂર્યોદય પહેલાં બામણાથી ચાલતા નીકળીને હિંમતનગર પહોચવાનું અને ત્યાંથી ગાડી પકડીને રાત સુધીમાં અમદાવાદ અવાતું. ઉત્તર ગુજરાતનાં દેશી રજવાડાઓમાં ઇડરનું રાજ્ય સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે ઘણું જ પાછળ હતું. ઉમાશંકર જોશીના પિતા જેઠાલાલ કમલજી મૂળ બામણા ગામના

---

ઉમાશંકર જોશીના જીવન વિશેના આ લખાણમાં એમના જીવનની બધી માહિતી નથી. એમનાં પુસ્તકોનાં પ્રકાશનો, એમને મળેલાં સન્માનો, એમણે કરેલા પ્રવાસો વગેરે અંગેની રીતસરની વિગતો અહીં નથી. ઉમાશંકરના વિચારોના ઘડતર અને વિકાસને ધ્યાનમાં રાખીને બનાવો વિશે લખ્યું છે. એમના વિચારોનો એક વિશાળ સંદર્ભ મળે અને એમના સર્જન સાહિત્યને સમજવામાં મદદરૂપ થાય એ પણ ખ્યાલ છે. એ છતાં ઘણી વિગતો અને માહિતી, સ્વાભાવિક રીતે, બાકી રહે છે. જે બનાવોનો ઉલ્લેખ છે એમાં પણ ઘણી વિગતો ઉમેરવાની રહે છે. આ અને બીજા બનાવો, વિષયો અને વિચારો પર આ પુસ્તકના બીજા લેખોમાં વધુ માહિતી અને પ્રતિભાવો જોવા મળશે. અહીં એમના વૈચારિક જીવનની એક આછીપાતળી રેખા જ મૂકી છે. ઉમાશંકરના જન્મથી માંડીને ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધીની વિગતો લગભગ શબ્દશઃ એમણે પ્રો. બિપનચદ્ર અને પ્રો. મૃદુલા મુખરજીને ૧૯૮૫માં 'ભારતીય કૉંગ્રેસનો ઇતિહાસ'ના એમના પ્રોજેક્ટના ભાગ રૂપે આપેલી મુલાકાતની લગભગ ૨૦૦ ટાઇપ કરેલા પાનાની ટ્રાંસ્ક્રિપ્ટમાંથી ઉતારી છે. વિદ્યાપીઠની માહિતી '*૩૧માં ડોકિયું*ની સંવર્ધિત આવૃત્તિમાંથી લીધી છે. જ્યોત્સ્નાબેનનાં જીવન અને તેમનાં ઉમાશંકર સાથેના લગ્નની માહિતી જ્યોત્સ્નાબેનનાં ભાભી કુસુમબેન પ્રબોધચંદ્ર જોષી તેમ જ તેમનાં બહેનો (મામા દેવપ્રસાદ મહેતાની દીકરીઓ) જ્યોતિબેન દેવેન્દ્ર જોષી, ઉષાબેન ભાનુભાઈ ત્રિવેદી અને દક્ષાબેન ચૂનીલાલ મડિયા પાસેથી મેળવી છે. ૧૯૪૭ પછીની મોટા ભાગની માહિતી *સમયરંગ* અને *શેષ સમયરંગ*માંની એમની નોંધો અને લખાણોના સંદર્ભમાંથી મેળવી છે. ૧૯૬૬માં કુલપતિની ચૂંટણી થઈ તે પછીની કેટલીક વિગતો મારા સ્મરણમાં છે. બાકીની વિગતોનો સંદર્ભ લખાણમાં આપ્યો છે.

નહોતા પરંતુ બામણાથી લગભગ વીસ કિલોમીટર દૂર આવેલા અરવલ્લી પહાડોના વિશાળ વિસ્તારમાં વસેલા લુસડિયા ગામના વતની હતા. છપ્પનિયા દુકાળ વખતે ૧૯૦૦માં એમને પોતાનું મૂળ વતન છોડવું પડ્યું અને તેઓ બામણા આવીને વસ્યા.

બામણા એટલે બ્રાહ્મણોનું ગામ. ગામડાની ભાષામાં બ્રાહ્મણને બાહ્મણ કહે છે તે પરથી ગામનું નામ બામણા પડ્યું. બ્રાહ્મણોનું ગામ હોવા છતાં ત્યાં સરકારી શાળા ન હતી. ભાગ્યે જ દસ-બાર લોકો લખતા-વાંચતા જાણતા હશે. ઉમાશંકરના પિતાજી જે બહારથી આવેલા તે સૌથી વધુ સાક્ષર હતા કેમકે તે જ્યાંથી આવ્યા ત્યાં સાત ચોપડી ભણ્યા હતા. મિશનરીઓએ લુસડિયામાં આઈ. પી. મિશન સ્કૂલ સ્થાપી હતી જ્યાં પિતાજી સાત વર્ષ ભણ્યા. તેઓ ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી હતા અને ત્યાંના શિક્ષકો એમને પરદેશ ભણવા માટે મોકલવા માંગતા હતા. પરંતુ એમના નિરક્ષર, ખેડૂત પિતાને ડર હતો કે તેઓ એમને ખ્રિસ્તી બનાવી દેશે અને છ દીકરીઓ વચ્ચે એક દીકરો હોવાથી એને ખોવા નહોતા માંગતા. પિતાજી અંગ્રેજી નહોતા ભણ્યા. તેઓ નાની નાની ત્રણ જાગીરો –દેવની મોરી, સામેરા અને હાથરોલ–ના કારભારી બન્યા. એકમાં થોડાં ગામડાંઓ, બીજામાં ત્રણ અને ત્રીજામાં એક ગામડું હતું. પહેલામાં ૨૫ રૂ., બીજામાં ૧૫ રૂ. અને ત્રીજામાં ૬ રૂ. મળતા હતા. જાગીરો તરફથી એમને એક ઊંટ અને એક ઘોડો પણ મળ્યા હતા જે એ વખત માટે બહુ કહેવાય. બાળક ઉમાશંકરે નાનપણમાં ઊંટ પર સવારી પણ કરી હતી. વિદ્વાન હોવાથી પિતાજી અનેક લોકોના સંપર્કમાં આવ્યા. એમના ગામની પાસે આવેલા શામળાજીમાં મંદિર હતું અને ત્યાં અનેક સાધુઓ આવતા. છેક પંજાબથી સાધુઓ ત્યાં આવી વસતા. પિતાજીની કથાશક્તિ અદ્ભુત હતી અને તેથી એ ઘણા લોકોને ઓળખાતા. ઇડર રાજ્યના મુખ્ય પ્રધાન મુદલિયારની સાથે તેઓ સહજ રીતે વાતો કરી શકતા.

જેઠાલાલના પિતાજી કમળજી એક અશિક્ષિત ખેડૂત હતા. એમની પાસે ડુંગરિયાળ પ્રદેશની પોતાના કુટુંબને ચાલી રહે એટલી પૂરતી જમીન હતી. એ જમીન ઉપજાઉ હતી પરંતુ તેઓ કોઈ અર્થમાં મોટા ખેડૂત ન હતા. ગણોતધારાના અમલ વખતે કુટુંબે એ જમીન પરથી પોતાનો હક જતો કર્યો અને જે ખેડૂતો એ જમીન ખેડતા હતા એમને એની માલિકી સોંપી. બામણામાં પણ પિતાજીએ તળાવ પાસે થોડી જમીન ખરીદી હતી. બામણામાં જમીનનો પ્રશ્ન ન હતો પરંતુ ત્યાંની જમીન બહુ ઉપજાઉ ન હતી અને લોકો સારા ખેડૂતો ન હતા. લગભગ એક કિલોમીટર જ દૂર આવેલા રામપુર ગામની જમીન સારી હતી અને ત્યાં શેરડીનો પાક બહુ સારો થતો અને બામણાથી બાળકો ત્યાં શેરડીનો રસ પીવા જતાં. ત્યાં પાસે એક વણકરોનું ગામ પણ હતું જે

સરસ રીતે બાંધેલું હતું. ત્યાંના વણકરો પિતાજીને મળવા આવતા; જોકે થોડે દૂર બેસતા પણ એમને પણ બીજાના જેવો જ સત્કાર મળતો. છેવટે આ બધાં ગામોની જમીન તાલુકાએ લઈ લીધી કેમકે ત્યાં હાથમતી નદીનો એક મોટો બંધ બંધાયો અને બધી જમીન પાણીમાં ડૂબી ગઈ. તાલુકા ઓફિસે જમીનના બદલામાં ૫૦૦૦ રૂ. ઉમાશંકરના કુટુંબને ચૂકવ્યા હતા. આ દરમિયાન બામણાના ઘણા ખરા વતનીઓ ગામ છોડી મુંબઈ જઈને વસ્યા હતા. આજે તેઓ મુંબઈમાં વેપારીઓ છે અને પૈસે ટકે ઘણા સમૃદ્ધ છે. પરંતુ એ સમયમાં માટીનાં વાસણો વપરાતાં અને જ્યારે બે ભાઈઓ છૂટા થાય ત્યારે એમની વચ્ચે વહેંચવા માટે પિત્તળના બે લોટા પણ ન હતા.

પિતાજી બહુ વ્યવહારુ હતા, પણ સાથે સાથે આદર્શવાદી પણ હતા. એમનું મિત્રવર્તુળ ખૂબ મોટું હતું. એમના ઘણા મિત્રો મુસલમાન હતા. મામલતદાર હિમ્મતખાન એમના ખાસ નજીકના મિત્ર હતા.એ મિશનરી સ્કૂલમાં ભણ્યા હોવાથી એમના ખ્રિસ્તી મિત્રો પણ ઘણા હતા. એમના પિતાજી કમળજીની જમીન ટિમથી અને વિલિયમભાઈ જેમણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો તેમને આપી હતી. દરેક જાતના મિત્રો કેળવવાની એમને અદ્‌ભુત આવડત હતી. ગામમાં એ મિશન હૉસ્પિટલમાંથી ડૉક્ટર બોલાવી લાવતા. બાળક ઉમાશંકરના ઘરના આંગણામાં જ્યારે ડૉક્ટર જૉહ્ન આવતા ત્યારે આંગણું ગામ લોકોથી ભરાઈ જતું અને લોકો છેક ગલી સુધી ડૉક્ટરને મળવા માટે રાહ જોતાં ઊભા રહેતાં. આમ પિતાજીના સંબંધો ધર્મના બંધનોથી પર હતા અને આ બધા જ સંબંધો ગાઢ મૈત્રીના હતા. બાળપણમાં ઉમાશંકર પિતાજી જ્યાં કામ કરતા તે ગામોમાં અને ખાસ તો સૌંદર્યધામ શામળાજી રજાઓમાં જતા. એમના બાળમાનસ પર બ્રાહ્મણો સિવાયના સમાજના જીવનની અને સમગ્ર ગ્રામજીવનની અનેકવિધ છાપો શરૂથી જ ઝીલાઈ હતી.

ઇડરનું રાજ્ય ખૂબ અંદર ખૂણે હતું અને ત્યાંના રાજા બહુ જુલમી હતા. એમને બૉમ્બે પ્રેસિડેન્સીએ છેવટે હઠાવ્યા હતા અને કોઈ બીજાને રાજ્ય ચલાવવા મૂક્યા હતા. એ સમયમાં જ્યારે *નવજીવન* વાંચવું એ ઇડર રાજ્યમાં ગુનો ગણાતો ત્યારે પિતાજી *નવજીવન* મંગાવતા અને વાંચતા. ૧૯૨૦માં જ્યારે લોકમાન્ય તિલક ગુજરી ગયા ત્યારે એમણે ગામના લોકોને ભેગા કરીને આ ગંભીર સમાચાર આપ્યા હતા. તિલક મહારાજ પહેલી ઑગસ્ટને રવિવારે મૃત્યુ પામ્યા હતા. એ દિવસથી પિતાજીએ રવિવારે એક ટંક ભોજનનો ત્યાગ કર્યો હતો. આવી હતી રાષ્ટ્રીય ચળવળની અસર દૂરના એક ગામડામાં! ઇડર જેવા પછાત અને જુલમી રાજ્ય સુધી પણ એ પહોંચી હતી. ઉમાશંકરની ઉંમર એ વખતે નવ વર્ષની હતી. પિતાજી એક વખત અમદાવાદ

કે પ્રાંતિજ કે ક્યાંક ગયા હશે ત્યાંથી ખાદીનું એક પહેરણ પણ લાવ્યા હતા. એમને માટે એ મોટું હતું. બાળક ઉમાશંકરને એનું ખરબચડું પોત જોઈને કુતૂહલ થયું અને પિતાજીએ એ એમને પહેરવા આપ્યું. રાષ્ટ્રીય આંદોલનના છાંટા આમ એમને નાનપણથી જ લાગ્યા હતા.

બામણા ગામના લોકો બ્રાહ્મણ હોવા છતાં પછાત અને નિરક્ષર હતા. પરંતુ ઉમાશંકરના બા, નવલબા, જેમનું મૂળ નામ નર્મદા હતું, તે 'ગાણાનું ઝાડ' કહેવાતાં એટલેકે એમને અસંખ્ય ગીતો કંઠસ્થ હતાં. તેઓ પારંપારિક ગીતો, લગ્નનાં ગીતો, વ્રતોનાં ગીતો, લોકગીતો અને ઉત્સવોનાં ગીતો ખૂબ જાણતા હતાં. એમણે બહારની દુનિયા પણ જોઈ હતી. એમના પિતા ભાઈશંકર ઠાકોરના મામા સાધુ થયા હતા અને વડોદરામાં એમનું કેન્દ્ર હતું. આથી એમના પિતાજી સાથે નાની વયે તેઓ નડિયાદમાં થોડો સમય રહ્યાં હતાં અને જુદી જ જીવનરીતિનો અનુભવ મેળવ્યો હતો. આથી એમનામાં નિરીક્ષણ શક્તિ કેળવાઈ હતી. એમનામાં સુંદર ચીજો જોવાની આંખ હતી તેમ જ કલ્પનાશક્તિ અને વર્ણનશક્તિ અદ્‌ભુત હતી જેની અસર ઉમાશંકર પર પડી હતી.

બા હંમેશા કામમાં પરોવાયેલી રહેતી. એ ખેતરમાં કામ કરતી; ગાય-ભેંશ માટે ચારો લાવતી; એમની સંભાળ રાખતી; ઘરમાં ખાવાનું કરતી અને દળતી; શિયાળો પૂરો થતા બળતણ માટે ડુંગર પરથી લાકડાંની ભારીઓ લઈ આવતી; અને છાબડી ભરેલાં બાળકોની દેખભાળ કરતી. જેઠાલાલ અને નવલબાને સાત પુત્રો અને બે પુત્રીઓ હતાં: રામશંકર, છગનલાલ, ઉમાશંકર, ચુનીલાલ, પ્રાણજીવન, કાંતિલાલ, જશોદાબેન, કેસરબેન અને દેવેન્દ્ર. છગનલાલ અને પ્રાણજીવન નાની ઉંમરે જ ગુજરી ગયેલા. આ ઉપરાંત બા ગામને કૂવેથી રોજ પાણીના બબ્બે ઘડા ભરીને લાવતી અને ઘર છેક ગામને છેડે ખંભેરિયા ડુંગરની તળેટીએ ઊંચાણમાં હોવાથી ઘર આવતા સુધીમાં હાંફી જતી. ઉમાશંકરના મોટાભાઈ રામશંકરનાં લગ્ન મોડી ઉંમરે થયાં હતાં તેથી ઘરની બધી જ જવાબદારી ક્યાંય સુધી બાને શિરે હતી. જ્યારે મોટાભાઈ ઇડર ભણવા ગયા ત્યારે બાળક ઉમાશંકર અચાનક ઘરના વડીલ સભ્ય બની ગયા અને બાને નાની મોટી મદદ કરવા લાગ્યા. પરંતુ બાને કરવી પડતી મજૂરીનો કોઈને એ વખતે ખ્યાલ જ ન હતો.

બામણાના વતનીઓ ખેડૂત હતા. તેઓ માથે પાઘડી વીંટાળતા અને ટૂંકુ ધોતિયું અને ખુલ્લા શરીરે જનોઈ પહેરતા. પિતાજીએ ત્યાં શાળા ખોલવાનો પ્રયત્ન કર્યો અને સફળ પણ થયા. ઉમાશંકર આ શાળામાં શરૂઆતમાં ભણ્યા. શિક્ષક વારંવાર

ગેરહાજર રહેવાથી ચોથા ધોરણમાં એમણે એક વર્ષ ગાળ્યું અને બીજું પણ પૂરું થવામાં હતું ત્યારે પિતાજીએ ઇડર છાત્રાલયમાં મોટા ભાઈ પાસે એમને મોકલ્યા. પાંચમા ધોરણથી ઇડરની ઍંગ્લો-વર્નાક્યુલર શાળામાં એ દાખલ થયા. એમણે થોડા જ વખતમાં એક ખૂબ તેજસ્વી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ મેળવી. એમનું કદ બહુ નાનું હતું, જાણે કે એ વધવાનું જ ભૂલી ગયા હતા! પરંતુ એમની યાદશક્તિ અને કલ્પનાશક્તિથી શિક્ષકોના એ પ્રિય બન્યા. વર્ગના મુખ્યમંત્રી તરીકે અને પછી ક્યારેક હડતાળ પાડે ત્યારે નેતાગીરીની તાલીમ પણ એમને મળી. ઇડરની શાળામાં એમને જે શિક્ષકો મળ્યા તેવા જીવન દરમિયાન ક્યારેય નહોતા મળ્યા. શિક્ષકો તરીકે તો તેઓ ઉત્તમ હતા જ પરંતુ બાળકોના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ પણ તેમની અગ્રતા હતી. દસથી સોળ વર્ષ સુધી એ ઇડર છાત્રાલયમાં રહ્યા અને પટેલ, રાજપૂત અને આદિવાસી વિદ્યાર્થીઓનો પરિચય થયો અને અનુભવવિશ્વ વિસ્તર્યું. છાત્રાલયમાં ગામની ગુજરાતી શાળામાં ભણતા પન્નાલાલ પટેલનો પરિચય પણ થયો. એમનું વાચન પણ શરૂ થયું હતું. બાળપણમાં પિતાજી ‘સસ્તું સાહિત્ય’ની વિવિધ ગ્રંથમાળાનાં પુસ્તકો વાર્ષિક લવાજમથી મંગાવતા. એમાં કેટલાંક ચરિત્રો વાંચેલા. બંકિમચંદ્રનાં *કૃષ્ણકાંતનું વિલ* અને *ધરમતત્વ*ની પ્રસાદી પણ મળેલી. [*નિશ્રેના મહેલમાં*, પૃ. ૪] ઇડર શાળામાં હેડમાસ્ટરના ટેબલ પરના એન.એમ. ત્રિપાઠી પ્રકાશક કંપનીનાં પુસ્તકોના સૂચિપત્રને જોઈને એમની વાચનભૂખ ઊઘડી. *દલપતકાવ્ય* અને *કાવ્યમાધુર્ય* વાંચવા મળ્યાં અને *સરસ્વતીચંદ્ર*નો પહેલો ભાગ વાંચ્યો. લૉર્ડ ઓવેબારીના *પ્લેઝર્સ ઑફ લાઇફ*નો ગુજરાતી અનુવાદ *સંસારનાં સુખ* એમનું એ વખતનું પ્રિય પુસ્તક હતું. મોટાભાઈએ મુંબઈથી ચાર્લ્સ અને મૅરી લૅમ્બની શેક્સ્પિયરકથાઓ મોકલેલી તે પણ વાંચી. ઇડરમાં નાટકમંડળીઓ આવતી તેનો આનંદ પણ લૂંટતા. ઇડરમાં છ વર્ષના અભ્યાસ દરમિયાન એમણે કવિતા અને નવલકથા પર હાથ અજમાવવાનું શરૂ કર્યું હતું.

પરંતુ ઇડર –જે એ વખતે લગભગ ૪,૦૦૦ જેટલી વસ્તી ધરાવતું હતું–નું મુખ્ય આકર્ષણ એનું કુદરતી સૌંદર્ય હતું. શાળામાંથી છૂટીને તેઓ આંબાવાડિયામાં કે ઇડરના પથ્થરો પર દોડી જતા જેના વિશે એમણે પછીથી કવિતા પણ લખી છે. શાળામાંથી શિક્ષકો વિદ્યાર્થીઓને લાંબે સુધી ફરવા લઈ જતા. તેમ જ મેળાઓમાં પણ તેઓ જતા. જે બાળકની કલ્પનાશક્તિ પહેલેથી જ વિકસેલી હતી એને માટે ઇડરનું વાતાવરણ – ડુંગરિયાળ રસ્તાઓ, ઝરણાંઓ અને નદીઓ, વાદળો અને શ્રાવણી મેળાઓ – ખૂબ જ આદર્શ હતું. ઉપરાંત જુદી જુદી ઋતુઓમાં બામણાથી ઇડર

અને ઇડરથી બામણા વહેળાઓ, નદીઓ, જંગલો અને ડુંગરો ઓળંગીને વારંવાર ચાલતા જતા એટલે કુદરત સાથે સમય વિતાવવાનો અને નજીકથી હાથ મિલાવવાનો અનુભવ પણ એમને મળ્યો.

## ૨

ઇડરમાં છ વર્ષ ભણ્યા પછી મૅટ્રિકની કક્ષાના ભણતર માટે ૧૯૨૭માં ઉમાશંકર અમદાવાદ આવ્યા. અમદાવાદની સૌથી સારી ગણાતી પ્રોપરાયટરી હાઇસ્કૂલમાં એ જોડાયા. એ શાળા પહેલાં ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાયેલી હતી અને પછીથી બૉમ્બે યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી. એના હેડમાસ્ટર જીવનલાલ દીવાનસાહેબ કૉંગ્રેસ પાર્ટીના સેક્રેટરી હતા અને પ્રિન્સિપાલ બલવંતરાય પરમોદરાય ઠાકોર અમદાવાદ મ્યુનિસિપાલિટીના ઉપ-પ્રમુખ હતા જેના પ્રમુખ સરદાર વલ્લભભાઈ હતા. ઉમાશંકરના ભાઈ બીજી એટલી જ સારી શાળામાં ભણતા હતા. પરંતુ રાષ્ટ્રીય ચળવળમાં રસ હોવાથી ઉમાશંકર આ શાળામાં જોડાયા જેથી એ વિશે જાણવા મળે. પંદર દિવસમાં જ બલ્લુભાઈને ખબર પડી કે એક તેજસ્વી વિદ્યાર્થી નાના ગામથી ભણવા આવ્યો છે. તેમણે એમને ભણવાના ખર્ચ વિશે પૂછ્યું અને જ્યારે ઉમાશંકરે કહ્યું કે કેવળ અર્ધી ફીના પૈસા એમને ક્યાંકથી મળતા હતા ત્યારે બીજી અર્ધી ફીના પૈસા આપવાની પોતે જ સગવડ કરી જેથી એક વિદ્યાર્થીને નીચા જોવાપણું ન રહે. એક ઉત્તમ શિક્ષક હોવા ઉપરાંત બલ્લુભાઈ વિદ્યાર્થીના અંગત જીવનમાં પણ રસ લેતા અને એના સગા-સંબંધી વિશે પણ માહિતી રાખતા. બીજા શિક્ષક દીવાન પણ દિલ રેડીને ભણાવતા. જ્યારે એમણે જાણ્યું કે ટર્મીનલ પરીક્ષામાં ઉમાશંકર કેવળ દરેક વિષયમાં જ નહીં પરંતુ દરેક વિષયના દરેક વિભાગમાં પણ સૌથી વધારે ગુણ સાથે પાસ થયા હતા ત્યારે એમણે અપવાદ કરીને એમને એમના વર્ગના મંત્રી તરીકે ચૂંટણી કર્યા વગર જ નીમ્યા. ઉમાશંકર શરીરે નબળા હતા એટલે દીવાન એમના સ્વાસ્થ્યમાં પણ રસ લેતા હતા. આમ વિદ્યાર્થીઓ માટે શિક્ષકોનો અંગત રસ અને રાષ્ટ્રીય ચેતનાનો આવિર્ભાવ એ શાળાજીવનના મુખ્ય અનુભવ હતા. ઉમાશંકર નિયમિત અખાડામાં જતા હતા અને પ્રિલિમ પરીક્ષા પછી રોજ ચાલવા જતા હતા જેથી માંદા ન પડે. મૅટ્રિકની પરીક્ષામાં એ અમદાવાદ કેન્દ્રમાં પહેલે નંબરે પાસ થયા અને બૉમ્બે પ્રેસિડેંસીમાં ત્રીજે નંબરે આવ્યા. એ સમયે બૉમ્બે પ્રેસિડેંસી છેક કર્ણાટક અને સિંધ સુધી ફેલાયેલી હતી. પ્રેસિડેંસીમાં ત્રીજેથી આઠમા નંબર સુધી અમદાવાદના વિદ્યાર્થીઓ હતા જે બધા પછી ગુજરાત કૉલેજમાં જોડાયા.

આ સમય દરમિયાન એમના પિતાજી કારભારી રહ્યા ન હતા અને કુટુંબની આર્થિક સ્થિતિ બહુ સારી ન હતી. પરંતુ મૅટ્રિકમાં ઊંચો નંબર મળવાથી ઉમાશંકરને માટે આગળ ભણવાનું સરળ બન્યું કેમકે એમને કૉલેજમાં શિષ્યવૃત્તિ મળી. ૧૯૨૮માં એ ગુજરાત કૉલેજમાં દાખલ થયા અને એ જ વર્ષે ઑક્ટોબરમાં સાયમન કમિશનના વિરોધમાં વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો. કૉલેજના પ્રિન્સિપાલ મૂળ સ્કૉટલૅંડના વિદ્વાન અર્થશાસ્ત્રી શિરાઝે વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા સમજાવ્યા અને છેવટે એમને ત્રણ રૂપિયા દંડ પણ કર્યો. છતાં પણ વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો.

દિવાળીની રજાઓ દરમિયાન ઉમાશંકર બીજા બે મિત્રો દેવશંકર જોષી અને ભુલેશ્વર જોષી સાથે ૧૫ રૂ. ઉછીના લઈ આબુના પ્રવાસે ગયા. ૬ રૂ. ટ્રેનની મુસાફરીમાં ગયા. બાકીનો પ્રવાસ એમણે પગપાળા કર્યો. આ પ્રવાસ દરમિયાન એમણે એમનું પહેલું કાવ્ય 'નખી સરોવર પર શરત્પૂર્ણિમા' લખ્યું જે કૉલેજના મેગેઝિનમાં છપાયું હતું. આ ઉપરાંત એ સંસ્કૃતમાં પણ કવિતા કરતા જે પણ મેગેઝિનમાં છપાઈ હતી. મૅટ્રિકની પરીક્ષામાં એમણે અંગ્રેજી ફકરાનો અનુવાદ સંસ્કૃતમાં કર્યો હતો અને તે પણ પદ્યમાં. નાતાલની રજાઓમાં પણ એ ભૂલેશ્વર સાથે ઇડર, તારંગા વગેરે સ્થળોએ ફરવા ગયા હતા અને ત્યાંથી પ્રાંતિજ યુવક સંમેલનમાં ગયા હતા જ્યાં એમને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ રમણલાલ સોની, ભોગીલાલ ગાંધી અને મૂળશંકર ભટ્ટ તેમ જ પ્રો. કીકુભાઈ દેસાઈની ઓળખાણ થઈ.

નાતાલની રજાઓ પછી ૧૯૨૯ના જાન્યુઆરીની બીજી તારીખે જ્યારે કૉલેજ ખૂલી ત્યારે વિદ્યાર્થીઓએ, સાયમન કમિશનની સામે કરેલા વિરોધ બદલ તેમને થયેલી સજા અને દંડના વિરોધમાં, કૉલેજનો બહિષ્કાર કર્યો અને ગુજરાત કૉલેજની ૩૪ દિવસની મોટી હડતાલનો આરંભ થયો. બીજી તારીખે મિટિંગમાં રોહિત મહેતાએ ભાષણ કર્યું અને એ નેતા બન્યા. હડતાલનું આહ્વાન જોકે યૂથ લીગના નેતાઓએ આપ્યું હતું. આ હડતાળ દરમિયાન નરેન્દ્ર દેવ, ગણેશ માવલંકર અને ખાસ તો કૃપાલાની વિદ્યાર્થીઓને સંબોધતા. વિદ્યાર્થીઓ એ હડતાળ જીત્યા અને ઉમાશંકર ત્રીજા વર્ગ સાથે કૉલેજના પહેલા વર્ષમાં પાસ થયા. ઉમાશંકર માટે રાષ્ટ્રીય ચળવળનો આ પહેલો સીધો અનુભવ હતો. એ વખતે ભગતસિંહે ઍસેમ્બલી પર બૉમ્બ ફેંક્યો હતો એના પડઘા અહીં પણ પડ્યા હતા જેની અસર એમના વિચારો પર પણ પડી હતી કે સમયનું આહ્વાન ઝીલવું અને જ્યાં હોઈએ ત્યાંથી લડવું. જ્યારે એમના મામાએ બધું બાજુ મૂકી અભ્યાસ પર ધ્યાન રાખવા એમને જણાવ્યું ત્યારે એમણે

મામા અને અન્યને લખેલા પત્રમાં એ વખતે એમના મનમાં શા વિચારો હતા તેનો ખ્યાલ આવે છે: 'આજ નવનવ દિવસથી સ્ટ્રાઈક ચાલુ છે. અને કૉલેજના કંપાઉંડમાં પણ કોઈ પ્રવેશતું નથી. બહાર રોજ સભા કોઈ અગ્રણીના પ્રમુખપદે ભરાય છે અને વિદ્યાર્થીઓમાં નવીન જોમ ઉભરાય છે. હવે ત્રણ રૂપિયા કે પુનઃપરીક્ષા એવું કશું રહ્યું નથી; હવે તો ચોક્ખો 'રાજનૈતિક સવાલ' ખડો થયો છે. ઘમંડી કારભારીઓની મરજીને હિન્દનો યુવાન વશ થશે, કે હિન્દના યુવકની મરજીનો અમલ થશે? આ પ્રશ્ન અત્યારે ધુંધવાયો છે. જ્વાલાઓ સળગશે, દિશદિશમાં ભભુકશે; અત્યાચાર ક્યાંય બળીને રાખ થઈ જશે.' [*પત્રો: ૧૯૨૮-૧૯૫૦*, પૃ. ૯]

કૉલેજના અભ્યાસ દરમિયાન ૧૯૨૯-૩૦માં ઉમાશંકર મીઠાખળીમાં એક રૂમમાં એમના ગામની પાસેના ગામના એમના મિત્ર ભુલાભાઈ જોષી સાથે રહેતા હતા જેમની સાથે તે આબુ ગયા હતા. ભુલાભાઈ પણ કુદરત અને કવિતાના અઠંગ ચાહક હતા. આ સમય દરમિયાન ઉમાશંકર રોજ સવારે અને સાંજે સાબરમતી નદીએ દોડવા અને તરવા જતા. રાતે વાંચવાનું પૂરું થાય કે એકલા નદીની રેતમાં ફરવા પણ જતા. એમનું શરીર નબળું હતું. જો શરીર મજબૂત ન હોય તો સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ ન લઈ શકાય એટલે શારીરિક રીતે બરાબર તૈયાર થવું જોઈએ એથી વ્યાયામ કરતા. આ સમયે કૉલેજના બીજા વર્ષમાં પણ રાષ્ટ્રીય ચળવળની પ્રવૃત્તિઓમાં સામેલ થવાની તક એમને મળતી રહી. સાયમન કમિશન વખતે ૧૯૨૮માં જ ઝીણાની એક અતિ વિશાળ સભા સાબરમતીની રેતીમાં યોજાઈ હતી. એમને જોવા સાંભળવાનો લહાવો જુવાન આદર્શવાદી છોકરાઓ માટે મોટો હતો. એ જ વર્ષે જુલાઈમાં સરદાર વલ્લભભાઈ બારડોલી સત્યાગ્રહના મહા-નાયક તરીકે અમદાવાદ આવ્યા ત્યારે તેમની એક મોટી રેલી યોજાઈ હતી. આ દિવસો ખૂબ ઉત્તેજનાના દિવસો હતા. ડિસેમ્બર ૧૯૨૯માં અમદાવાદમાં કમલાદેવી ચટ્ટોપાધ્યાયના પ્રમુખસ્થાને બૉમ્બે પ્રેસિડેંસી યૂથ લીગની કૉન્ફરન્સ ભરાઈ હતી. એ જ વખતે જમાનાદાસ મહેતાના પ્રમુખપદે ભારતની આઝાદી ઉપર કૉન્ફરન્સ યોજાઈ હતી જેમાં વટવાના બુખારીએ 'લૉંગ લીવ રેવોલ્યુશન'નો નારો સિંહનાદે કર્યો. ઉમાશંકર જેવાના જુવાન માનસ પર 'ઇન્કલાબ ઝિંદાબાદ' એ નારો ભારતની રાજકીય આઝાદી માટે અને 'લૉંગ લીવ રેવોલ્યુશન'નો નારો જે માર્ક્સવાદી ક્રાંતિ માટે હતો – જેમાં કેવળ બ્રિટિશ લોકોથી મુક્તિ જ નહીં પણ આર્થિક અને બીજી સમસ્યાઓ માટેની સંપૂર્ણ ક્રાંતિની હાકલ હતી– તે બે વચ્ચેનો ભેદ ત્યારથી જ નોંધાયો. માર્ક્સવાદી અસરનું એક બીજું પરિમાણ ગીતો હતાં. ઝવેરચંદ મેઘાણીએ 'સેકન્ડ ઇન્ટરનેશનલ'નો અનુવાદ 'જાગો જગના ક્ષુધાર્ત'

કર્યો હતો જે એ સિંહનાદે ગાતા હતા. બીજું એક હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયનું ગીત હતું કે જ્યારે લોકોને ખાવાનો ટુકડો નથી મળતો ત્યારે તમે સાંજ અને તારાના સૌંદર્યની વાત કેમ કરી શકો? આ ગીતોની એમના પર અસર પડી હતી.

અમદાવાદમાં ઘણી સભાઓ થતી જેનો યુવાનોને લાભ મળતો. ઉમાશંકર કૉલેજના બે વર્ષો દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના એક્સ્ટ્રા-મ્યૂરલ વિદ્યાર્થી પણ હતા. જ્યારે જ્યારે ગાંધીજી ત્યાં હોય કે કોઈ મોટા નેતાઓ આવ્યા હોય કે કૉંગ્રેસ વર્કિંગ કમિટીની મિટિંગ હોય તો એ અચૂક ત્યાં જતા અને નેતાઓને સાંભળતા. કૃપાલાનીજીને સાંભળવાનું એ ક્યારેય ચૂકતા નહીં. ૧૯૩૦માં વલ્લભભાઈએ વિદ્યાપીઠમાં દીક્ષાંત પ્રવચન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને ઇતિહાસ રચવાનું આહ્‌વાન આપ્યું હતું.

૧૯૩૦માં ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહનો કાર્યક્રમ આપ્યો. ૧૨મી માર્ચે દાંડી કૂચનો આરંભ થવાનો હતો. ૧૧મીએ સાંજે નદીની રેતમાં મોટી સભા થઈ જેમાં આખું શહેર ઊમટ્યું હતું. જવાહરલાલ નહેરુ પણ ત્યાં હતા અને બીજા પણ અનેક નેતાઓ હતા. એક વિશાળ સમુદાય જાણે એક ઝંઝાવાત બની ગયો હતો. મેઘાણી પણ ત્યાં હાજર હતા. ઉમાશંકર એમના બે મિત્રો સાથે ત્યાં હતા અને ચળવળને પાયામાંથી જ તોડવા ગાંધીજીને કદાચ રાતે જ પકડી લે એ શંકાથી આખી રાત ત્યાં જાગતા રોકાયા. સવારે ગાંધીજી એક નિર્દોષ હાસ્ય સાથે બીજા ૮૧ સભ્યોને લઈને 'વૈષ્ણવજન'ની ધૂન સાથે જાણે દોડ્યા અને નદી પાર કરે ત્યાં સુધી હજારોની સંખ્યામાં લોકો એમની પાછળ જોડાયા.

૨૪મી માર્ચે ઉમાશંકરે ઇંટર આર્ટ્સની પરીક્ષા આપી અને ૬ઠ્ઠી એપ્રિલે વીરમગામ છાવણી જવાનો એમને આદેશ મળ્યો. વીરમગામ છાવણીમાં જવા માટે એક સ્વાતંત્ર્ય સૈનિક તરીકે ફોર્મ ભરતી વખતે લડતમાં શા હેતુથી જોડાયા છો એના જવાબમાં એમણે લખ્યું હતું કે જીવનનું નિયામક તત્વ પશુબળ નહીં પણ પ્રેમ છે એમ આ ધર્મયુદ્ધ દ્વારા સાબિત કરી ...વિશ્વશાંતિની એવી ઇમારતની ઈંટ બનવું. ગાંધીજી જ્યારે ધારાસણામાં મીઠાના કાયદાનો સવિનય ભંગ કરી રહ્યા હતા ત્યારે વીરમગામ નજીક ખારાઘોડામાં ઉમાશંકર અને બીજાઓએ સરકારી મીઠું લીધું. એમની પાછળ ઘોડા પર સવાર પોલીસ પડી અને એમને લાઠીચાર્જ થયો જેનાં ચિહ્નો છેક સુધી એમના શરીર પર હતા. સૈનિકો મીઠું લઈને દોડતા હોય ત્યારે વચ્ચે આવતાં ખેતરોના ખેડૂતો એમને પોતાના ગાડામાં બેસાડીને લઈ જતા, કશીય આફતની ફિકર વગર. પછીથી તો આ એક પ્રવૃત્તિ જ બની ગઈ કે દેશી રજવાડાથી મફત મીઠું ચોરી, એ કોન્ટ્રાબાંડ મીઠું લાવવું. વીરમગામ પહેલાંના એક સ્ટેશને ઊતરી જવું. ત્યાં ઘોડેસવાર

પોલીસ એમણે લાવેલું મીઠું ઝૂંટવી લેતી અને એમનો પીછો કરતી ત્યારે દોડતા દોડતા ૬ માઈલ દૂર વીરમગામ પહોંચતા. આ હતો એમનો સત્યાગ્રહનો પહેલો મોટો પ્રયોગ. આના ઉપર એમણે કવિતા પણ લખી હતી જેને કારણે અને ફોર્મમાં જોમથી વિશ્વશાંતિની ઈમારતની ઈંટ બનવાની બતાવેલી આશામાંની ભાષાની છાંટને કારણે છાવણીના સંચાલક ચમનલાલ વૈષ્ણવે એમને *વીરમગામ સત્યાગ્રહ સમાચાર* પત્રિકા ચલાવવાનું કામ સોંપ્યું. ઉમાશંકર આમ એક સત્યાગ્રહીની સાથે સાથે એક ઊગતા કવિ અને પત્રકાર તરીકેની તાલીમ પણ પામી રહ્યા હતા. એમની ઉંમર ૧૯ વર્ષની હતી અને છાવણી એ એમની યુનિવર્સિટી હતી જ્યાં દરેક કદમે શીખવાનું જ હતું. એમણે જાહેરમાં બોલવાનું પણ શરૂ કર્યું હતું. આ સમયે લોકો આદર્શની ભરતીની સાથે ઊંચકાયા હતા કેમકે પરદેશીના ગુલામ હોવું એ કોઈ પણ આત્મ-સન્માન ધરાવતી વ્યક્તિ માટે અપમાનજનક હતું.

પત્રિકામાં એ જે કંઈ બનતું એ વિશે લખતા. બ્રિટિશ અધિકારીઓની મશ્કરી કરવાનું ક્યારેય ચૂકતા નહીં. ઉપરાંત માહિતી જેમ કે ચરખા કયા કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા; યુનિફોર્મ માટેની ખાદી કયા કેન્દ્ર પરથી મળશે; અમુક ગામમાં કેવી જાતનો કેર વરતાવ્યો; આસિસ્ટન્ટ કલેકટરે સ્ત્રીઓની પાછળ સેવકોને પાણી પીવડાવવા બદલ ઘોડા દોડાવ્યા વગેરે અનેક જાતના ખબરો છાપતા. સી.આઈ.ડીના માણસો એમના ભડકાવનારા લખાણોથી વાકેફ હતા.આ દરમિયાન નાનાભાઈ ભટ્ટે એમને કેવળ વીરમગામ જ નહીં પરંતુ તાલુકાની બધી જ છાવણીઓના ઉપરી નીમ્યા. સ્વયંસેવકોની બદલી, છાવણીમાં ખાવાનું વગેરે ગોઠવવું, આ જાતની અનેક કામગીરીમાં જોડાયા. પ્રાથમિક શાળામાં વર્ગ-મંત્રી હતા એનો અનુભવ અહીં કામ આવ્યો. છાવણીના નિવાસ દરમિયાન સૌથી વધારે અગત્યની વાત તો સમાજના વિભિન્ન ક્ષેત્રના લોકોના સંપર્કમાં આવવાનું અને એમની સાથે મિત્રતા કેળવવાનું બન્યું એ હતી. નાનાભાઈ ભટ્ટ અને કૃષ્ણલાલ શ્રીધરાણીનો પરિચય અને મૈત્રી એનો અદ્‌ભુત પુરાવો છે. આ સમય દરમિયાન એમણે અનેક કવિતાઓ પણ લખી. જ્યારે સી.આઈ.ડી.ની પૂછપરછ વધી ત્યારે નાનાભાઈએ એમને છાવણી છોડી ગામે ગામે ફરવાની સલાહ આપી. ૧૫ દિવસ પછી એમની ધરપકડ થઈ.

એ સમય દરમિયાન ગામડાંઓના સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રશ્નો સાથે સંકળાવવાનું અને નાના મોટા પ્રશ્નો હલ કરવાનું કામ કર્યું. જેમકે અસ્પૃશ્યતાનો પ્રશ્ન. પરંતુ ખાસ તો, રાજકીય ચળવળમાં જોડાયા હોવા છતાં સમાજના સામૂહિક જીવનના પ્રશ્નો સાથે જોડાવાનું અને કામ કરવાનું બન્યું એને પરિણામે એમણે એક

વ્યાવહારિક સમજ કેળવી. જે અનુભવ પાછળથી યુનિવર્સિટીમાં કુલપતિ થયા ત્યારે પણ કામ આવ્યો. સાંજ પડે એક ગામ પહોંચી જવાનું; મંદિરે રહેવાનું ને કોઈને ઘેર જમવા જવાનું; લોકોના પ્રશ્નો સાંભળી ઉકેલવાના; ભાષણો આપવાના; વખત મળે ને કોઈ તળાવ જેવું હોય તો નાહવાનું. પોતે જે સમાજમાં ઉછર્યા હતા એનાથી બિલકુલ જુદા જ પ્રકારના સમાજનો આ રીતે અનુભવ થયો. પોતાના સમાજની રૂઢિઓનો પણ એમને ખ્યાલ આવ્યો અને એનો વિરોધ એમના કુટુંબીઓને વીરમગામ છાવણીથી લખેલા પત્રોમાં જોરથી દર્શાવ્યો. એમના કુટુંબમાં યોજાયેલા બાળ-લગ્નનો વિરોધ કરતાં લખ્યું કે 'સ્ત્રીઓની કિંમત આપણે ત્યાં બચ્ચાં જણનાર યંત્ર સિવાય બીજી કશી નથી... આખી સ્ત્રીજાતિની છડેચોક હાંસી થાય છે, નિર્લજ્જ અપમાન થાય છે. બાળકો પર નિર્દયતા ગુજરે છે.' [*પત્રો: ૧૯૨૮-૧૯૫૦*, પૃ. ૧૫–૧૬] આ પત્રોમાં રૂઢિની રાક્ષસી જાળમાં ફસાયેલા સમાજ પ્રત્યે ખુલ્લી બળવાખોરી જોઈ શકાય છે. પિતાજીને લખેલા એક પત્રમાં એમણે પોતાના વિશે લખતા જણાવ્યું હતું કે ૧૮થી ૨૨ વર્ષના વર્ષોને એ 'મંથન'નાં વર્ષો ગણે છે અને એમના જીવનના આ વર્ષોમાં એમણે આત્મનિર્ણયની ટેવ કેળવી હતી અને સામાજિક બાબતોમાં સ્વજનોને ન ગમતા કાર્યો પણ કરવા તૈયાર હતા. [પૃ. ૧૭–૧૯] જ્ઞાતિપ્રથાના વિરોધમાં એમણે યજ્ઞોપવિતનો ત્યાગ કર્યો હતો.

સત્યાગ્રહ દરમિયાન એ જે ગામોમાં ફરતા તે ગામના લોકોનો મોટો વર્ગ તેમની સાથે હતો. છેલ્લા ગામમાં ચોકમાં સભાને સંબોધી અને કહ્યું કે સ્વરાજ્ય એ આપણો જન્મસિદ્ધ હક છે; આપણા નેતાઓ જેલમાં છે; પરદેશીઓને આ રીતે હુકમ ચલાવવાનો કોઈ અધિકાર નથી; એમનો વિરોધ કરવા આપણે આવી આવી યુક્તિઓ અપનાવવી જોઈએ. આપણે પોતાનું કપડું બનાવવું જોઈએ; ઊંચનીચના ભેદભાવ ન રાખવા જોઈએ; આપણે નવો સમાજ રચવો જોઈએ વ. આ ભાષણ દરમિયાન એક નવા કવિ અને જાહેરજીવનની વ્યક્તિનો જન્મ થયો હતો. જેવું ભાષણ પૂરું થયું કે તેમની ધરપકડ કરવામાં આવી.

વીરમગામની કોર્ટમાં પેશ થયા પછી ૧૪ અઠવાડિયા સુધી એમને ત્યાં કાચી જેલમાં પોલીસ થાણામાં રાખ્યા. દિવસ દરમિયાન લાઇબ્રેરીમાં પુસ્તકો વાંચવાની રજા હતી પણ રાતે સૂવાનું થાણામાં. ત્યાંથી એમને સાબરમતી જેલ લઈ ગયા. થોડા વખત પછી એમને યરવડા જેલમાં મોકલવામાં આવ્યા. આમ ૧૯૩૦માં એપ્રિલથી નવેમ્બર સુધી એ વીરમગામ રહ્યા અને સૌરાષ્ટ્રમાં જન્મ્યા વગર જાણે ત્યાંના વતની થઈ ગયા અને અનેક લોકોના પરિચયમાં આવ્યા.

ગાંધીજી એ વખતે યરવડાની સેન્ટ્રલ જેલમાં હતા. અમદાવાદથી ગયેલા કેદીઓને તંબૂમાં રાખતા. એક તંબૂમાં ૧૦૦ જણા સૂતા. જેલમાં કેદીઓને ચક્કી પીસવી વગેરે સખત મજૂરી કરવી પડતી. પોલીસ કેદીઓ પર ખૂબ ત્રાસ ગુજારતી અને મારતી. સીધા સાદા કેદીઓ ચક્કી પીસતા ત્યારે 'પરસેવો કેમ પડતો નથી?' કહી એમને લોહી નીકળે ત્યાં સુધી મારતા. ઉમાશંકર અને થોડા કેદીઓએ એમનાથી ગભરાયા વિના અને અંજાયા વિના સામે ચાલીને ચક્કી પીસવાનું કામ માંગ્યું અને આમ અમલદારોની પકડને ઢીલી કરી નાખી. વળી જેલનિવાસ પૂરો થતાં વધારે રહેવાની ઇચ્છા બતાવીને પણ એમની સખતાઈની મજાક ઉડાવી. આવી જાતની રાષ્ટ્રીય ચેતનાના એ દિવસો હતા! સવારે ૪ વાગ્યે ચક્કી પર લાગી જવાનું અને ૧૨ વાગ્યા સુધી પીસવાનું. પણ બાકીનો દિવસ એ કેદીઓ માટે યુનિવર્સિટી બની જતો કેમકે ત્યારે એ ખૂબ વાંચતા. ત્યાં એમનો માર્ક્સવાદનો અભ્યાસ શરૂ થયો. છેક ૧૯૩૦માં એ *દાસ કેપિતાલ* અને *કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો* વિશે જાણતા હતા. જો કે એ વખતે એમણે એ વાંચ્યાં ન હતાં. એમનો ગંભીર અભ્યાસ ૧૯૩૨માં શરૂ થયો જ્યારે વિભિન્ન ક્ષેત્રના મિત્રો સાથે અનેક વિષયો પર ચર્ચા થતી. ઉમાશંકર માર્ક્સવાદી ન હતા. પરંતુ ક્યારેય એમણે માર્ક્સને છોડ્યા ન હતા. એમના વ્યક્તિત્વના ઘડતરના માર્ક્સ એક અગત્યનો ભાગ હતા.

ફેબ્રુઆરી ૧૯૩૧માં એ જેલમાંથી છૂટ્યા અને માર્ચની આઠમી તારીખે કરાંચીમાં કૉંગ્રેસ અધિવેશનની જાહેરાત થઈ. કેટલાક મિત્રોએ વિચાર્યું કે કરાંચી જવું. વીરમગામથી જામનગર પાસે બેડી બંદરથી જાફરી નામના સઢવાળા નાના જહાજમાં દરિયા માર્ગે વીસેક સ્ત્રી અને પુરુષો કરાંચી જવા નીકળ્યા. પવન આડો ફંટાતો હોઈ ત્રણને બદલે સાત દિવસે કરાંચી પહોંચ્યા. આ એમનો સમુદ્રનો પહેલો અનુભવ હતો. કરાંચી કૉંગ્રેસમાં ભગતસિંહની હત્યાના ઓળા પડ્યા હતા. ગાંધીજીને કાળા વાવટાઓનો સામનો કરવો પડ્યો હતો. સુભાષચંદ્ર બોઝ પણ ત્યાં હતા અને અલગ સભાઓને સંબોધતા હતા. કરાંચી કૉંગ્રેસમાં 'મૂળભૂત અધિકારો'નો પ્રસ્તાવ પણ રજૂ થયો હતો. જો કે ઉમાશંકર અને એમના યુવાન મિત્રો માટે ત્યાં હાજર હોવું એ જ એક મોટા ઉત્સવ જેવું હતું. કૉંગ્રેસ અધિવેશન પછી એ કરાંચી થોડા દિવસ યરવડામાં સાથે ચક્કી પીસતા કવિ મિત્ર જયંતિલાલ આચાર્યને ત્યાં રોકાયા અને કરાંચી શહેરનો અને દરિયાનો અનુભવ કર્યો તેમ જ કવિતા લખી. પાછા વળતાં ટ્રેઇનથી એક સ્ટેશને ઊતરી ઇન્ડસ નદીને કિનારે એના પાણીનો સ્પર્શ કરી, પુલ ઓળંગી બીજી ટ્રેઈનથી માલવા જંકશન પહોંચી અમદાવાદ પાછા ફર્યા.

## ૩

કરાંચીથી પાછા આવીને ઉમાશંકર ફરી આગળ અભ્યાસ માટે ગુજરાત કૉલેજમાં ન જોડાયા. ડિગ્રી કે વ્યવસાયનો વિચાર એમના માટે અગ્રતા ધરાવતો ન હતો. એમને લાગતું હતું કે ચળવળ ફરી જોરથી શરૂ થશે. એ વખતે કાકાસાહેબ કાલેલકર ગૂજરાત વિદ્યાપીઠમાં હતા. જૂન ૧૯૩૧થી વરસના અંત સુધી એ વિદ્યાપીઠ રહ્યા. એ માનતા હતા કે જીવનની સાચી કેળવણી આપે એ જ સાચી શિક્ષણ સંસ્થા. વળી એમને લાગ્યું કે અભ્યાસ કરવો હોય તો એકાદ ગ્રંથાલય બસ છે. આધુનિક જમાનાની સર્વોત્તમ યુનિવર્સિટી એ પુસ્તકો છે એ કાર્લાઇલના વચન મુજબ એમણે વિદ્યાપીઠની ઉત્તમ લાઇબ્રેરીનો લાભ લેવાનું વિચાર્યું. કાકાસાહેબે એમને પોતાના તરફથી દર મહિને ૧૫ રૂ. ખર્ચ માટે આપ્યા અને દિવસના છ કલાક ખાદી પાછળ આપવા એમ નક્કી થયું. આ સમય દરમિયાન એ રોજ અમદાવાદ શહેરમાં કાપડની દુકાનો આગળ પિકેટીંગ કરતા. પરંતુ મનમાં એક મોટું ઘમાસાણ મચ્યું હતું તે એ હતું કે અભ્યાસ કે કામને અગત્યતા આપવી? કાકાસાહેબ તેમને ચાનક આપ્યા કરતા હતા કે દિવસમાં કેટલા કલાક અભ્યાસમાં/લેખન/વાંચનમાં, કેટલા કામમાં/સેવામાં, કેટલા આરામ, વિનોદમાં અને કેટલા ઉદ્યોગમાં વાપરતા હતા તેનો હિસાબ રાખવો એટલે અરીસાની જેમ ચોખ્ખું તારણ નીકળશે. આ માટે તે વાસરી લખતા જેમાં દરરોજના કામનો હિસાબ હોય. પણ વાંચન અને ફરજ વચ્ચે ખેંચતાણ ચાલતી. ખાદીનું અર્થશાસ્ત્ર વાંચવું કે પાસે જ બજારમાં પરદેશી કાપડ વેચાય છે એની ચોકી કરવી અને લોકોને એનો બહિષ્કાર કરવા કહેવું? શહેરમાં પાંચકૂવા પર વિદેશી કાપડની દુકાનોના પિકેટીંગ માટે રોજ બપોરે જતા અને અમદાવાદ જે કાપડનું એક મોટું વેપાર કેન્દ્ર હતું ત્યાંના વેપારીઓની સાથે ઘર્ષણ શરૂ થયું. પિકેટીંગના દિવસોમાં રોજનું છ કલાકનું ખાદીકામ કરવાનું ન રહેતું છતાં પણ પિકેટીંગ વખતે એ તકલી પર કાંતતા. આ દરમિયાન એમને અમદાવાદના સામાજિક જીવનનો, મૂડીવાદીઓ અને મજૂરો વચ્ચેના તફાવતનો વગેરે ઘણો અનુભવ મળ્યો જે એમની વાસરીમાં આલેખ્યો છે. એમણે વાસરીમાં લખ્યું છે એમ 'પહેરો ભરતા ભરતા સૂનમૂન ઊભા રહીએ તો ય અમદાવાદના રાજકારણના પ્રવાહો સમજી જવાય. જૂદાં જૂદાં બળોની દિશા માણસ એક વાર સ્ટેશનથી ભદ્ર ચાલીને જાય એટલે સમજ્યો જ જાણો.'

વિદ્યાપીઠમાં એમના મિત્રોમાં ખાસ તો દિનકર મહેતા હતા જેમને એ કરાંચીમાં મળ્યા હતા. એ પાછળથી કોમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. એમને 'ગાંધીયન કોમ્યુનિસ્ટ'નું બિરૂદ મળેલું. પ્રોપરાયટરી હાઈસ્કૂલના એમના સહાધ્યાયી અંબાલાલ પટેલ ત્યાં હતા

જેમણે એમને કાકાસાહેબનો પરિચય કરાવ્યો હતો. ચિનુભાઈ સંઘવી, અમૃતલાલ નાણાવટી, નરહરિ પરીખ, કાકાસાહેબના પુત્ર સતીશ કાલેલકર, જેલના સાથી હરિપ્રસાદ દેસાઈ જે 'કોમરેડ હેરી'ના નામે ઓળખાતા, લેખક અને કાકાસાહેબના મંત્રી ચંદ્રશંકર શુક્લ, બબલભાઈ મહેતા, વગેરે પણ ત્યાં હતા. આ ઉપરાંત કીકુભાઈ દેસાઈ, મગનભાઈ પ્ર. દેસાઈ જે વિદ્યાપીઠના મહામાત્ર થયા, ડૉ. મુકુંદ જોશી જેમની સાથે રાતે ઊજાગરા કરીને વીરમગામમાં સત્યાગ્રહ પત્રિકા કાઢી હતી, ગાંધીજીના અંતેવાસી છગનલાલ જોશી, વીરમગામના ખાદીના કાર્યકર્તા પન્નાલાલ ત્રિવેદી, વિદ્યાપીઠના અધ્યાપક જેઠાલાલ ગાંધી જે પાછળથી ગુજરાત વિદ્યાસભાના કાર્યાલય મંત્રી થયા, જીવણલાલ ગાંધી, મૃદુલા સારાભાઈ વગેરેને પણ ત્યાં મળ્યા.

સાહિત્યના પણ ઘણા મિત્રો ત્યાં મળ્યા. રામપ્રસાદ (રતિભાઈ) શુક્લ એમના ખાસ મિત્ર હતા જેમને એ જે કાંઈ પણ લખે એ વંચાવતા. કવિ તનસુખ પ્રાણશંકર ભટ્ટ અને ભાવનગરની દક્ષિણમૂર્તિ સંસ્થામાંથી આવેલા અને પરદેશ જઈને કેળવણી વિશારદ થયેલા પ્રેમશંકર ન. ભટ્ટ પણ એમના ખાસ મિત્રો હતા. ઉમાશંકર મીઠાખળીમાં હતા ત્યારે સરેરાશ રોજ દોઢથી બે કલાક નદીએ જતા અને બે વાર નહાતા. ત્યાં નદી વિદ્યાપીઠથી છે એનાથી વધુ પાસે ન હતી. વિદ્યાપીઠમાં એમને નદીએ જવાનું બહુ મન થતું. પછી પ્રેમશંકર અને તનસુખભાઈ સાથે જવાનું શરૂ કર્યું અને દિનકરભાઈ પણ ભળ્યા. નગીનદાસ પારેખ ત્યાં હતા જેમની પાસે બેસી રવીન્દ્રનાથની બંગાળી કવિતા વાંચતા. શ્રીધરાણીને પણ વિદ્યાપીઠમાં નિરાંતે મળવાનું થયું. સુંદરમ્‌નો પ્રત્યક્ષ પરિચય એક વાર તે વિદ્યાપીઠમાં આવ્યા ત્યારે કાકાસાહેબે કરાવ્યો હતો. વિદ્યાપીઠના વસવાટ દરમિયાન ઉમાશંકર સુન્દરમ્‌ને પોતાનાં કાવ્યો સંભળાવતા. એમનાં અને રામપ્રસાદનાં કાવ્યો પણ એ બંને વાંચતા. આમ પરસ્પર કાવ્ય પઠન થતું. એમની સાથે શહેરમાં રામનારાયણ વિ. પાઠકને મળવા જતા. એક વખત ચોકી ભરવાની છોડીને કાકાસાહેબને કહ્યા વગર ગયા હતા અને એમનો ઠપકો સાંભળ્યો હતો. આમ સંઘર્ષ થતો કે ફરજ ચૂકીને સાહિત્ય ચર્ચાઓમાં ભાગ લેવા જવું યોગ્ય હતું? કાકાસાહેબ સ્વછંદી થઈને મહેફિલો માણવા જવાની વિરુદ્ધ હતા. ઉમાશંકર વિચારતા, 'કવિ હોવું એ શું ગુનો છે?... હું સૈનિક હતો કેમકે હું કવિ હતો.' પાઠક સાહેબ સાથે સાહિત્યની અનેક વાતો થતી. *પ્રસ્થાન*માં પ્રગટ થેલી કૃતિઓ વિશે, પતીલનાં કાવ્યો વિશે, લડત વિશે લખવા સર્જકશક્તિ કામ કરી શકતી નથી એ વિશે, કવિતાના સ્વરૂપ વિશે, વગેરે. અવારનવાર 'કુમાર' કાર્યાલયમાં જતા જ્યાં સાહિત્યકારોની ઘણી બેઠકો મળતી અને ચર્ચાઓ થતી અને અનેક ગમ્મતો મિત્રો વચ્ચે થતી હતી.

જેઠાભાઈને ત્યાં પન્નાલાલને મળતા. આ સમયે 'મજલીસે ફીલ્સુફાન'ની પાક્ષિક બેઠકો થતી. એક બેઠકમાં પ્રાણજીવન પાઠકે બુદ્ધિવાદ અને રામનારાયણ પાઠકે લાગણી પર ભાર મૂકતી ચર્ચા થઈ. એક બેઠકમાં 'આપણી સમાજવ્યવસ્થાનું ભાવિ' ઉપર દિનકર મહેતા અને પંડિત સુખલાલજી બોલ્યા. પ્રેમશંકરની રૂમમાં કવિ પ્રહ્લાદ પારેખને મળવાનું થયું. આ સમયે એ ચા નહોતા પીતા કેમકે એમણે વિચાર્યું કે ચા એ આવશ્યકતા નથી અને ચાથી હોટેલની તેમાં જ પૈસા ઉડાવવાની ટેવ પડે છે. આ ગરીબ દેશમાં ચા-હોટેલ પાછળ પૈસા ખર્ચી શકાય? એ વખતે એમને વિદ્યાપીઠ પણ મહેલ જેવી દેખાતી હતી અને વર્તમાન પરિસ્થિતિ અકથ દારિદ્ર અને મહેલો તથા ઝૂંપડીઓ વચ્ચેના જબરદસ્ત તફાવતને લીધે છે એમ માનતા.

વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય સ્તરના અનેક નેતાઓ પણ આવતા. ખાન અબ્દુલ ગફાર ખાન ત્યાં આવેલા. મિસ સ્લેડ જે મીરાંબેનને નામે ઓળખાતા તે પણ ત્યાં હતાં. ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને કમલાદેવી ચટ્ટોપાધ્યાયને પણ ત્યારે નજીકથી જોવાનો લાભ મળેલો. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા બૌદ્ધધર્મના અભ્યાસી અને માર્ક્સવાદી ધરમાનંદ કોસંબી જે તાજેતરમાં જ રશિયાથી પાછા આવેલા તે 'રશિયાની ક્રાંતિ' પર ભાષણો આપતા. કોસંબીની સાથે ફરતા ફરતા રશિયા પર વાતો થતી. કોસંબી માનતા કે મૂડીવાદનો અંત લાવવા હિંસા કદાચ અનિવાર્ય બને. એ ગાંધીજીના ટીકાકાર હતા અને માનતા કે જ્યાં સુધી સમાજપરિવર્તન નહીં આવે ત્યાં સુધી સ્વરાજનો કોઈ અર્થ નથી. આ ઉપરાંત વિદ્યાપીઠમાં નરહરીભાઈ હેગલની ડાયલેક્ટિકલ મેથડ અને માર્ક્સના મટીરિયાલિસ્ટિક ઇંટરપ્રિટેશન ઑફ હિસ્ટરી પર પ્રવચનો આપતા. બંગાળની સ્વદેશી ચળવળમાં હિંસા વધતાં ટાગોરે *ઘરે બાહિરે*માં એનો કેવો વિરોધ કર્યો એની ચર્ચા થતી. પશ્ચિમની રાજ્યવ્યવસ્થા આપણને અનુકૂળ આવશે? રશિયાની? ચંદ્રશંકરભાઈનું ચીનની ક્રાંતિ વિશેનું ભાષણ પણ એમણે રસથી સાંભળ્યું. જુલાઈના અંતમાં ગાંધીજી વિદ્યાપીઠમાં આવ્યા. આ દિવસો ગાંધીજી માટે રાજકીય કસોટીના હતા કેમકે નવા વાઈસરૉય વિલિંગ્ડન સત્યાગ્રહના આંદોલનને તોડવા માટે કૃતનિશ્ચય હતા. છેવટે ગાંધીજીને શિમલા લઈ જવામાં આવ્યા; ત્યાંથી ટ્રેન માર્ગે મુંબઈ અને ત્યાંથી એસ.એસ. રાજપૂતાના જહાજમાં ગોળમેજી પરિષદમાં હાજરી આપવા એ ઇંગ્લૅન્ડ ગયા. એ વખતે મેઘાણીએ એમનું પ્રસિદ્ધ કાવ્ય 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ' રચ્યું હતું. ગાંધીજીનાં પ્રાર્થના પ્રવચનોમાં અંહિસા, પ્રાર્થના વગેરે પર ચર્ચા થતી. ગાંધીજીનાં પ્રાર્થના પ્રવચનોની નોંધો કેવળ ઉમાશંકરે કરેલી જે *સંસ્કૃતિ*ના મે, જૂન, જુલાઈ ૧૯૪૭ના અંકોમાં પ્રસિદ્ધ થયેલી છે. એક વખત ઉમાશંકરે એમને

પ્રશ્ન પૂછ્યો કે ફ્રેંચ ક્રાંતિએ 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા'નું સૂત્ર આપ્યું પરંતુ એ ક્રાંતિ સ્વતંત્રતા આપવા પૂરતી જ સીમિત હતી. રશિયન ક્રાંતિએ સમાનતાને સ્થાપી, પરંતુ ત્યાં જ અટકી ગઈ. શું ભારતની ક્રાંતિ બંધુતાને સિદ્ધ કરશે? ગાંધીજી આવા પ્રશ્નથી મૂંઝાઈ ગયા હતા પરંતુ એમણે જવાબ આપ્યો કે સમાનતા વગર સાચી સ્વતંત્રતા ન મળે અને બંધુતા વગર સાચી સમાનતા શક્ય ના બને. વિદ્યાપીઠના નિવાસ દરમિયાન આમ ઉમાશંકરને ગાંધીજીનો પ્રત્યક્ષ લાભ મળ્યો.

વિદ્યાપીઠમાં તેમણે વાંચેલા પુસ્તકોમાં તોલ્સ્તોયનું *ધ લૉ ઑફ વાયોલન્સ*, ઈબ્સનનું *એ ડોલ્સ હાઉસ*, રોમાં રોલાંનું *ધ લાઈફ ઑફ રામકૃષ્ણ*, આર્થર ક્વિલર કૌચનું *ધ આર્ટ ઑફ રીડીંગ*, રવીન્દ્રનાથ ટાગોરનું *ધ રિલીજીયન ઑફ મેન*, *ભાનુસિંહ ઠાકુરેર પદાવલી*, અને *ગીતાંજલી*, ડ્રિંકવોટરનું *લિરિક*, એચ. જી. વેલ્સનું *એન આઉટલાઇન ઑફ ધ હિસ્ટરી ઑફ ધ વર્લ્ડ. ભણકાર*, *સાહિત્ય મુકુર*, કેશવ હર્ષદ ધ્રુવના લેખો, ચાર્લ્સ ડિકન્સનું ધર્મ પરનું પુસ્તક, રાલ્ફ બોરસોડીનું *ધી અગલી સિવિલીઝેશન*, મિસ મેયોનું *મધર ઇન્ડિયા*, બ્રિટિશ પુરાતત્વજ્ઞ સર મોરેલ સ્ટેઇનના સેરિંડિયા (મધ્યએશિયા)ની કળા પરના પુસ્તકો, ગેટેનું *ફૌસ્ટ*, હિન્દી અને બંગાળી કવિતા, સુમિત્રાનંદન પંતનું *પલ્લવ*, *પોએમ્સ ઑફ ટૂડે*માંથી યુદ્ધકાવ્યો; ભગિની નિવેદીતાનું *ધ માસ્ટર એઝ આઇ સૉ હિમ*, સ્વામી રામકૃષ્ણ પરમહંસનું *કાલી ધ મધર –લવ ઑફ ધ ટેરિબલ*, *પ્રેક્ટિકલ એસ્ટ્રોનોમી*, ફ્રાંસિસ થોમ્પસનનું *ધ હાઉંડ ઑફ હેવન*, હેન્રી મેઇનનું *એંશીયન્ટ કોમ્યુનિટીસ*, *અખાની વાણી*, પોલ રિચર્ડનું *સ્કૌર્જ ઑફ ક્રાઈસ્ટ* અને *ટુ ધ નેશન્સ*, વર્ડ્ઝવર્થનાં *પેટ્રીઓટીક પોએમ્સ*, કીટ્સનાં કાવ્યો, ક્ષિતિમોહન સેન દ્વારા સંપાદિત કબીરનાં ભજનોનો સંગ્રહ, લીલાવતી મુનશીનાં રેખાચિત્રો, *પૂર્વાલાપ*, પ્લુતાર્કનો એલેક્ઝાંડર, નાનાલાલનું *ગુજરાતનો તપસ્વી*, સુરદાસનું *સુદામાચરિત*, મોરિસ મેટરલિંકનું તારાઓનું પુસ્તક અને *મોના વાના* આદિ નાટકો અને કવિતા, *કુમારસંભવ*, વગેરે હતાં. કાકાસાહેબે ટકોર કરી હતી કે એમના વાચનમાં એકાગ્રતા ન હતી. પરંતુ આ પુસ્તકોની યાદી જોતાં એમના વાચનના વ્યાપનો ખ્યાલ આવે છે. ખાસ તો એમણે ૧૯૩૦માં સાબરમતી જેલમાં વિચારેલા માનવ ઇતિહાસલક્ષી નાટકના એક દશ્ય, 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' ૨.૯.'૩૧ના રોજ લખ્યું એ નિમિત્તે *મહાભારત*નું વાચન આ ગાળામાં કરેલું.

આ સમયમાં એમને જે પ્રશ્ન ખાસ મૂંઝવતો હતો તે એ હતો કે સામ્યવાદ અહિંસા સાથે સુસંગત છે? આ વિશે દિનકરભાઈ સાથે એમને અનેક વાર ચર્ચા થતી. અહિંસાનું સક્રિય જીવન કયું હોઈ શકે? અહિંસા અને વિશ્વશાંતિ એ બે મુખ્ય ધ્યેય

હતા. હિંસાના અનેક અખતરા પછી અહિંસા એ માનવ વિકાસ ક્રમમાં કુદરતી રીતે આવે છે. વિશ્વશાંતિ પ્રેમ અને અહિંસાના પાયા પર રચાય છે એ એમની માન્યતા કેવળ કવિ કે સાધકની ન હતી પરંતુ દિનકરભાઈ જેવા જ એક કર્મયોગી તરીકેની હતી જે પણ છેવટે આ શાંતિ સામાજિક સમસ્યાઓના હલમાં જોતા હતા. આથી જ એ બંને વચ્ચે ચર્ચાઓ શક્ય હતી. અહિંસા અને સામ્યવાદ વચ્ચે મેળ થાય ખરો? બધાને સમાજપરિવર્તન અને સમતા જોઈએ છે પણ રસ્તા જુદા જુદા છે. આ વિશે અનેક ચર્ચાઓ અને અનેક અભિપ્રાયો રજૂ થતાં. જવાહરલાલ નહેરુ સાથે મુલાકાત વખતે પ્રશ્નો પૂછ્યા હતા કે ભારતમાં સોશ્યલિઝમ આવશે? જમીનદારો અને મૂડીદારો સામે શું પગલાં લેવાશે? હિંસા થશે? છેવટે અહિંસા અને સમાજવાદ પર વાત આવીને અટકે છે. અહિંસા દ્વારા સામાજિક પરિવર્તન કરવું શક્ય છે?

ઉમાશંકર વિદ્યાપીઠમાં દક્ષિણ દિશા તરફ આવેલી રૂમ નં. ૨માં રહેતા હતા. ત્યાં શરૂઆતની એમની અનેક કૃતિઓ લખાઈ હતી. બીજી ઓક્ટોબર ૧૯૩૧ને દિવસે ઉમાશંકરે પોતાનું ખંડકાવ્ય 'વિશ્વશાંતિ' મિત્રો પ્રહ્‌લાદ પારેખ, તનસુખ ભટ્ટ, પ્રેમશંકર ભટ્ટ, દિનકરભાઈ, બબલભાઈ વગેરેને સંભળાવ્યું. પછીથી કાકાસાહેબને વાંચી સંભળાવ્યું. નવજીવન ટ્રસ્ટના મોહનલાલ ભટ્ટે છાપવાની ઇચ્છા બતાવી અને કાકાસાહેબની પ્રસ્તાવના સાથે પ્રગટ થયું. એમનું નામ ઉમીઆશંકરમાંથી ઉમાશંકર એ ૧૯૩૦ના અંતમાં જેલમાં હતા અને કાવ્યો છપાવતા ત્યારે દેશળજી પરમારે કરેલું. એમના પિતા એમને ઉમેશ કહેતા અને ઇડરના શિક્ષક ઉમાપતિ. કાકાસાહેબે વિદ્યાપીઠમાં ઉમાનાથ નામ સૂચવ્યું ત્યારે એમણે બદલામાં એમને કાકાનાથ અને દિનકરભાઈને દીનાનાથ કહેવાનું કહ્યું એટલે બંધ રહયું. અને એ વાત 'વિશ્વશાંતિ'ના પૂંઠા પર પહોંચી નહીં. 'વિશ્વશાંતિ' ઉમાશંકર જોષીના નામથી પ્રગટ થયું.

૧૯૩૦માં જ્યારે ઉમાશંકર સાબરમતી જેલમાં હતા ત્યારે એમને મિત્રોથી જુદા રાખવામાં આવ્યા હતા. સાંજે ચાર વાગે કોટડી બંધ થઈ જાય ત્યારે અંદર પુરાઈ રહેવાનું. ત્યારે એમણે મરાઠી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો અને તુકારામ વાંચ્યા. એ ખગોળશાસ્ત્ર અને ઇતિહાસના પુસ્તકો પણ વાંચતા અને બારીમાંથી તારાઓ જોતા. શંકર દીક્ષિતકૃત ખગોળના પુસ્તક *જ્યોતિર્વિલાસ*નો ગુજરાતી અનુવાદ તેમ જ ટોમસ ઈ. કેમ્પીકૃત *ઇમિટેશન ઑફ ક્રાઈસ્ટ* એમણે વાંચ્યાં. એક દિવસ વહેલી સવારે એમને એવો અનુભવ થયો કે જાણે કોઈનો હાથ ઉપરથી એમને દબાવી રહયો હતો અને એ જમીનની સપાટી સુધી આવી ગયા હતા. વ્યાવસાયિક દૃષ્ટિએ એ આધ્યાત્મિક તો ખાસ હતા નહીં અને આધ્યાત્મિક વસ્તુઓને ટીકા સાથે જોતા હતા. હા, કલ્પનાની

યુક્તિઓને, એના સત્યને જાણતા હતા. ગમે તેમ પણ આ અનુભવ શૂન્યતાનો ન હતો બલ્કે પૂર્ણતાના આનંદનો હતો.

આ જ વખતે એમને એક માનવ ઇતિહાસલક્ષી નાટક સૂઝ્યું. એનું મુખ્ય બીજ હતું: 'વિશ્વને આંગણ વેરવા મારે/પ્રેમ ભીના સંદેશ.' સૌંદર્ય એ પ્રેમમાં પરિણમે છે અને પ્રેમ છેવટે વિશ્વશાંતિમાં. નાટકમાં શરૂઆતમાં સૂર્યમંડળના ગ્રહો પૃથ્વીને લોહિયાળ હોવાને લીધે ત્યજે છે. પ્રાચીન દેશો એકબીજા સાથે યુદ્ધે ચડ્યા છે. વર્સાઈની સંધિ બાદ લોકો યુદ્ધની અસરની કાફેમાં ચર્ચા કરે છે. પછી ધારાસણાના સત્યાગ્રહની વાત છે જેમાં પ્રશ્નોનો હલ ગાંધીજીની અહિંસક લડતથી થાય છે. છેવટે બધા રાષ્ટ્રો એક થાય છે અને સંવાદિતા ફેલાય છે અને પૃથ્વી પર 'પ્રેમના બીજ' રોપાય છે. આ વખતે એમના વિચારો એ હતા કે ગાંધીજીની અહિંસક લડત સમાજના બધા જ પ્રશ્નો હલ કરવા સમર્થ છે. એમને મત ગાંધીજીનું ઐતિહાસિક સત્ય એ હતું કે અહિંસા એ કેવળ રાજકીય સ્વતંત્રતા માટે જ સીમિત સાધન ન હતું પરંતુ સમાજના બધા પ્રશ્નો હલ કરવા અહિંસક સામાજિક વર્તનનું ક્ષેત્ર વિસ્તારવું.

પરંતુ ખાસ તો આ નાટકને માટે પોતાના સ્વ-શિક્ષણનો એક કાર્યક્રમ એમણે બનાવ્યો હતો. કોઈ પ્રોફેસર પાસે આ શિક્ષણ લીધું ન હતું પરંતુ પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ પોતાની મેળે જ કરતા. આ દરમિયાન એમણે ડબલ્યુ. ડબલ્યુ. રીડનો જગતના ઇતિહાસ પરનો ગ્રંથ *માર્ટીરડમ ઑફ મેન* વાંચ્યો. ઇતિહાસના બીજાં અનેક પુસ્તકો વાંચ્યાં. પ્રથમ મહાયુદ્ધ વિશે કોઈ જનરલની નોંધો, *રશિયન ક્રાંતિ*, *મહાભારત* વગેરેનો અભ્યાસ કર્યો. આમ ૧૯૩૦થી એમનું સ્વ-શિક્ષણ શરૂ થયું અને એમના સમાજ પરિવર્તન વિશેના વિચારો પણ બંધાતા આવતા હતા. નાટકના થોડાં દશ્યો વીસાપુર જેલમાં લખ્યાં. આ નાટક એમણે પોતાના જીવન દરમિયાન પૂરું કર્યું ન હતું. પરંતુ આ નાટકની તૈયારી કરતાં કરતાં આડપેદાશ તરીકે અનેક કાવ્યો લખાયાં. 'વિશ્વશાંતિ' એમાનું એક હતું જેમાં નાટકના વિચારોનો પડઘો ઝીલાયો છે.

## ૪

ગાંધીજી ૧લી જાન્યુઆરી ૧૯૩૨ના દિવસે ઇંગ્લૅન્ડથી પાછા ફર્યા અને બીજી તારીખે એમની ધરપકડ કરવામાં આવી. ત્રીજી તારીખે ઉમાશંકર અને સાથીઓ વિદ્યાપીઠથી ખેડા જિલ્લા તરફ કૂચ કરતા નીકળી પડ્યા. એ ક્ષેત્રમાં જવાનો મનાઈ હુકમ હતો પરંતુ આ દરમિયાન સ્વતંત્રતા સંગ્રામના સૈનિકો વધુ ચાલાક બન્યા હતા. ઉમાશંકર અને એમના કન્નડ મિત્ર શ્રીકાંત કંઠી દિવસે લોકોને મળતા અને રાત્રે ખેતરોમાં

છૂપાઈને સૂઈ જતા. છેવટે ૨૬ જાન્યુઆરીએ એક મિટિંગ દરમિયાન એ બંનેની ધરપકડ કરવામાં આવી અને આઠ મહિનાની કેદ થઈ.

પહેલાં એમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા. ત્યાં એમણે તોફાની હરકત કરી. જેલમાં બે જાતના કેદીઓ હોય છે. કેટલાક માનતા કે 'કમ ખાના, ગમ ખાના, તો કટ જાયેગા જેલખાના.' તો બીજા માનતા કે 'રગડ કે ખાના, બિગડકે રહેના, તો કટ જાયેગા જેલખાના.' બંને સિદ્ધાંતોમાં તથ્ય છે. ઉમાશંકર બલ્કે બીજામાં માનનારા હતા. એમણે જોયું કે ૬૦ જણા માટેના બૅરેકમાં ૧૦૦ કેદીઓને રાખવાના હતા ત્યારે એમણે વિરોધ કર્યો. આથી એમને બધાથી જૂદા એક સેલમાં રાખવામાં આવ્યા જ્યાં ઓરડીમાં જ ચક્કી હતી. ત્યાં પણ એ લખતા. પરંતુ થોડા જ વખતમાં એમની બદલી વીસાપુર જેલમાં થઈ.

વીસાપુર જેલ પૂના નજીક ખૂબ અંદરની જગાએ આવેલ ખરાબ હવામાન અને ગંદા પાણીવાળી અને ટેન્ટની બનેલી હતી. અહીં પણ તેમણે પહેલાંની યુક્તિઓ અજમાવવા માંડી જેમકે સૌથી કઠીન મજૂરીની પોતે જ માંગણી કરવી અને જેલરનું જોમ ઢીલું કરી દેવું. અમદાવાદથી આવેલા કેદીઓ આ જેલના માલિક જ બની બેઠા અને આખી જેલને જાણે પોતે જ ચલાવતા. રસોડાનો તો એમણે ચાર્જ જ લઈ લીધો. પણ પછી કોઈને ઓરી નીકળ્યા એટલે બધાને જૂદા કરવામાં આવ્યા. જે ટેન્ટમાં એમને રાખવામા આવ્યા તેમાં નિરંતર પાણી ચૂતું હતું. એમણે મજૂરી કરવી પડતી પણ તે બહુ સખત ન હતી. પરંતુ આ જેલ નિવાસની મુખ્ય પ્રાપ્તિ એ ભિન્ન ભિન્ન ક્ષેત્રના તેજસ્વી યુવાનોનું ભેગા થવું એ હતી. એમની વચ્ચે અનેક ચર્ચાઓ થતી અને આ સમય દરમિયાન માર્ક્સવાદને સૌ આરોગી અને પચાવી રહ્યા હતા. જાણે બધા ઊંચાં ભરતીના મોજાં સાથે ઊંચકાયા હતા અને કશા પણ પ્રયત્ન વગર આકાશના તારા ચૂંટી શકે એવા આ દિવસો હતા. એમનું કાવ્ય 'જઠરાગ્નિ' આ વાતાવરણમાંથી આવ્યું હતું. ગાંધીજીના વિચારોમાં ગરીબો પ્રત્યે હમદર્દી અને અનુકંપા હતી પરંતુ માર્ક્સે 'શોષણ' ('એક્સ્પ્લોઇટેશન') શબ્દ દાખલ કર્યો અને કચડાયેલા લોકોના વર્ગને જોવાની નવી જ વિચાર પદ્ધતિ રજૂ કરી એનો એમના પર પ્રભાવ પડ્યો. માર્ક્સનો વર્ગ-વિગ્રહનો વિચાર આમ એમની સમાજ પરિવર્તનની સમજનો એક ભાગ બન્યો અને રહ્યો. પરંતુ માર્ક્સવાદની અસર નીચે એમણે ગાંધીજીના વિચારોનો ત્યાગ ન કર્યો. બંને ગુરુઓની દીક્ષા સાથે મેળવવી શક્ય હતી. ગાંધીજીની અંહિસક લડતમાં એમને પૂરી શ્રદ્ધા હતી પરંતુ એથી માર્ક્સના વિચારોને, ખાસ તો સામાજિક ન્યાયના સિદ્ધાંતને, ત્યજવાની જરૂર ન હતી.

આ સમય દરમિયાન જેલમાં અને પછી બહાર એમણે કાવ્યો તેમ જ પોતાના પ્રદેશના સમાજને લગતી ટૂંકી વાર્તાઓ અને એકાંકીઓ લખ્યાં જેમાં ખાસ તો પુરુષપ્રધાન બ્રાહ્મણસમાજમાં સ્ત્રીઓ અને દલિતોના શોષણની વાત છે. એમનો બીજો કાવ્યસંગ્રહ *ગંગોત્રી* પણ ૧૯૩૨માં પ્રગટ થયો. જેમાં 'જઠરાગ્નિ' ઉપરાંત 'અન્નબ્રહ્મ', 'પાંચાલી' વગેરે શોષણ ઉપર બીજાં કાવ્યો છે. જેલમાં નાટકો પણ મોટી સંખ્યામાં વાંચ્યાં. સુંદરમ્ પાસેથી *Nine-One-Act Plays* પુસ્તક વાંચ્યું. એમના સમયમાં વંચાતા નાટ્યકારો શૉ, ગાલ્સ્વર્ધી, મેટરલિંક વગેરે તો તેમણે વાંચ્યા જ હતા.

આઠ મહિનાની સજા માટે એક મહિનો અને રવિવારોની રજા બાદ કરતા છ મહિના અને અમૂક દિવસો પછી ઉમાશંકર જેલમાંથી છૂટયા. પરંતુ વિભિન્ન ક્ષેત્રના અનેક તેજસ્વી લોકોને મળવાનો એક ખૂબ જ સમૃદ્ધ અનુભવ લઈને એ બહાર નીકળ્યા હતા. ૧૯૩૦–૧૯૩૨ના વર્ષોને ઉમાશંકરે પોતાના સૌથી સમૃદ્ધ વર્ષો ગણ્યા છે કેમકે આ વર્ષોમાં એમનું ઉત્તમ બહાર આવ્યું. આ વર્ષોમાં જુદા જુદા ભારતીય સાહિત્યોમાં પણ એક પ્રકારનો નવોન્મેષ થયો કેમકે સર્જકોની ચેતનાનું અનુભવક્ષેત્ર વિકસ્યું હતું; એમની વિષયોની પસંદગી, સહાનુભૂતિ અને આકાંક્ષાઓમાં પરિવર્તન આવ્યું હતું અને દરેક ભાષામાં સમૃદ્ધ લણણીનો સમય હતો. ભારતીય સાહિત્યમાં આધુનિક યુગ શરૂ થઈ ગયો હતો. એમનો પોતાનો અનુભવ આ નવા આદર્શોને સ્વરૂપ આપવા થનગનતો હતો. એમણે મુલાકાતમાં કહ્યું છે કે એ જાણે ૧૯૩૦–૩૨ના ગાળામાં જ સ્થગિત થઈ ગયા છે અને જાણે કે પછી વધ્યા જ નથી. ખાસ તો એટલે કે આ વર્ષોમાં એમને એમની વિચારોની ભૂમિ (site) મળી જ્યાંથી એમણે જીવનપર્યંત કામ કર્યું. અને ખાસ તો એ કે આ વૈચારિક ભૂમિ કેવળ ભારત પૂરતી જ સીમિત ન હતી પરંતુ વૈશ્વિક હતી. 'વિશ્વશાંતિ' કાવ્ય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગાંધીજીના વિચારો, માર્ક્સવાદ પર વાંચન અને ચર્ચાઓ તેમ જ પશ્ચિમ અને ભારતના સાહિત્યનો વિશાળ અભ્યાસ – આ બધી અસરોને કારણે એમની એક જીવન દૃષ્ટિ બની. સામાજિક સમતા એનું મુખ્ય ધ્યેય હતું. અહિંસા દ્વારા એ કેવી રીતે શક્ય બને એ મુખ્ય પ્રશ્ન હતો. આ વૈચારિક ભૂમિ એમના બાકીના જીવન, લેખન, કાર્ય અને વિચારોનું સંદર્ભ બની. ૧૯૮૫માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમીની મહત્તર સદસ્યતા સ્વીકારતાં કરેલાં પ્રવચનમાં એમણે આનો ઉલ્લેખ કર્યો છે કે એક સર્જક તરીકે ૨૦મી સદીમાં જુદા જુદા સ્વરૂપે પ્રગટ થતી હિંસાનો પ્રતિકાર કેવી રીતે કરવો એ એમના સર્જનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ૧૯૪૭માં સ્વરાજ્ય મળ્યું એ પહેલાં દુનિયામાં બે વિશ્વયુદ્ધોમાં, અને ત્યાર બાદ શીતયુદ્ધમાં અને પછી અણુયુગમાં અને

મૂડીવાદની વધતી જતી પકડમાં અને કોમવાદમાં હિંસા પ્રગટી તેના પ્રતિભાવો એમના સર્જન અને વિચારોમાં જોવા મળે છે.

## ૫

જેલમાંથી બહાર આવ્યા પછી ઉમાશંકરનું વાંચન અને લેખન ચાલુ જ હતું. માર્ક્સવાદની અસર એમના પર ખાસ એ પડી કે એમણે આગળ ઉપર ભણવા માટે અર્થશાસ્ત્ર અને ઇતિહાસના વિષયો પસંદ કર્યા કેમકે એમને લાગ્યું કે સામાજિક વ્યવસ્થા અંગેનું રીતસરનું વૈજ્ઞાનિક શિક્ષણ જરૂરી હતું. સાહિત્ય તો પોતે પોતાની જાતે જ વાંચી સમજી શકે તેમ હતું. ભાષાઓ પણ એ પોતાની જાતે જ શીખ્યા હતા. પરંતુ આ બે વિષયોના અભ્યાસ સિવાય એ સમાજના સ્વરૂપને બરાબર સમજી શકે નહીં. માર્ક્સવાદ તરફી લખાણોના વાચનથી સમાજશાસ્ત્રના અભ્યાસની જરૂરતની એમને પાકી ખાતરી થઈ. ખાસ તો અર્થશાસ્ત્રના ઇતિહાસ અને વિચારો (આઇડિયાઝ)ના ઇતિહાસ પર એમણે ઘણા પુસ્તકો વાંચ્યાં જેમાં અમરિકી અર્થશાસ્ત્રી ફ્રેન્ક વિલિયમ તોસિગના પુસ્તકો, ધનરાશી પર બ્રિટિશ અર્થશાસ્ત્રી ડેનિસ રોબર્ટસન વગેરે વાંચ્યાં. આ ઉપરાંત બ્રિટિશ હાસ્ય લેખક સ્ટીફન લીકોક અને વ્યાકરણ પર પણ પુસ્તકો વાંચ્યાં.

૧૯૩૩માં ગાંધીજીએ લોક આંદોલન મુલતવી રાખ્યું અને 'વ્યક્તિગત સત્યાગ્રહની' ઘોષણા કરી જેની નહેરુએ આકરી ટીકા કરી હતી. ૧૯૩૪માં ચળવળ લગભગ બંધ થઈ ગઈ હતી. ૧૯૩૩ની શરૂઆતમાં ઉમાશંકરને પિતાજીની માંદગીના સમાચાર મળ્યા અને એ બામણા એમને ગામ પિતાજીની દેખરેખ માટે ગયા અને આખો શિયાળો, જ્યાં સુધી પિતાજી સ્વસ્થ થયા ત્યાં સુધી, એમની સાથે રહ્યા. ૧૯૩૪માં પિતાજી ફરી માંદગીમાં ફસાયા. એમની પાસે તબીબી સારવાર માટે પૈસા ન હતા. એ એટલા પછાત હતા કે પિતાજીનો ફોટો પણ પડાવી શક્યા ન હતા. ગામડામાં જે સામાન્ય સારવાર મળે એ એમને મળી. આ માંદગીમાથી પિતાજી ન બચ્યા અને એપ્રિલ ૧૯૩૪માં એમનું મૃત્યુ થયું. ઉમાશંકરને એક જ વાતને સંતોષ હતો કે એ કૉલેજ કે ચળવળમાં રોકાયેલા ન હતા અને સ્વતંત્ર હતા જેથી પિતાજીની પાસે લાંબો વખત રહી શક્યા અને ચાકરી કરી શક્યા.

૧૯૩૪માં મુંબઈમાં એલ્ફિંસ્ટન કૉલેજમાં ઉમાશંકર વધુ અભ્યાસ માટે દાખલ થયા. ૧૯૩૦માં ઇન્ટર-આર્ટ્સની પરીક્ષા આપ્યા બાદ એ રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા હતા. ચાર વર્ષ બાદ રજીસ્ટ્રારની ઓફિસમાંથી એ પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર

મેળવ્યું અને કૉલેજના ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવ્યો. આટલા તેજસ્વી વિદ્યાર્થીએ ચાર વર્ષ શિક્ષણ શા માટે ન લીધું એ વિચારથી કૉલેજના પ્રિન્સિપાલે એમને બોલાવ્યા અને જ્યારે જાણ્યું કે ગુજરાત કૉલેજની હડતાલમાં એ સક્રિય હતા ત્યારે એમની પાસેથી બાંહેધરી માંગી કે કૉલેજમાં તકલીફ ઊભી નહીં કરે. ઉમાશંકરે કહ્યું કે કૉલેજના ફૉર્મમાં એમણે જરૂરી વિગતો ભરી હતી અને તે પૂરતું હતું.

ઉમાશંકરે આ સમયે પોતાનો ખર્ચ પોતે જ ઊભો કરવાનો હતો અને હૉસ્ટેલમાં રહેતા હતા એટલે ખર્ચ પણ ખાસો હતો. એમનું લખવાનું પણ આ સમયમાં ચાલુ હતું. ૧૯૩૬માં, જ્યારે એ ઇંડિયન બૅંકિંગ પર ભણી રહ્યા હતા અને વાંચીને નોંધો કરી રહ્યા હતા ત્યારે કેવળ પાંચ દિવસની અંદર અચાનક ૧૭ સોનેટોની એક સોનેટમાળા 'આત્માના ખંડેર' એમણે લખી. *વિશ્વશાંતિ* લખ્યાના ફક્ત છ વર્ષની અંદર એમના સર્જને એક પલટો ખાધો હતો. ગાંધીજીના આદર્શવાદની ભરતીએ ઊંચકાયેલ *વિશ્વશાંતિ*ની જગાએ મુંબઈના મહાનગરમાં પોતાને આધારે ટકી રહેવા કરતા એક યુવકના અનુભવની આ સોનેટોમાં વાત છે. જે ભૂમિનો વિજેતા બનાવા ચાહે છે એ ભૂમિને છેવટે એ ખંડેરરૂપે જુએ છે. આત્મઘાત, નિરાશાની ક્ષણોમાં પણ ફરિયાદના સૂર નથી કે નથી આધ્યાત્મિક અનુભવમાં એનો વિકલ્પ. એક અજ્ઞેયવાદી વ્યક્તિ છેવટે 'યથાર્થ'માં, જે છે એમાં, જ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. એક મહાનગરના વિશાળ અસ્તિત્વમાં વ્યક્તિની અશાંતિ કે છિન્નભિન્નતા અને વાસ્તવનો સ્વીકાર એ એમની વૈચારિક ભૂમિનો એક નવો આવિષ્કાર છે. યથાર્થના સ્વીકારનું આ વલણ જે એમના કાવ્યમાં અભિવ્યક્ત થાય છે તે જ એમની પછીની જાહેર જીવનની પ્રવૃત્તિઓનો સંદર્ભ બને છે. 'સમયરંગ'ની નોંધો, *નિરીક્ષક*ના અગ્રલેખો, રાજ્યસભાના વકતવ્યો પણ એની જ અભિવ્યક્તિ છે. આ સમય દરમિયાન ટી.એસ. એલિયટ, સ્ટીફન સ્પેન્ડર, લ્યુઇ મેકનીસ વગેરે અંગ્રેજી કવિઓને વાંચવાનું શરૂ કર્યું હતું. એ ઉપરાંત યુરોપિયન કવિઓ પણ વાંચતા. રશિયન કવિ એલેક્ઝાંડર બ્લૉકની કવિતા તો ૧૯૩૨માં જ એમના જેલના સાથી દશરથ પટેલની સાથે વાંચી હતી. એમના મિત્ર નીરજકુમારે એમને *ધી ઇન્ટરનેશનલ*ના અંકો લાવી આપ્યા હતા. એમના કવિ મિત્ર હરિશ્ચંદ્ર ભટ્ટ એમને યુરોપનાં ઘણાં પુસ્તકો વાંચવા આપતા. મહાન રશિયન નવલકથાકાર ગોર્કીના પુસ્તકો પણ વાંચતા. ગોર્કીએ સામાજિક વાસ્તવવાદની વ્યાખ્યા ૧૯૩૪માં કરી હતી જે ભારતના બૌદ્ધિકો સુધી ૧૯૩૬માં પહોંચી હતી. ઉપરાંત ગોર્કીના લેખો, એમનો અમેરિકન બૌદ્ધિકો પરનો ખુલ્લો પત્ર વગેરે પણ ઉમાશંકરે વાંચ્યા હતા. એમની ટૂંકી વાર્તાઓમાં સામાજિક વાસ્તવવાદ, વાસ્તવવાદના એક પ્રકારરૂપે પહેલેથી જ હતો.

આ બધી વાર્તાઓમાં 'પ્રગતિશીલ લેખક સંઘ' જે ૧૯૩૬માં સ્થપાયું તેની છાપ છે. પ્રગતિશીલ લેખક મંડળના સામાયિક *ઇંડિયન લિટરેચર*ના તંત્રીમંડળના ઉમાશંકર એક સભ્ય હતા. એના બીજા અંકમાં એમની વાર્તા 'ઝાકળિયું' એમના પોતાના અનુવાદ સાથે છપાઈ હતી.

આ પહેલાં ૧૯૩૫માં ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થવાનું સ્વીકાર્યું એના વિરોધમાં ઉમાશંકરે એમને પત્ર લખ્યો હતો. કનૈયાલાલ મુનશીએ સાહિત્ય પરિષદ પર કબજો જમાવ્યો હતો અને પરિષદનું બંધારણ બિનલોકશાહી સ્વરૂપનું હતું તેમ જ નવાં તત્ત્વો સ્હેજે દાખલ ન થઈ શકે એવું બંધિયાર હતું. સાહિત્ય પર ઉચ્ચ જાતિના અને ઉચ્ચ વર્ણના લોકોનું આધિપત્ય હતું. આથી 'અ-નાગર, અ-પૈસાદાર, લખનારાઓ આત્મલાઘવથી' પીડાતા હતા. ગાંધીજીએ પ્રમુખ થવાનું સ્વીકારીને 'ભદ્રવર્ગીય સાક્ષરો' સાથે હાથ મિલાવ્યા હતા અને 'કુદરતી રીતે મોત પામતી પરિષદને પ્રાણવાયુ આપવા' જેવું કર્યું હતું. ઉમાશંકરે પત્રમાં ગાંધીજીને 'સાહિત્ય અને લોકજીવન વચ્ચેનું અંતર ટાળવા માટે' અને 'બંધારણ સાદું કરી આપવા' માટે સૂચવ્યું હતું. [*પત્રોઃ ૧૯૨૮–૧૯૫૦*, પૃ. ૭૩–૭૭] ઉમાશંકર અને બીજા પાંચ લેખકો ગાંધીજીનો સમય લઈ એમને મળવા ગયા હતા. ગાંધીજીએ પ્રમુખપદેથી રાજીનામું આપવાની તૈયારી બતાવી હતી. એમણે બંધારણ સુધારા માટે એક સમિતિ પણ નીમી હતી જેને પછીના વર્ષે મુનશીએ રદ કરી હતી.

ઉમાશંકર આ દિવસોમાં મુંબઈમાં હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયને સારી રીતે ઓળખાતા હતા. ૧૯૩૬માં ગોર્કીનું મૃત્યુ થયું ત્યારે ઉમાશંકર અને બીજાઓએ એક સરઘસ કાઢ્યું હતું. એ પૂરું થાય ત્યાં થીઓસોફિકલ લોજમાં એક સભા રાખી હતી. હરીન્દ્રનાથે ઉમાશંકરને સરોજિની નાયડુ પર એક ચિઠ્ઠી આપી હતી જે લઈને એમણે તાજ હોટેલમાં એમને સભાનું પ્રમુખપદ સંભાળવા આમંત્રણ આપ્યું હતું. એ જ અરસામાં મુંબઈમાં 'પ્રગતિશીલ લેખક સંઘ'ની સ્થાપના થઈ. સાંજે *જન્મભૂમિ*ની ઓફિસે સભાઓ થતી. કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા ડાંગે આવતા અને દેવદારના ખોખા પર બેસતા. ખ્યાતનામ ઉર્દૂ લેખક સજ્જાદ ઝહીર સિગરેટની લહેજત માણતા આવતા. ૧૯૩૬માં લખનૌમાં 'પ્રગતિશીલ લેખક સંઘ'ની બેઠક થઈ ત્યારે ઉમાશંકર એ વખતે પૈસાના અભાવે ત્યાં જવાનું વિચારી પણ શકે એમ ન હતું.

પ્રગતિશીલ લેખક સંઘની એક ગુજરાતીભાષીઓની સભામાં ઉમાશંકરે એક લિખિત નિવેદન તૈયાર કર્યું હતું અને ગોર્કીની કવિતાનું ભાષાંતર પણ વાંચ્યું હતું. ઇંદુલાલ યાજ્ઞિક જે તાજેતરમાં જ આયર્લૅંડથી પાછા ફર્યા હતા તે આ સભાના પ્રમુખ

હતા. સભામાં મેઘાણી પણ હાજર હતા જેમણે ઉમાશંકરનું હલકા અવાજમાં થયેલું કાવ્યપઠન સહન ન કરી શકવાથી એમના હાથમાંથી કાગળ ઝૂંટવી લીધો અને પોતાના સિંહનાદમાં એને ફરીથી રજૂ કર્યું. આ સભાઓમાં સી.આઈ.ડી.ના માણસો પણ હાજર રહેતા અને નોંધો કરતા. મેઘાણી પ્રગતિશીલ લેખકસંઘના સભ્ય ન હતા. પરંતુ ઉમાશંકરને મન પ્રેમચંદની જેમ મેઘાણી પણ ખૂબ મોટા ગજાના અને પૂરેપૂરા લોકોના લેખક હતા.

૧૯૩૬માં ઉમાશંકર ચોપાટી પર આવેલા બૅરેકમાં રહેતા હતા ત્યારે હરિપ્રસાદ દેસાઈ જે એમના વીસાપુર જેલના સાથી હતા અને 'કોમરેડ હેરી'ના નામથી ઓળખાતા હતા તે એમની સાથે ભૂગર્ભમાં રહેતા હતા. રાતે સૂતી વખતે બે જણા (ઉમાશંકર અને એમના ભાઈ) હોય અને સવારે ઊઠતા ચાર (કોમરેડ હેરી અને દિનકરભાઈ સાથે)! હેરીની ફોર્ટ વિસ્તારમાં એક દિવસ ધરપકડ થઈ અને ઉમાશંકર આમ પકડાતાં બચી ગયા.

આ સમયે પ્રગતિશીલ લેખક સંઘની બેઠકોમાં ગાંધીવાદ અને માર્ક્સવાદ કેવી રીતે સાથે જઈ શકે એ અંગે ચર્ચાઓ થતી. ૧૯૩૦ના દાયકામાં એ શક્યતાઓ હતી. ૧૯૩૪ના કૉંગ્રેસ અધિવેશનમાં ઉમાશંકર એ દિવસે હાજર હતા જ્યારે મોટી સંખ્યામાં સમાજવાદીઓની બેઠક ભરાઈ હતી જેમણે કૉંગ્રેસની અંદર રહીને એક જૂથ બનાવ્યું હતું. એમના પહેલા ગદ્ય લેખ 'ચંદ અલ્ફાઝ'માં એમણે કૉંગ્રેસ અને સમાજવાદના ભવિષ્યનો ઉલ્લેખ કર્યો છે. ૧૯૩૬માં જવાહરલાલે હોમ રૂલ–જેના વિશે પણ ઘણાને અંદેશા હતા–ની ચૂંટણી પ્રચાર સભાઓમાં સોશ્યલિઝમનો મુદ્દો મોટા પાયે ઉઠાવ્યો હતો અને આખા દેશમાં સમાજવાદનો વિચાર ફેલાવ્યો હતો. પરંતુ 'પીપલ્સ વૉર' ના સૂત્રે ભારતના ઇતિહાસમાં એક વિભાજિત બળ તરીકે કામ કર્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રશિયા અને બ્રિટન વચ્ચે જર્મનીના ફાસીવાદ સામે સમજૂતી થઈ અને ભારતના સામ્યવાદીઓએ રશિયાના પક્ષમાં રહીને રશિયાની 'પીપલ્સ વૉર'ને ટેકો આપ્યો. આને કારણે સામ્યવાદીઓ ભારતની સ્વતંત્રતાની લડાઈથી જૂદા પડી ગયા. જોકે બે મુદ્દામાં બધા સાથે હતા. ૧. સામ્રાજ્યવાદનો વિરોધ અને ૨. સોશ્યલ રીયાલિઝમ (સામાજિક વાસ્તવવાદ). 'પીપલ્સ વૉર'ના મુદ્દે ઘણા લોકો સામ્યવાદી પક્ષથી નારાજ થયા. ઉમાશંકરે કોમ્યુનિસ્ટ પાર્ટીના એમના મિત્રો દિનકર મહેતા અને ભોગીલાલ ગાંધી સાથે આ મુદ્દા પર છેડો ફાડ્યો. પણ સામાજિક ન્યાય માટેની જિકર એમને હંમેશા વળગેલી રહી.

ઉમાશંકર પર માર્ક્સવાદની અસર ૧૯૩૦ના દાયકામાં પ્રગતિશીલ વિચારોના વાતાવરણ પૂરતી જ સીમિત ન હતી. માર્ક્સવાદ પ્રત્યે એમનો અભિગમ બૌદ્ધિક હતો. માર્ક્સના બે મુખ્ય વિચારો 'શોષણ' (exploitation) અને 'સામાજિક ક્રાંતિ' (social revolution) સાથે એ સંમત હતા. જ્યાં સુધી ઔદ્યોગિક સમાજમાં શોષણ છે ત્યાં સુધી માર્ક્સના વિચારોની અગત્યતા રહેવાની જ એમ એમણે મુલાકાતમાં કહ્યું છે. પરંતુ હિંસાના એ વિરોધી હતા. ઉપરાંત એ માનતા હતા કે ભારતીય પરિસ્થિતિમાં માર્ક્સવાદીઓએ જુદી રીતે વિચારવું પડશે. માર્ક્સે એક ચોક્કસ ઐતિહાસિક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું હતું. અત્યારની અને જુદી સામાજિક પરિસ્થિતિમાં કદાચ એમણે પોતે જુદી રીતે વિચાર્યું હોત. બીજી બાજુ ઉમાશંકરને મન ગાંધીજીનું ઐતિહાસિક સત્ય એ હતું કે અહિંસાનો ઉપયોગ કેવળ રાજકીય સ્વતંત્રતા માટે જ નહીં પરંતુ એથી આગળ વધીને સામાજિક સમસ્યાઓના હલ માટે કરવો. ગાંધીજીના આ વિચારની આજના અણુયુગમાં ખાસ્સી અગત્યતા છે. ગાંધી અને માર્ક્સનું ધ્યેય એક હતું પરંતુ તે પામવાની પદ્ધતિઓ જુદી હતી. ઉમાશંકર બેશક માર્ક્સવાદી ન હતા. તો એ 'ગાંધીવાદી' પણ ન હતા. કોઈ પણ વાદને અનુસરવામાં એ માનતા ન હતા. તેઓ માર્ક્સના નહીં પરંતુ સામ્યવાદ જે રીતે સ્વતંત્રતા પહેલાં અને પછી ભારતમાં વિકસ્યો તેના વિરોધી હતા. સામાજિક ક્રાંતિ અહિંસક રીતે કેવી રીતે આવે એ એમની ચિંતા હતી. આથી લોકશાહી સમાજવાદ કે સમાજવાદી લોકશાહીમાં એમની શ્રદ્ધા વધુ હતી. આજના સંદર્ભમાં પણ આ ચર્ચાનો વિષય છે. 'ગાંધીવાદ'ની જેમ ઉમાશંકર સાહિત્ય માટે વપરાતા 'ગાંધીયુગ' શબ્દના પણ વિરોધી હતા. સાહિત્ય કે રાજકીય ઇતિહાસ રાજાઓના કે વ્યક્તિઓના નામોથી ઓળખાય એ પદ્ધતિ યોગ્ય નથી એમ એ માનતા હતા કેમકે એ ઇતિહાસ તે તે યુગસંદર્ભ અને પ્રવાહો પર આધાર રાખે છે. વળી 'ગાંધીયુગ' એ ગાંધીજીના સમય કે જીવન પૂરતો જ સીમિત ન હોઈ શકે. જે મૂલ્યો માટે ગાંધીજી જીવ્યા એ મૂલ્યો માટે બીજા પણ ભૂતકાળમાં જીવ્યા હતા અને કદાચ ભવિષ્યમાં એ પરિપૂર્ણ થાય.

બીજા વિશ્વયુદ્ધ વખતે ફાસીવાદ અને નાઝીવાદ સામે પણ પ્રહારો શરૂ થયા હતા. કૉંગ્રેસ વર્કિંગ કમિટીમાં જવાહરલાલે આ પ્રશ્નોને સમાવવાનો આગ્રહ રાખ્યો હતો જેને લીધે બધા એનાથી પરિચિત હતા. હિટલરની પ્રવૃત્તિઓ અને સ્પેનિશ લડાઈ તરફ સૌનું ધ્યાન દોરાયું હતું. સ્પેનિશ કવિતા અને સ્ટીફન સ્પેન્ડરનાં કાવ્યો *ટ્રાયલ ઑફ અ જજ* ઉમાશંકરે આ સમય દરમિયાન વાંચ્યા.

૧૯૩૮માં એમનો ત્રીજો કાવ્યસંગ્રહ *નિશીથ* પ્રગટ થયો જે ભારતીય માહોલમાં રહેતા એક વિશિષ્ટ ભારતીય યુવાનનો એક વિશિષ્ટ કાવ્ય સંગ્રહ છે. ‘આત્માના ખંડેર’ના અંતમાં ફાસીવાદી સત્તાના અનુભવમાંથી વ્યક્તિ પસાર થાય છે અને બધે ખંડેરો જુએ છે અને વાસ્તવનો સ્વીકાર કરે છે. ૧૯૩૭માં ઉમાશંકરનાં લગ્ન થયાં હતાં અને એથી આ સંગ્રહમાં પહેલી વાર પ્રેમકાવ્યો છે. સામાજિક અને વૈશ્વિક ચેતનાનાં કાવ્યો પણ છે. એમનાં કેટલાક ઉત્તમ કાવ્યો આ સંગ્રહમાં છે જે સમયની ચેતના (time spirit) જેને જર્મનમાં zeitgeist કહે છે તેની સાથેના સંધાનના પરિણામે લખાયાં હતાં.

૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું એ પહેલાં ઉમાશંકરે પોલેંડના મહાકવિ આદમ મીકીયેવિટ્ઝનાં ૧૮ ક્રીમીયન સોનેટોનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું હતું. એમના મિત્ર હરિશ્ચંદ્ર ભટ્ટે તેમને આપેલી નકલમાં એક જ બાજુ સોનેટ છાપેલાં હતાં અને બીજી બાજુ કોરી હતી જેથી ઉમાશંકર અનુવાદ કરવા પ્રેરાયા. દુર્ભાગ્યે જ્યારે અનુવાદ પ્રગટ થયો ત્યારે પોલેન્ડ નાઝી સત્તા નીચે દબાયેલું હતું. આ વખતે ઉમાશંકરનું વાચન, મિત્ર હરિશ્ચંદ્રને લીધે ઘણું વધ્યું હતું. અંગ્રેજી, રશિયન અને પોલિશ કવિતા ઉપરાંત જર્મન નાટકો, ઇમ્પ્રેશનીસ્ટિક વાર્તાઓ વગેરે જે હાથમાં આવે એ વાંચતા હતા. યુરોપિયન સાહિત્યનું એમનું વાચન જીવનપર્યંત ચાલુ રહ્યું. પછીથી એ અમદાવાદમાં સ્થિર થયા ત્યારે એમના મિત્ર ચુનીલાલ મડિયા મુંબઈથી એમને પુસ્તકો મોકલતા. એ પોતે પણ જ્યારે મુંબઈ કે વિદેશ જાય ત્યારે અનેક પુસ્તકો લઈ આવતા અને આમ ઘરમાં વિદેશી સાહિત્યની સમૃદ્ધ લાઇબ્રેરી વસાવી હતી. વિદેશથી એ મહાન કલાકારોનાં ચિત્રોની પ્રિંટ્સ અને પોસ્ટકાર્ડ્સ તેમ જ પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતની રેકર્ડ્સ પણ સાથે લઈ આવતા.

## ૬

૧૯૩૭ના મે મહિનાની ૨૫મી તારીખે, વૈશાખી પૂનમ, બુદ્ધજયંતી પૂર્ણિમાને દિવસે ઉમાશંકરનાં લગ્ન અમદાવાદનાં જ્યોત્સ્નાબેન જોશી સાથે થયાં. જ્યોત્સ્નાબેન ૧૯મી સદીના અમદાવાદનાં સુધારાવાળાં કુટુંબોમાંથી એકમાં જન્મ્યાં અને ઊછર્યાં હતાં. એમનાં નાના પિતાંબરદાસ મહેતાને જમીન હતી. થોડે અંશે એ સાહસિક હતા. એક અંગ્રેજ સાથે ભાગીદારીમાં એમણે બોબીનનું કારખાનું ખોલ્યું હતું જે આગમાં ખલાસ થઈ ગયું હતું. પરંતુ મુખ્યત્વે એ શિક્ષક હતા જેને લીધે એમની અટક મહેતા પડી હતી અને ગણિત ઉપર એક ઉત્તમ પુસ્તક લખ્યું હતું. એ સુધારાવાદી હતા અને

સુધારાની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. એ પ્રાર્થનાસભામાં પણ આગળ પડતા સભ્ય હતા. એ મૂર્તિપૂજામાં માનતા ન હતા. ૧૯મી સદીના અંતમાં એમણે 'હિતેચ્છુ' પ્રેસ શરૂ કર્યું હતું જ્યાં *હિતેચ્છુ* સામયિક નીકળતું જેમાં સમાજના પ્રશ્નો પર ચર્ચાઓ આવતી. એક અંકમાં વૈષ્ણવ મહારાજોના ભ્રષ્ટાચાર વિશે લખાણ હતું ત્યારે એમના પર એ લોકો તરફથી હુમલો કરવા માણસો આવ્યા હતા.

પિતાંબરદાસ નિઃસંતાન હોવાથી તેમનાં બીજાં લગ્ન મહાલક્ષ્મીબેન સાથે ૧૮૭૮માં થયા ત્યારે મહાલક્ષ્મીબેનની ઉંમર ૧૪–૧૫ વર્ષની હતી. મહાલક્ષ્મીબેનના પિતા મનસુખરામ જોશી પોલીસ વિભાગમાં ઊંચી પદવીએ હતા અને એમને રાવ બહાદૂરનો ઇલકાબ મળ્યો હતો. મહાલક્ષ્મીબેન પણ પતિ સાથે પ્રાર્થનાસમાજમાં જતાં અને સુધારાના પ્રશ્નોમાં રસ લેતા થયાં. પતિના મૃત્યુ બાદ એમણે ઘરનો બધો વહીવટ સંભાળ્યો. કુટુંબમાં એમનું આધિપત્ય હતું અને બધાં કુટુંબીજનો એમનો ખૂબ આદર કરતાં. એમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. એમના એક પુત્ર, રામપ્રસાદ, કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. થયા હતા અને વિદેશથી પાછા ફર્યા ત્યારે એમને નાતબહાર મૂક્યા હતા તે વખતે એમણે પ્રાયશ્ચિત કરવાની ના કહી હતી. એમના નાના પુત્ર દેવપ્રસાદ મુંબઈમાં બેરિસ્ટરનું ભણ્યા હતા. મોટા પુત્ર હરિપ્રસાદ જે કૉંગ્રેસમાં સક્રિય હતા અને પિતાના પ્રગતિશીલ વિચારોને અનુસરતા તેમની મદદથી મહાલક્ષ્મીબેને 'હિતેચ્છુ' પ્રેસ સંભાળ્યું, જ્યાં ગાંધીજીના – સરકારે જેના પર પ્રતિબંધ મૂક્યો હતો તે – પુસ્તક *હિન્દ સ્વરાજ*ની આવૃત્તિ છપાઈ હતી. ગાંધીજી ૧૯૧૫માં અમદાવાદ આવ્યા ત્યારે હુલ્લડ ચાલતું હતું અને અમુક રસ્તે થઈને એક દિવસ એમને ઘેર રોકાયા હતા.

વીસમી સદીના પહેલા દાયકામાં અમદાવાદમાં સ્ત્રીઓની પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી હતી અને મહાલક્ષ્મીબેન એમાં સક્રિય હતાં. તે સમયે સ્ત્રીઓની સભા ભરવાનું કોઈ જાહેર સ્થળ ન હતું ત્યારે મહાલક્ષ્મીબેને પોતાના ઘરમાં સ્ત્રીઓની સભાઓ ભરી અને બહેનોનું એક મંડળ ઊભું કર્યું જેમાં પ્રાર્થનાસમાજની પ્રાર્થનાઓ અને પ્રવચનો થતા. જેમાં સ્ત્રીઓની કેળવણી, સ્ત્રીનો ધર્મ, અને એની ઉન્નતિ માટેના સાધનો, બાળ-લગ્ન વગેરેની ચર્ચા થતી. ૫૦થી ૧૦૦ની સંખ્યામાં બહેનો હાજર રહેતી. મહાલક્ષ્મીબેને 'હાલની સ્ત્રીઓની પરિસ્થિતિ' વિશે ભાષણ આપેલું. અમદાવાદમાં સ્ત્રીઓ માટે હળવા-મળવા તેમજ વિચાર વિનિમય કરવા 'લેડીઝ ક્લબ' સિવાય કોઈ જગા નહોતી. આથી મહાલક્ષ્મીબેન, વિદ્યાગૌરી નીલકંઠ, પદ્માવતી દેસાઈ વગેરે બહેનોએ ૧૯૨૦ની ફેબ્રુઆરીની ૧૩મી તારીખે 'મહિલા મંડળ'ની સ્થાપના કરી.

રાયપુર વિસ્તારમાં આવેલા મગનભાઈ કરમચંદની હવેલીમાં 'મહિલા મંડળ' તરફથી દર અઠવાડિયે ભાષણ, સંગીત, ગરબા, રમતગમત વગેરે જુદી જુદી જાતની પ્રવૃત્તિઓ થતી. અમદાવાદની મધ્યમ વર્ગની બહેનો માટેનું આ પ્રથમ સંસ્કાર-કેન્દ્ર હતું. તેમને ગૃહજીવન ઉપરાંત બીજી પ્રવૃત્તિઓમાં રસ લેતા કરવા, નાગરિક તરીકેના કર્તવ્યનું જ્ઞાન આપવા અને વિચારોની આપલે કરવાના હેતુથી આ મંડળ શરૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમણે ચારસો ઉપરાંત બહેનોની સહી લઈને બહેનોને ફરવા માટે સ્થાન મળે તેનું આવેદનપત્ર બેરોનેટ સર ચિનુભાઈને સુપ્રત કર્યું હતું અને સારંગપુર દરવાજા બહાર માધવબાગને આ હેતુ માટે ફાળવવામાં આવ્યો હતો.[૧]

મહાલક્ષ્મીબેને વિદેશી કાપડના બહિષ્કારનો ઉપદેશ કર્યો અને પોતે પણ ખાદી પહેરવાનું શરૂ કર્યું. આ ઉપરાંત તેમણે સામાજિક રૂઢિઓને ફગાવી સામાજિક સુધારાઓનો અમલ ઘરમાંથી જ શરૂ કર્યો, જેમ કે મરણ પ્રસંગે રડવાનો અને જમાડવાનો રિવાજ બંધ કરાવી ધાર્મિક ગ્રંથોનું વાચન કરાવ્યું. ઘૂમટાનો રિવાજ પણ દૂર કર્યો અને સ્ત્રીઓ વડીલો સાથે છૂટથી વાતચીત કરી શકે તેવા વ્યવહાર શરૂ કરાવ્યા. આમ મહાલક્ષ્મીબેન સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીકેળવણી માટે પહેલ કરનારાં અમદાવાદનાં બહેનોમાંના એક હતાં. ૧૯૩૯માં એમના મૃત્યુ બાદ એમના પુત્રી ભાનુમતિબેને પોતાની પુત્રી જ્યોત્સ્નાબેન સાથે મંડળની પ્રવૃત્તિઓ આગળ ચલાવી. [*સ્મૃતિકા*, પૃ. ૮].

જ્યોત્સ્નાબેન મહાલક્ષ્મીબેનની પુત્રી ભાનુમતિબેનનાં દીકરી. એમનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૧૫ના દિવસે થયો હતો. ભાનુમતીબેન ૭માં ધોરણ સુધી ભણ્યાં હતાં. એમનાં લગ્ન નૃસિંહપ્રસાદ જોશી સાથે ૧૯૧૦ની આસપાસ થયાં હતાં. નૃસિંહપ્રસાદનું કુટુંબ રૂઢિચૂસ્ત હતું તેથી ભણતરની શક્યતા નહિવત્ હતી. આથી ભાનુબેનનાં બાળકો, પ્રમીલાબેન, જ્યોત્સ્નાબેન અને પ્રબોધભાઈ, એમને મોસાળ મહાલક્ષ્મીબેનને ત્યાં સંયુકત કુટુંબમાં ઊછર્યાં અને ભણ્યાં. કુટુંબમાં ૧૫થી ૨૦ સભ્યો હતાં અને મહેમાનોની અવરજવર ઘણી હતી. શાંતિનિકેતનના ક્ષિતિમોહન સેન પણ એમને ત્યાં ઊતરતા. મહાલક્ષ્મીબેનને ઘરની છોકરીઓને ઉત્તમ શિક્ષણ આપવાની ઘણી ઇચ્છા હતી. એમનાં પુત્રવધૂ લીલાવતીબેનને પણ અંગ્રેજી અને સંસ્કૃત ભણવા મોકલતાં. જ્યોત્સ્નાબેન સારંગપુરમાં આવેલી 'નવી ગુજરાતી શાળા'–જે મિશ્ર શાળા હતી અને ગાંધીજીના વિચારો મુજબ ચાલતી–માં ભણવા જતાં. પછીથી એ કન્યાશાળામાં થોડાં વર્ષ ભણ્યાં. એક વર્ષ જ્યોત્સ્નાબેન અને એમનાં બેન પ્રમીલાબેન

---

૧ *સ્મૃતિકા*, અમદાવાદ મહિલા મંડળ, કાપડિયા હૉલ, માધવબાગ, ૧૯૭૯, પૃ. ૭

ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા ઘરની ઘોડાગાડીમાં જતાં હતાં. જ્યોત્સ્નાબેન પછી જી.એલ.એસ. ગર્લ્સ કૉલેજ જે કર્વે યુનિવર્સિટી સાથે સંલગ્ન હતી તેમાં જોડાયાં અને સંગીત મુખ્ય વિષય સાથે બી.એ. થયાં.

મહિલામંડળ સોએ કળાએ ખીલેલું હતું ત્યારે ૧૯૨૭માં ઉમાશંકર મૅટ્રિકનો અભ્યાસ કરવા અમદાવાદ આવ્યા. મહિલામંડળના ગરબા એ વખતે આખા ગુજરાતમાં પ્રસિદ્ધ હતા. માધવબાગમાં મંડળની જગાએ થતાં ગરબાની ચોપડી એમના હાથમાં આવી. નાનાલાલ કવિ વગેરેની અનેક સુંદર રચનાઓ એમાં હતી. અલબત્ત ગરબા જોવા જવાનું એમને માટે શક્ય ન હતું. પરંતુ ગરબાની કળા એ વખતે ઉત્કૃષ્ટ ખીલી હતી અને શારદાબેન સુમંત મહેતાનાં પુત્રી પ્રેમલીલાબેન એના પ્રાણરૂપ હતાં. ઉમાશંકર સારંગપુરમાં ભટ્ટ ગોવિંદની ખડકીમાં આવેલી જ્ઞાતિની હોસ્ટેલમાં રહેતા હતા જે મહાલક્ષ્મીબેન ચલાવતાં હતાં. એ હોસ્ટેલના છોકરાઓનું દૂધ મહાલક્ષ્મીબેનને ત્યાંની ગાયો અને ભેંશોનું જતું હતું. વારાફરતી છોકરાઓ દૂધ લેવા આવે ત્યારે મહાલક્ષ્મીબેને ઉમાશંકરને જોયેલા અને પોતાની નાતના હોંશિયાર છોકરા તરીકે એમને ઓળખતા. હરિપ્રસાદભાઈએ ૧૯૨૯–૩૦માં અમદાવાદમાં અને પછી રાષ્ટ્રીય ચળવળમાં ઉમાશંકરને જોયા હોય અને પરિચય કેળવ્યો હોય એ શક્ય છે.

જ્યોત્સ્નાબેનનો વિવાહ એમનાં પિતાજીએ 'નવના ગોળ'માં એટલે કે અમદાવાદના પૈસે ટકે સુખી 'નવના શેઠીયા' અથવા નવ કુટુંબોના સમૂહમાં કરેલો. ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોમાં આ કુટુંબો પોતાને બીજાથી ચડિયાતા માનતા. આ કુટુંબો સિવાય બીજાને ઘેર છોકરી આપતા નહીં કેમકે બીજાને ઊતરતા ગણતા. છોકરીઓ બીજેથી, ગામડામાંથી પણ, લે પરંતુ આપે નહીં. આ જ્ઞાતિમાં રિવાજ હતો કે લગ્ન વખતે છોકરીને દહેજ આપે નહીં પરંતુ લગ્ન પછી આખી જિંદગી છોકરીનું ખર્ચ – કપડાં, માંદગી સુધ્ધાંનું – પિયર આપે. રોજ સાંજે દીકરી પિયર જાય અને જમીને જ સાસરે પાછી આવે. આ રિવાજ કેવળ અમદાવાદમાં જ હતો. અમદાવાદના વૈષ્ણવોમાં પણ આ રિવાજ હતો.

મહાલક્ષ્મીબેને જોયું કે જ્યોત્સ્નાબેનનો વિવાહ જેની સાથે થયો હતો એ છોકરો બહુ ભણેલો ન હતો અને રૂઢિચૂસ્ત વાતાવરણમાં ઊછરેલો હતો. આથી એમણે પોતે જ નિર્ણય લીધો અને જ્યોત્સ્નાબેનનો વિવાહ તોડી નાખ્યો. આ પછી થોડા સમય બાદ એમણે ઉમાશંકરને મુંબઈથી બોલાવ્યા. જ્યોત્સ્નાબેન અને ઉમાશંકર મળ્યાં અને બંનેએ લગ્ન કરવાનો નિર્ણય કર્યો. જ્યોત્સ્નાબેનના પિતાના કુટુંબ તરફથી ખોટી

મોટાઈને લીધે આ લગ્નનો વિરોધ થયો કેમકે ઉમાશંકર પોતાની જ્ઞાતિના હોવા છતાં ગામડાના હતા અને એથી એમને એમના 'નવના ગોળ'માં નીચું જોવાનો પ્રસંગ આવે. એમનાં લગ્નનો આમ જ્યોત્સ્નાબેનના પિતાજીના કુટુંબે બહિષ્કાર કર્યો હતો. પરંતુ મહાલક્ષ્મીબેન અને હરિપ્રસાદભાઈનો એમને ટેકો હતો. આ લગ્ન ગોઠવવા પાછળ મહાલક્ષ્મીબેનની હિંમત અને ડહાપણે કામ કર્યું હતું. બીજી બાજુ બામણામાં પણ આ લગ્નને લીધે જ્ઞાતિએ ગોળની બહાર લગ્ન કરવાને કારણે ઉમાશંકરના કુટુંબને નાત બહાર મૂક્યું હતું. નાના ગામમાં એક કુટુંબ માટે નાતબહાર થવું એ કપરી કસોટી હતી, ખાસ તો જ્યારે કુટુંબમાં પરણાવવા જેવડી ઉંમરની છોકરીઓ હતી. ગામમાં પ્રસંગ હોય તો કોઈ બોલાવે નહીં અને ઘેર પ્રસંગ હોય તો કોઈ આવે નહીં. દસ વર્ષના લાંબા ગાળા સુધી એમનું કુટુંબ નાત બહાર રહ્યું અને ઘણું સહન કર્યું.

આમ જ્યોત્સ્નાબેન અને ઉમાશંકરનાં લગ્નમાં જેમ સામાન્ય રીતે હોય છે એમ કન્યા પક્ષ અને વર પક્ષના કોઈ ન હતાં. લગ્ન કાંકરિયા વિસ્તારમાં હતાં અને ત્યાં રહેતા ઉમાશંકરના કવિ મિત્ર સુંદરમ્‌ને ત્યાં સૌનો ઉતારો હતો. લગ્નની કંકોત્રી પણ જ્યોત્સ્નાબેન અને ઉમાશંકરે પોતાની સહીથી કાઢી હતી અને કુમાર કાર્યાલયમાં છપાવી હતી. એમનાં લગ્નમાં આમ લગ્નને લગતી તમામ સામાજિક રૂઢિઓનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. લગ્ન સાદાઈથી મિત્રોની હાજરીમાં ઊજવાયાં હતાં.

## ૭

લગ્ન પછી ઉમાશંકર અને જ્યોત્સ્નાબેન મુંબઈ આવ્યાં. મુંબઈમાં વિલે પાર્લેમાં કવિ-મિત્ર ઝીણાભાઈની ગોકળીબાઈ શાળામાં એમણે મહિને ૭૦ રૂ.ના પગારની શિક્ષકની નોકરી સ્વીકારી. જ્યોત્સ્નાબેન જ્યારે લગ્ન પહેલાં અમદાવાદમાં જ્યોતિસંઘમાં નોકરી કરતાં ત્યારે એમને ૭૫ રૂ. પગાર મળતો! ઉમાશંકર પાંચમા ધોરણમાં અંગ્રેજી અને ગુજરાતી ભણાવતા. આ દરમિયાન એ એમ.એ.ના વિદ્યાર્થી હતા. એ મુંબઈ હતા તે દરમિયાન એમના બે ભાઈઓનાં મૃત્યુ થયાં. પ્રથમ મોટાભાઈ રામશંકરભાઈ જે મુંબઈમાં વકીલ થયા હતા તે હરીપુરા કૉંગ્રેસમાંથી પાછા આવીને ૧૯૩૮માં ટૂંકી માંદગી બાદ મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુથી ૧૫ જણાના આખા કુટુંબની જવાબદારી ઉમાશંકરને માથે આવી. થોડા સમય પછી નાનાભાઈ ચુનીભાઈ જે ટી.બીના દર્દી હતા તેમને સારવાર માટે મુંબઈ લાવ્યા પણ તે ૧૯૩૯માં મૃત્યુ પામ્યા. પ્રથમ પિતાજી, પછી બે ભાઈઓનાં મૃત્યુ, અને ગરીબી – એમના અંગત જીવનનો આ કસોટી કાળ હતો. મૃત્યુ જાણે રોજના અનુભવ જેવું બની ગયું હતું. જ્યોત્સ્નાબેનનો એક સાથી

તરીકે એમને મોટો ટેકો હતો. એથી એ ટકી શક્યા.

બી.એ.માં એમણે અર્થશાસ્ત્ર અને ઇતિહાસના વિષયો લીધા હતા પરંતુ એમ.એ. માટે ઉમાશંકરે ગુજરાતી અને સંસ્કૃત પસંદ કર્યાં એનું મુખ્ય કારણ એમની નબળી આંખો હતી. આ વિષયો માટે બહુ વાંચનની જરૂર ન હતી કેમકે એ તો પોતાનું જ ક્ષેત્ર હતું. ઉપરાંત જ્યોત્સ્નાબેન એમને વાંચી સંભળાવતા અને એ રીતે અભ્યાસ ચાલુ રહ્યો અને ૧૯૩૮માં એમણે એમ.એ.ની ડિગ્રી મેળવી. એમ.એ.માં આનંદશંકર ધ્રુવ એમના પરીક્ષક હતા. આનંદશંકરે એમને અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખવા અને પછી આગળ અભ્યાસ માટે પરદેશ જવાની સલાહ આપી. પરંતુ બીજાને ખર્ચે પરદેશ જવાનું પસંદ ન હોઈ એમણે એ ન કર્યું. એ વર્ષે એમને સાહિત્યના સ્વરૂપના પેપરમાં ઇતિહાસને એક સ્વરૂપ તરીકે ભણવાનો હતો. ઇતિહાસ વિજ્ઞાન અને માનવવિદ્યા બન્નેમાં સરખું સ્થાન ધરાવે છે. એમણે પ્રખ્યાત ઇતિહાસકાર જ્યોર્જ ટ્રેવેલિયનનાં પુસ્તકો વાંચ્યાં અને ગુજરાતના ઇતિહાસનો અભ્યાસ કર્યો. આ રીતે ઇતિહાસમાં એમનો રસ વધ્યો. પોતે પોતાના લખેલા અક્ષરો વાંચી ન શકે એવી પરિસ્થિતિમાં એમણે પરીક્ષા આપી. આનંદશંકરને એમનું પેપર ઘણું ગમ્યું અને એ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. ૧૯૩૮માં મુંબઈમાં સિડનહામ વિજ્ઞાન અને કોમર્સ કૉલેજમાં ગુજરાતી ભાષાના પાર્ટ ટાઇમ અધ્યાપક બન્યા.

## ૮

૧૯૩૯માં આનંદશંકર ધ્રુવના આમંત્રણથી ઉમાશંકર અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભાએ શરૂ કરેલા અનુસ્નાતક અધ્યયન–સંશોધન કેન્દ્રમાં અધ્યાપક તરીકે જોડાયા. એક પ્રાથમિક શાળાના શિક્ષકમાંથી એકાએક ઉમાશંકર અનુસ્નાતક કક્ષાના અધ્યાપક બન્યા, એક વર્ષના કૉલેજના અનુભવને બાદ કરતાં. ૧૯૩૯થી ૧૯૮૮માં એમના મૃત્યુ સુધી અમદાવાદ એમનું કાયમી નિવાસસ્થાન બન્યું. વિદ્યાસભામાં એમણે ૧૭મી સદીના ગુજરાતી કવિ અખા પર સંશોધન કર્યું અને *અખો: એક અધ્યયન* પુસ્તક ૧૯૪૧માં પ્રસિદ્ધ કર્યું. આ ઉપરાંત એમણે *પુરાણોમાં ગુજરાત* પુસ્તક પણ લખ્યું જે ૧૯૪૬માં પ્રગટ થયું. આ પુસ્તક ગુજરાતની ભૌગોલિક માહિતી પર આધારિત હતું. આખા પશ્ચિમ ભારત, અને ઉત્તરમાં પંજાબ અને દક્ષિણમા ગોવા પ્રાંત સુધીની માહિતી એમણે એકઠી કરી હતી. પુરાણો ઉપરાંત યાત્રીઓના વર્ણનો, સિક્કાઓ, આલેખો, સાહિત્ય વગેરે સામગ્રીમાંથી પણ માહિતી મેળવી હતી. એમને માટે આ એક મહત્ત્વની તાલીમ હતી અને ઇતિહાસ વિશેની એમની સમજ આ અભ્યાસથી વધુ

સઘન બની. આમ વિદ્યાસભામાં એમણે છથી સાત વર્ષ સુધી સંશોધનનું કામ કર્યું.

૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળમાં ઉમાશંકર એક ભૂગર્ભ પત્રિકા લખતા. અનેક ભૂગર્ભ કાર્યકરો એમને મળવા વિદ્યાસભાની ઓફિસે તેમ જ ઘેર આવતા. એમની ધરપકડ થઈ હોત પરંતુ એમના બેન જશોદાબેન જે પણ ક્ષય રોગની બીમારીથી પીડાતાં હતાં તેમનું અમદાવાદમાં એમને ઘેર મૃત્યુ થયું. એ પહેલાં બેનનું નાનું બાળક – દીકરો – હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામ્યું હતું. ઉમાશંકરના બા અને મામી એમને ઘેર અમદાવાદ હતાં. બેનનાં મૃતદેહને અગ્નિદાહ દઈ એ જ દિવસે બપોરે એ બધાંને લઈ એમને ગામ બામણા ગયા.

એ જ્યારે ગામથી પાછા ફર્યા ત્યારે અમદાવાદ ભડકે બળતું હતું. જ્યાં ત્યાં બેરીકેડ લગાવ્યા હતા અને ગોળીબાર ચાલુ હતો. એમણે પાંચ મહિના સુધી પત્રિકા લખવાનું ચાલુ રાખ્યું. ભૂગર્ભ કાર્યકરોનું એક મોટું વ્યવસ્થાતંત્ર હતું. દરેકનાં બીજાં નામો હતાં જેથી કોઈ ઓળખાય નહીં. શિવકુમાર જોશી કનુભાઈના નામથી ઓળખાતા. ખાનદાન કુટુંબના એકદમ સરસ કપડામાં સજ્જ થયેલા યુવાન શિવકુમાર રોજ ઉમાશંકરને ઘેર આવતા, એમની પાસેથી લખાણ લેતા અને સાઇકલની સીટ નીચે સંતાડીને લઈ જતા. ઉમાશંકર જે જે બનતું તે વિશે લખતા અને સાવધાન રહેવાની અને નીચા નહીં નમવાની તેમ જ જુસ્સો જાળવી રાખવાની હાકલ પણ કરતા. કાર્યકરોનું આ જૂથ જાહેર રીતે અહિંસક હતું. પોલીસનો પીછો છોડાવવા કાર્યકરો એક છાપરેથી બીજા છાપરે દોડતા અને પોલીસને હાથતાળી આપી અમદાવાદથી દૂર ભાગી જતા. આમ મશાલ સળગતી રાખતા. ઉમાશંકરને આ વખતે જેલ નહોતી થઈ. જોકે '૪૨ની લડતમાં જેલ પહેલાંના જેવી આકરી ન હતી. એમની દીકરી નંદિનીનો જન્મ ૧૯૪૧માં થયો હતો. એ ઘણો સમય એની સાથે રમવામાં વીતાવતા જેથી એ મોટી થઈને ફરિયાદ ન કરે કે એમણે બાળપણમાં એને સમય આપ્યો નહીં. આ એક જ સંતોષની વાત એ સમયમાં એમને માટે હતી.

વિદ્યાસભાના ઉમાશંકરના કાર્યકાળ દરમિયાન ૧૯૪૪માં મદ્રાસમાં ઇતિહાસ પરિષદ ભરાવાની હતી એમાં વિદ્યાસભા તરફથી એમને પ્રતિનિધિ તરીકે મોકલવાનું નક્કી થયું. એ ઇતિહાસના વિદ્યાર્થી ન હતા પરંતુ એક મહિનાની મુસાફરી કરવાની રજા મળે તો જવાની મરજી બતાવી. એમને રજા મળી અને જ્યોત્સ્નાબેન અને ત્રણ વર્ષની દીકરી નંદિની સાથે આખા દક્ષિણ ભારતનો ૪૨ દિવસનો પ્રવાસ કર્યો. આ મુસાફરી દરમિયાન એમને દેવું થયું પરંતુ એક અતિ સમૃદ્ધ અનુભવ મળ્યો. ૧૯૪૬માં પહેલી સપ્ટેમ્બર રવિવાર હોવાથી બીજી સપ્ટેમ્બરે, જે દિવસે નહેરુએ

એમની વચગાળાની સરકાર રચી, ઉમાશંકરે વિદ્યાસભામાંથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું. આ સમય દરમિયાન ઉમાશંકર યુદ્ધ પર, હિરોશીમા પર, અને *મહાભારત* પર આધારિત નાટ્યાત્મક કાવ્યો –જે *પ્રાચીના* કાવ્યસંગ્રહમાં પ્રગટ થયાં–લખતા હતા જે પણ સમયની ચેતના સાથે જોડાયેલા હતા.

## ૯

વિદ્યાસભામાંથી રાજીનામું આપ્યા પછી ૧૯૫૪ સુધી ઉમાશંકર કોઈ પણ પ્રકારની નોકરીમાંથી મુક્ત રહ્યા. ૧૯૪૭માં એમણે *સંસ્કૃતિ* સામાયિક શરૂ કર્યું જે ૩૮ વર્ષ ચલાવ્યું અને ૧૯૮૪માં પોતે જ આટોપી લીધું. જ્યોત્સ્નાબેનનો *સંસ્કૃતિ* શરૂ કરવામાં ઘણો ફાળો હતો. એમણે જોયું કે હવે ઉમાશંકરનું કાર્યક્ષેત્ર સ્વાભાવિક રીતે જ વિસ્તરશે. *સંસ્કૃતિ* કાઢવા પાછળનો ઉમાશંકરનો મુખ્ય આશય સમય સાથેનું સંધાન સતત રહે એ હતો. સંશોધનની એકલવાઈ જિંદગીમાં પૂરાઈ રહેવાને બદલે એમણે પોતાની આસપાસની દુનિયાના સતત બદલાતા સમયરંગને સમજવાનો અને ઝીલવાનો તેમ જ તેનો પ્રતિભાવ આપવાનું કદાચ પસંદ કર્યું. અલબત્ત, એ સંશોધક ક્યારેય મટ્યા નહીં.

ભારતને સ્વતંત્રતા મળી ત્યાર પછીના શરૂઆતના લગભગ એક દાયકા સુધી, એમણે કાવ્યોમાં તેમાં જ *સંસ્કૃતિ*માં વર્તમાન પરિસ્થિતિ વિશે નિરાશા વ્યક્ત કરી. ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે લખેલી કવિતામાં ભાંગેલા હૃદયે સ્વતંત્રતાનું સ્વાગત કર્યું: 'જે દિવસની રાહ જોતાં હતા તે તું છે? આવ.' આકસ્મિક રીતે ફૈઝ અહેમદ ફૈઝની કવિતા પણ આ જ વાત કહે છે: 'वो ईन्तझार था जिस का, ये वो दिन तो नहीं'. સ્વતંત્રતાનું કેવળ એક બિહામણું અને કદરૂપું સ્વરૂપ જ એમની સામે હતું. આ નિર્ભ્રાન્તિનું કારણ કેવળ ભારતનું વિભાજન જ ન હતું પરંતુ સામાજિક અને આર્થિક સ્વતંત્રતાનો અભાવ એ હતું. ગરીબી વગેરે પ્રશ્નો હલ થયા ન હતા અને લોકોનું જીવન ધોરણ બદલાયું ન હતું. 'આઝાદીનું સરવૈયું' લેખ [*સંસ્કૃતિ*, ઑગસ્ટ, ૧૯૪૮]માં એમણે લખ્યું કે જમા પાસે રાજકીય સ્વતંત્રતા છે અને ઉધાર પાસે અમાનુષી કાળાં બજાર, આસમાન છૂતો ભાવ વધારો, વકરતો જતો કોમવાદ, સત્તાલોલુપ અધિકારીઓ, સ્ત્રીઓ પર થતો અત્યાચાર અને બળાત્કાર વગેરે હતાં. ૧૯૫૫માં 'આઝાદીના આઠ વર્ષ' અને ૧૯૬૮માં '૨૧ વર્ષનું સરવૈયું'માં પણ કમનસીબે આ જ સૂર છે! જે આદર્શવાદ સાથે દેશને સંપૂર્ણ રીતે સ્વતંત્ર કરવા લડ્યા હતા એ રચનાત્મક કાર્યકરોને, જેમને સત્તાકીય રાજકારણ કે વહીવટમાં રસ ન હતો, માટે

આ નવી પરિસ્થિતિમાં કોઈ ભાગ ભજવવાનો ન હતો. રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચેનું અંતર આઝાદી પછી અચાનક પ્રગટ થયું. ઉમાશંકરે એક કાવ્યમાં કહ્યું છે તેમ લોકોના મુખ પરની 'લાલી' ઊડી ગઈ હતી. બીજા વિશ્વયુદ્ધ અને હિરોશીમા પછીના દુનિયાના બનાવો, અને 'શીત યુદ્ધ' આ નિર્ભ્રાન્તિને વધુ ઘેરી બનાવે છે. 'છિન્નભિન્ન છું' કાવ્યમાં આ નિર્ભ્રાંતિનો અનુભવ છે. આ સમય દરમિયાન એમણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના ભય સામે પણ ઘણું લખ્યું હતું. બે વિશ્વયુદ્ધો પાછળ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ફાળો નાનોસૂનો ન હતો એ દર્શાવી વૈયક્તિક અને સાંસ્કૃતિક સ્વાયત્તતા પર એમણે સતત ભાર મૂક્યો હતો: 'પોતાથી ભિન્ન ભાસતા સમાજો પ્રત્યે સહિષ્ણુતા દાખવવી... [અને] બધી માનવસંસ્કૃતિઓના ગૌરવની સ્થાપાના એ જ કદાચ પોતાની સંસ્કૃતિના ગૌરવની સ્થાપનાનો ઉચ્ચ પ્રકાર હશે.' [*જગત-રંગ*, પૃ. ૬૯]

૧૯૫૨માં લોકસભાની પહેલી ચૂંટણી વખતે સમાજવાદી પાર્ટીના નેતા અશોક મહેતાએ ઉમાશંકરને સાબરકાંઠા કે અમદાવાદ જિલ્લામાંથી ચૂંટણી લડવા માટે ખૂબ આગ્રહ કર્યો હતો પરંતુ એમણે સત્તાકીય રાજકારણમાં ન પડવાનો એ વખતે નિર્ણય લીધો હતો. કદાચ એ રાજકારણમાં જોડાયા હોત તો ડાબેરી પક્ષ તરફ વળ્યા હોત એમ એમણે મુલાકાતમાં કહ્યું છે. પરંતુ એ માનતા કે અમુક માણસો સમાજમાં એવા હોવા જોઈ જે કોઈ પક્ષમાં ન હોય અને બધા પક્ષો સાથે એ ચર્ચા કરી શકે. પક્ષના રાજકારણથી પર આવા લોકો સમય આવે ત્યારે કોઈ પણ પક્ષની સામે સ્વતંત્ર અવાજ પણ કાઢી શકે.

ગુજરાતમાં ૧૯૫૬માં ભાષાકીય રાજ્યનું 'મહાગુજરાત આંદોલન' શરૂ થયું હતું. ૧૯૬૦માં જ્યારે મરાઠી રાજ્યની ચળવળ હિંસક અને ઉગ્ર બની ત્યારે છેવટે ગુજરાત અને મહારાષ્ટ્રના બે અલગ રાજ્યો થયાં. ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦ને પહેલી મેએ, વિશ્વ મજદૂર દિવસ, મે દિવસે થઈ.

ઉમાશંકર આ આંદોલનમાં સક્રિય ન હતા. ખાસ તો એમનું વલણ ભાષાકીય અલગતાવાદથી વિરુદ્ધ રહ્યું હતું. અલગ ભાષા પર રચાયેલા રાજ્યો 'ઉપ-રાષ્ટ્રવાદ' (sub-nationalism)ને જન્મ આપે છે એ સામે એમણે આંગળી ચીંધી હતી [*સંસ્કૃતિ*, ઓક્ટોબર, ૧૯૫૬, *સમયરંગ*, પૃ. ૨૪૩] જે ભવિષ્યવાણી આજે 'મરાઠી માનુષ'ના ઝનૂનમાં સાચી પડતી દેખાય છે. ૧૯૬૦માં ગુજરાત સ્થપાયું ત્યારે કરેલી કવિતાઓમાં આ અંદેશો અને ભીતિ પ્રગટ થાય છે. '*સત્ય અહિંસાની આંખે તું ભાળીશને ગુજરાત?/ગાંધીને પગલે પગલે તું ચાલીશને ગુજરાત?*' એ વિનંતી એ નવજાત ગુજરાતને કરે છે. અને સંકુચિત પ્રાદેશિક અસ્મિતાની, જે ખરું જોતાં રાષ્ટ્ર-

વિરોધી અસ્મિતા છે, તેની ટીકા કરે છે : *'એ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી?'* ૧૯૬૧માં ઓક્ટોબરમાં દિલ્હીમાં મળેલા 'રાષ્ટ્રીય એકતા સંમેલન'માં 'પ્રાદેશિક વિરુદ્ધ પ્રાંતીય દૃષ્ટિકોણ' વિશે બોલતાં એમણે કહ્યું હતું કે 'પ્રાંતીયતા દાખવવી – માત્ર સ્થાનિક હિતોનો જ વિચાર કરવો એટલે રાષ્ટ્ર-વિરોધી થવું, પણ પ્રાદેશિકતા પ્રગટ કરવી – દેશના આ કે તે ભાગમાં મૂળિયાં હોવાં – એ તો સાચી રાષ્ટ્રીયતા માટે આવશ્યક છે.... પ્રાદેશિકતાનો અભાવ મૂળિયાં વગરના અસ્તિત્વ તરફ લઈ જાય.' [*જગત-રંગ*, પૃ. ૮૦]

## ૧૦

૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં ઉમાશંકર પોતાને 'સ્વ-નિયુક્ત' ફરતા શિક્ષક તરીકે ઓળખાવતા. નાનાભાઈ ભટ્ટ સાથેનો એમનો પરિચય વીરમગામ છાવણીના સમયનો હતો. નાનાભાઈએ ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ' શિક્ષણસંસ્થા સ્થાપેલી જેમાંથી શ્રીધરાણી, પ્રહ્‌લાદ પારેખ જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ નીકળ્યા હતા. ૧૯૫૨ના અરસામાં નાનાભાઈ ગ્રામવિદ્યાપીઠની સ્થાપનાની શક્યતાઓ વિચારી રહ્યા હતા. પાયાની કેળવણી પ્રમાણે ચાલતા અભ્યાસક્રમોમાં ઉચ્ચ શિક્ષણ તરફ પગલું ભરવાનો સમય પાકતો આવતો હતો. ગ્રામીણ ભારતના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણની શી ભૂમિકા હોઈ શકે એ એમનો પ્રશ્ન હતો. એવી શિક્ષણપદ્ધતિની જરૂર હતી જે ગામડાંને પુનર્જીવિત કરે અને શાંતિમય સામાજિક ક્રાંતિ શક્ય બને. એમણે સણોસરામાં આવી વિદ્યાપીઠ 'લોકભારતી' ૧૯૫૩માં શરૂ કરી. ઉમાશંકર એની વૈચારિક અને આયોજનની ભૂમિકાથી એની સાથે સંકળાયેલા હતા અને વારંવાર સણોસરા અધ્યાપન માટે અને સામૂહિક જીવનના ભાગ બનવા જતા અને રહેતા. જ્યોત્સ્નાબેન અને એમની બે દીકરીઓ નંદિની અને સ્વાતિ, જેનો જન્મ ૧૯૪૮માં થયો હતો, પણ શક્ય હોય ત્યારે એમની સાથે જતાં.

સ્વાતંત્ર્યોત્તર સમયમાં દેશમાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ જેમાંની એક 'ગુજરાત યુનિવર્સિટી' અમદાવાદમાં સ્થપાઈ. ઉમાશંકર 'વિશ્વવિદ્યાલય મંડળ' – જે એના અભ્યાસક્રમ અને માધ્યમ અંગે નિયમિત મળતું હતું –ના સભ્ય હતા. ૧૯૪૮માં સરકારે નીમેલી વિશ્વવિદ્યાલય સમિતિની પ્રશ્નાવલીના પ્રત્યુત્તરમાં ઉમાશંકરે ત્રણ સૂચનો કર્યાં હતાં. પ્રથમ તો કેળવણીનું માધ્યમ સ્થાનિક ભાષા હોવું જોઈએ. બીજું, વિશ્વવિદ્યાલયમાંથી મેકોલે-યોજીત કેળવણી પ્રથામાં જેમ આ છેડે વિદ્યાર્થી દાખલ થતો અને બીજે છેડે કારકુન નીકળતો એમ નવી શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થી નિષ્ણાતોરૂપી

યંત્રો માટેનો જીવતો માલ ન નીકળે તે સામે સાવધાન રહેવા સૂચવ્યું છે. ત્રીજી વાત એમણે એ કહી કે વિશ્વવિદ્યાલયમાં કેન્દ્રસ્થાને વ્યવહાર પુરુષ –રાજકારણ કે સમાજનો –ન હોય પરંતુ વિદ્યાપુરુષ હોય. કેળવણીને રાજકારણનું સાધન ન બનાવવું. રાજ્ય કે સમાજનો વિદ્યાકીય સંસ્થાને આશ્રય મળતો હોય એનો અર્થ એ નથી કે એ સંસ્થા રાજ્ય કે સમાજની ગુલામ બને. 'હાથ મસ્તકથી ઊંચા પહોંચે, મસ્તકને છેદી પણ શકે, પરંતુ તેથી હાથ મસ્તકનું સ્થાન લઈ શકતા નથી.' [*સંસ્કૃતિ*, મે, ૧૯૪૮, પૃ. ૧૮૩] શિક્ષણ સંસ્થાઓની સ્વાયત્તતા વિશે એમણે શરૂઆતથી જ આગ્રહ સેવ્યો હતો.

ઔદ્યોગિક નગર અમદાવાદના ઉદ્યોગપતિઓ આ સમયે નવા ઉદ્યોગો સ્થાપવા ઇચ્છતા હોવાથી નવા નિષ્ણાતો પેદા કરવા માટે નવી કૉલેજોની – ખાસ કરીને વિજ્ઞાન, ફાર્માસ્યુટિકલ અને એન્જિનિયરિંગ કૉલેજોની – સ્થાપના માટે પ્રવૃત્ત બન્યા હતા. જાણીતા ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈએ આ વિશે લેખ પણ લખ્યો હતો. ઉમાશંકરે આ સામે આક્રોશ વ્યકત કરતાં પ્રશ્ન કર્યો હતો કે નવી કૉલેજોથી 'અમદાવાદ'ને લાભ થવાનો છે કે અમદાવાદના 'સાહસિક વેપારીઓને'? કસ્તુરભાઈ જેના પ્રમુખ હતા તે 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'એ એક તરફ નવી કૉલેજો શરૂ કરી હતી તો બીજી બાજુ વલસાડમાં કસ્તુરભાઈનું રંગનું કારખાનું પણ નીકળ્યું હતું એ તરફ ઉમાશંકરે ધ્યાન દોર્યું હતું. અમદાવાદના સાહસિક ઉદ્યોગપતિઓને આમ કેળવણીના નિયોજનમાં – વિશ્વવિદ્યાલયપ્રવૃત્તિઓમાં –રસ લેવાને કારણ હતું. અંગત આર્થિક મહત્ત્વાકાંક્ષાઓને અનુસરવા માટે કેળવણીના ઉદ્યોગનું એક પૂરક ઉદ્યોગ તરીકેનું મહત્ત્વ તેમને માટે હતું. ઉમાશંકર આક્રોશ સાથે પ્રશ્ન કરે છેઃ 'અમદાવાદમા વિશ્વવિદ્યાલય કસ્તુરભાઈ ઍન્ડ કંપની માટે રચવાનું છે?' [*સંસ્કૃતિ*, જૂન, ૧૯૪૮; *સમયરંગ*, પૃ. ૪૬]

૧૯૫૪માં ઉમાશંકરે ગુજરાત યુનિવર્સિટીની એક જાહેરાતના જવાબમાં ગુજરાતી સાહિત્યના અધ્યાપકની જગા માટે અરજી કરી. આ પદ માટે એમ.એ.ની પ્રથમ વર્ગની ડિગ્રી જરૂરી હતી. પાછળથી જ્યારે એમણે જાણ્યું કે યુનિવર્સિટી આમંત્રણ આપીને પણ ઉમેદવારને બોલાવી શકે ત્યારે એમણે એમની અરજી 'કોઈ પણ રીતે આપણા કોઈ પ્રૌઢ વિદ્વાનનો આ સ્થાનને લાભ મળે એ આડે ન આવે' તે માટે પાછી ખેંચી હતી. [*પત્રો –૨ઃ ૧૯૫૧–૧૯૭૦*, પૃ. ૮૭]. પાછળથી કુલપતિ હરસિદ્ધભાઈ દિવેટિયાના કહેવાથી ઇન્ટરવ્યૂ માટે ગયા હતા. એ પછી ઉમાશંકરની ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ અને ગુજરાતીના અધ્યાપક તરીકે નિમણૂક થઈ. ૨૧મી જૂને એમણે આ ફરજ સંભાળી ત્યારે એક વર્ષથી 'સંદેશ'

દૈનિકમાં 'સાહિત્ય અને સાધના' નામની અઠવાડિક કટાર ચલાવતા હતા એ બંધ કરી. ૧૯૫૬માં અમેરિકાની યુનિવર્સિટીઓના ઉચ્ચ-શિક્ષણનો હેવાલ રજૂ કરવા ભારત સરકારે મોકલેલી એક સમિતિના સભ્ય તરીકે ઉમાશંકરે અમેરિકાની યુનિવર્સિટીઓની શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કર્યો. (આ પહેલાં ૧૯૫૨માં એમણે પહેલો વિદેશ પ્રવાસ એશિયાઈ તથા પેસેફિક દેશોની શાંતિપરિષદમાં હાજરી આપવા ચીનનો ખેડ્યો હતો. આ દરમિયાન લખેલી વાસરીમાં ચીનની ક્રાંતિને પગલે બદલાયેલા ચીનનું ઝીણી વિગતોમાં બયાન કર્યું હતું. [જુઓ, એમનું પુસ્તક *ચીનમાં ચોપ્પન દિવસ*])

અમદાવાદમાં ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં ઘણી નવી કૉલેજો કેવળ ઉદ્યોગપતિઓની જ નહીં પરંતુ સાથે સાથે સરકારની પણ અંગત મહત્ત્વાકાંક્ષાઓને પોષવા માટે નીકળી. ચીમનભાઈ પટેલે – જેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કૉલેજના અધ્યાપક તરીકે કરી હતી – યુનિવર્સિટીના પ્રશ્નોમાં રસ લેવા માંડ્યો અને કૉંગ્રેસ નેતાઓ મોરારજી દેસાઈ અને ઠાકોરભાઈ દેસાઈના આશીર્વાદથી ધીમે ધીમે આખા ગુજરાતમાં અનેક કૅાલેજોની સ્થાપના દ્વારા એ યુનિવર્સિટીમાં કૉંગ્રેસ જૂથના સર્વોપરી નેતા બન્યા. એમણે સ્થાપેલી કૉલેજોના રાજકીય અને વ્યાપારી વ્યવસ્થાપકમંડળોએ પોતાનું વર્ચસ્વ યુનિવર્સિટીના કાર્યો પર જમાવ્યું. રાજકારણનો પગપેસારો આમ વિદ્યાક્ષેત્રે શરૂ થઈ ચૂક્યો હતો. ૧૯૬૬માં કૉંગ્રેસ પક્ષે યુનિવર્સિટીના કુલપતિની ચૂંટણી માટે મગનભાઈ દેસાઈ જે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક હતા તેમની પસંદગી કરી. રાજકારણને શિક્ષણમાંથી દૂર રાખવા ઉમાશંકરે ચૂંટણી લઢવાનું સ્વીકાર્યું અને ચૂંટણી જીત્યા. ૧૯૬૬ની ૩૦ નવેમ્બરે તેમણે ત્રણ વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકેનો ભાર સંભાળ્યો. ૧૯૬૯માં ત્રણ વર્ષની મુદત પૂરી થતાં ફરી એક વાર તેઓ ચૂંટણી લડ્યા. આ વખતે એમના પ્રતિસ્પર્ધી ફરીથી ચીમનભાઈ જૂથના ગુજરાત લૉ સોસાયટીના સેક્રેટરી ઈન્દ્રવદન નાણાવટી હતા. બીજી વખત પણ ઉમાશંકર ચૂંટણીમાં જીત્યા. ચૂંટણીના દિવસોમાં ઘર પ્રવૃત્તિઓથી ભરેલું રહેતું. ઝીણાભાઈ દેસાઈ, નિરંજન ભગત, એચ.કે.આર્ટ્સ કૉલેજના આચાર્ય યશવંત શુક્લ ઉપરાંત એચ.એલ. કૉલેજ ઑફ કોમર્સના આચાર્ય એસ.વી. દેસાઈ અને બી.ડી. કૉલેજના આચાર્ય એસ.આર. ભટ્ટ લગભગ રોજ મોડી રાતે આવતા અને સમાચારોની આપલે થતી. આચાર્ય બી.એમ. પીરઝાદા અને ગિરીશભાઈ પટેલ જેઓ ચૂંટણી પ્રચારમાં સક્રિય હતા તે પણ ઘેર આવતા. ૧૯૭૨માં એમની મુદત પૂરી થવામાં હતી ત્યારે અધ્યાપકો આગામી કુલપતિપદની ચૂંટણી રોકવા માટે હડતાળ પર ઊતર્યા. હડતાળ હિંસક સ્વરૂપ લે એવું લાગતું હતું અને હિંસા રોકવા યુનિવર્સિટીમાં પોલીસ બંદોબસ્ત કરવો પડે એમ હતું.

ઉમાશંકરે યુનિવર્સિટીના પ્રાંગણમાં પોલીસ બોલાવવાનો ઇન્કાર કર્યો અને પોતાનાથી હડતાલનું શાંતિપૂર્વક સમાધાન થઈ શક્યું નહીં તેથી રાજીનામું આપ્યું અને શાંતિ જળવાઈ રહે એ માટે ત્રણ દિવસના ઉપવાસ કર્યા.

## ૧૧

૧૯૫૫માં ઉમાશંકરે કનૈયાલાલ મુનશીની નેતાગીરી સામે સાહિત્ય પરિષદની મુક્તિનું આંદોલન કર્યું હતું. ૧૯૪૯માં મુનશીના પ્રમુખપદે જૂનાગઢમાં ભરાયેલા સાહિત્યસંમેલનને એમણે 'રાજકારણની ધૂળેટી' તરીકે વર્ણવ્યું હતું જેમાં જૂનાગઢ અને સૌરાષ્ટ્રના વડાપ્રધાનોનાં ભાષણો, માનપત્રોના સમારંભો અને 'જય સોમનાથ'ના નારાઓ ગૂંજ્યા હતા. ઉમાશંકરે પ્રશ્ન કર્યો હતો કે 'સરસ્વતી પાસે રાજ્યશ્રીના પગ ચંપાવવા જરૂરી છે?' [*સમયરંગ*, પૃ. ૭૨] ૧૯૫૫માં એમણે ફરીથી સાહિત્ય પરિષદના સંમેલન પહેલાં જણાવ્યુ હતું કે 'સાહિત્ય-શિક્ષણ-સંસ્કારની પ્રવૃત્તિઓમાં માત્ર રાજકારણની બોલબાલા હોય ...એક પ્રજા તરીકે એ શરમાવનારી વસ્તુ છે.' [*સમયરંગ*, પૃ. ૨૩૨] 'એક પચીસીથી પરિષદને એક વ્યક્તિનાં તાળાંકૂંચી લાગ્યા છે' [*સમયરંગ*, પૃ. ૨૩૧] એમ જણાવી મુનશીની નેતાગીરી સામે એમણે એક નિવેદન કર્યું હતું જેમાં સુખલાલજીથી માંડીને સો સાહિત્યકારોની સહી લીધી હતી અને એ નિવેદનપત્રિકા એમણે નડિયાદમાં પરિષદના અધિવેશનના મંડપના દ્વાર પર થોડા સાહિત્યકારો સાથે ઊભા રહીને પોતે અધિવેશનમાં પ્રવેશતા શ્રોતાઓને વહેંચી હતી અને એક નકલ મુનશીને પણ આપી હતી જેના પરિણામે અધિવેશન પૂરું થયું પછી નિવેદન વાંચીને મુનશીએ એમને મળવા બોલાવ્યા હતા અને ચર્ચાઓ કરી હતી જેને અંતે મુનશીએ પરિષદનો ચાર્જ આ સાહિત્યકારોને સોંપીને પોતે પરિષદની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લીધી હતી.[૨]

થોડાં વર્ષો પછી ૧૯૬૦ના દશકમાં કેટલાક ગુજરાતી સાહિત્યકારોએ ઉમાશંકરના સાહિત્યનો વિરોધ કર્યો હતો. ગુજરાતી સાહિત્ય અને વિવેચનમાં આધુનિકવાદની ચર્ચા થઈ ત્યારે ઉમાશંકરના સાહિત્યની સ્વરૂપ (form)ને બદલે કથન (content) પર ભાર મૂકવાના આરોપે ખૂબ આકરી ટીકા થઈ હતી. અમદાવાદમા 'રે મઠ' અને 'આકંઠ સાબરમતી' જેવાં મંડળોએ અને અમદાવાદ તેમ જ વડોદરાના સાહિત્યકારોએ એમના સાહિત્યને 'સાહિત્ય' માનવાનો ઇન્કાર કર્યો હતો. ઉમાશંકરના સામયિક 'સંસ્કૃતિ' સામે 'કૃતિ' નામનું સામાયિક શરૂ થયું હતું; 'સંસ્કૃતિ નહીં પણ કૃતિ' એવું સૂત્ર

---

૨ નિરંજન ભગત પાસેથી મળેલી માહિતી

કર્યું હતું; અને એમના સાહિત્યનો મૃત્યુઘંટ વગાડયો હતો. ગુજરાતી સાહિત્ય ઉત્તરોત્તર સમાજથી વિમુખ થતું રહ્યું છે અને કૃતિલક્ષી કે આધુનિકવાદ-અતિઆધુનિક્વાદની વિવેચન પરિભાષાએ સાહિત્યને કેવળ એક સ્વતંત્ર પ્રવૃત્તિ તરીકે જોયું છે. પશ્ચિમમાં આ બધી જ વિવેચન વિચારધારાઓ એક ચોક્કસ ઐતિહાસિક સંદર્ભમાંથી જન્મી છે. એમાંથી એને છૂટી પાડીને બીજા સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં પ્રસ્તુત કરવી એ પણ એક ઐતિહાસિક રસ/કુતૂહલનો વિષય બનવો જોઈએ. ઉમાશંકરે વારંવાર કહ્યું છે કે એક સર્જની ચેતના સમયની ચેતના – zeitgeist – સાથે જોડાયેલી હોય છે, જે સર્જક એ માનવાનો ઇન્કાર કરે છે એની પણ. વિધિની વક્રતા એ છે કે એમનો વિરોધ કરનારાઓએ આઠમા દાયકાની શરૂઆતમાં એમને સેમ્યુએલ બેકેટ વિશે બોલવા અમદાવાદમાં બોલાવ્યા હતા, જેમાં હું પણ હાજર હતી.

## ૧૨

૧૯૬૯માં કેન્દ્રમાં કૉંગ્રેસનું વિભાજન થયું એ વખતે ગુજરાતમાં પણ કૉંગ્રેસના બે ભાગ પડ્યા અને મહત્ત્વના રાજકીય પરિવર્તનની શરૂઆત થઈ. જૂની કૉંગ્રેસ જે સંસ્થા કૉંગ્રેસ તરીકે ઓળખાઈ તેમાં મોરારજી દેસાઈની નેતાગીરી નીચે મધ્યવર્તી પ્રત્યાઘાતી લોકો રહ્યા જે ભાગ ગુજરાતમાં સત્તાસ્થાને રહ્યો. બીજું જૂથ કૉંગ્રેસ-ઇ (ઇન્દિરા ગાંધીની નેતાગીરી નીચેનું જૂથ)નું બન્યું જેમાં મુસ્લિમો, દલિતો અને બીજી પછાત જાતિઓ પહેલી વાર ગુજરાતના રાજકારણમાં, અને સ્વતંત્ર પાર્ટીના ભંગાણને લીધે છૂટા પડેલા ક્ષત્રિયો તેમાં જ થોડા સામ્યવાદીઓ પણ, જોડાયા. ધીમે ધીમે ઉચ્ચ જાતિના વર્ચસ્વવાળી જૂની કૉંગ્રેસ આ નવી કૉંગ્રેસથી અળગી થતી ગઈ. બીજી બાજુ હિન્દુ કોમવાદીઓ જનસંઘના વાવટા નીચે ભેગા થયા અને એમણે શહેરી ઉચ્ચ-મધ્યમ વર્ગ, તેમ જ નાના વેપારીઓ અને ધંધાદારીઓ પર અસર જમાવી. આ સમયે અમદાવાદમાં ૧૯૬૯ના સપ્ટેમ્બરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. એમ કહેવાય છે કે કૉંગ્રેસના ભાગલાએ આ રમખાણો ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મુસ્લિમોને લાગ્યું કે સંસ્થા-કૉંગ્રેસ સરકાર હિન્દુ કોમવાદીઓને મુસ્લિમો વિરુદ્ધ પ્રોત્સાહન આપતી હતી કેમકે મુસ્લિમો કૉંગ્રેસ-ઇને ટેકો આપતા હતા. આ રમખાણો બે કોમો વચ્ચે ન હતાં પરંતુ બહુમતી કોમ તરફથી જનસંહાર હતો અને ગુણાત્મક રીતે જુદાં હતાં કેમકે રમખાણોની એક નવી તરેહ ઊભી થઈ જેમાં કોમી હિંસા રાજકીય સત્તાનું મહત્વનું હથિયાર બની.

૧૮મી સપ્ટેમ્બરે રમખાણો શરૂ થયાં એ પહેલાં ૧૪મી અને ૧૬મીએ જનસંઘના નેતા બલરાજ મધોકે અમદાવાદમાં બે જાહેર સભાઓને સંબોધી. દેખીતી રીતે બંને

ભાષણો બુદ્ધિજીવી વર્ગના નિમંત્રિત પ્રતિનિધિઓના સમૂહ સમક્ષ આપવામાં આવ્યાં હતાં. ૧૪મીએ અમદાવાદ મિલીટરી એન્ડ રાઇફલ ટ્રેનિંગ એસોસિએશને ખાનપુરમાં યોજેલી સભામાં કેપ્ટન મોદક સ્મારક વ્યાખ્યાનમાળામાં 'પાકિસ્તાનની ધમકી' એ વિષય પર વ્યાખ્યાન હતું. ઉમાશંકર કુલપતિ તરીકે આ સભાના પ્રમુખસ્થાને હતા. બીજું ભાષણ ૧૬મીએ 'ભારત મહત્ત્વના નિર્ણયાત્મક તબક્કે' એ વિષય પર અમદાવાદ જુનિયર ચેમ્બરના ઉપક્રમે દિનેશ હૉલમાં હતું.

બલરાજ મધોકનું ૧૪મીનું ભાષણ ભારત સામે પાકિસ્તાનની યુદ્ધની ધમકી પર કેન્દ્રિત હતું. સમગ્ર બે કલાક દરમિયાન કરેલા ભાષણનો આ મુખ્ય વિષય હતો જેના સંદર્ભમાં મુસ્લિમોએ ભૂતકાળમાં પાકિસ્તાન તરફી ભજવેલા ભાગ અંગે અને તેમના 'ભારતીયકરણ'ની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો જેમાં ગર્ભિત રીતે એમની વફાદારી વિશે શંકા જન્માવીને હિન્દુઓમાં મુસ્લિમો સામે કચવાટની લાગણી પેદા થાય એવું હતું. એમણે સરદાર પટેલ અને કનૈયાલાલ મુનશીને યાદ કર્યા હતા અને સરદારના આદર્શો પર ચાલવાની ગુજરાતીઓને સલાહ આપી હતી.

ઉમાશંકરે આ સભા વિશે રેડ્ડી કમિશન –જે આ રમખાણોની તપાસ માટે નિમાયું હતું– સમક્ષ જણાવ્યું હતું કે આ સભા ખુલ્લામાં હતી અને મોટી સંખ્યામાં લોકો હાજર હતા. જો કે આ સભા નિમંત્રિતો માટે હતી અને તેમને નિમંત્રણ મળ્યું હતું, છતાં તેમને આ સભા એક જાહેર સભા જેવી લાગી. મધોકનું ભાષણ અર્ધું થયું ત્યારે મધોકના વિચારો સાથે પોતાને મતભેદ હોવાનું તેમને જણાયું હતું અને તેથી તેમને બીજે જવાનું હતું તેમ છતાં, અંતમાં તેમણે કેટલાંક અવલોકનો આપવા જોઈએ એમ તેમને લાગ્યું હતું. મધોકના પ્રવચન પછી તેમનાં મંતવ્યો સાથે અસંમતિ વ્યક્ત કરતાં ઉમાશંકરે જણાવ્યું હતું કે લગભગ બે કલાક સુધી તેલના ભારે ઊંચા ભાવ, શિક્ષિતોની બે-રોજગારી અને એવી બધી બાબતો તદ્દન વિસરી જવાઈ હતી. કોઈ યુદ્ધની વાત કરે તો પણ આધુનિક સમયમાં યુદ્ધને આર્થિક જીવાદોરીનો ટેકો હોવો જોઈએ અને કમનસીબે આ પાસા અંગે ભાષણમાં કાંઈ પણ ઉલ્લેખ થયો ન હતો. તેમણે એમ પણ કહ્યું કે ઇતિહાસને એના યોગ્ય દૃષ્ટિકોણથી મૂલવવો જોઈએ. ભારતની સ્વતંત્રતા લશ્કરને કારણે મળી એમ કહેવું એ ઐતિહાસિક જૂઠ હતું. સરદાર પટેલનો ઉલ્લેખ એ દર્શાવતો હતો કે ગાંધીજીના આદર્શોના જાણે સરદાર તદ્દન વિરોધી હતા. ખાસ તો એમણે ભારતમાં લઘુમતિનો મુદ્દો છણ્યો. લોકશાહી સરકારમાં લઘુમતી પક્ષ બહુમતી મેળવે એવી આશા હોય છે. પરંતુ જાતિ, ધર્મ અને બીજા પ્રકારની લઘુમતી હોય ત્યારે તે કાયમ માટે લઘુમતી જ રહે છે. લોકશાહી

પણ આવી લઘુમતિને મદદરૂપ થતી જણાતી નથી અને તેઓ હતાશાની લાગણી અનુભવતા જણાય છે. આવા કેસોમાં બહુમતી કોમે કાઈ કરવું જોઈએ. આ રાજકીય-સાંસ્કૃતિક સ્થિતિ છે અને એને વિશાળ દૃષ્ટિકોણથી જોવી જોઈએ.[3]

ઉમાશંકર માંડ બે જ મિનિટ બોલ્યા હશે ત્યાં શ્રોતાઓમાંના કેટલાક લોકોએ એમને મોટેથી સવાલો પૂછીને ગરબડ શરૂ કરી. એ ૧૫થી ૨૦ મિનિટ બોલ્યા હશે અને આ બધા સમય દરમિયાન સવાલો પૂછી વિઘ્નો ઊભાં કરવામાં આવી રહ્યાં હતાં. જમણી બાજુએ ઝાડ નીચે એક ટોળું ઊભેલું હતું. મોટે ભાગે ત્યાંથી જ સવાલો પૂછી ગરબડ કરાતી હતી. ઉમાશંકરે એમને શાંતિથી સાંભળવા કહેવું પડ્યું હતું. એમણે જણાવ્યું કે એ કોઈ પક્ષના ન હતા અને એ જે કંઈ કહી રહ્યા હતા તે વક્તા પ્રત્યે વિવેક જાળવીને સભાના અધ્યક્ષ તરીકેની ફરજ બજાવી રહ્યા હતા. સભા પૂરી થયા બાદ કેટલાક લોકો તેમની તરફ ધસી ગયા હતા અને ઉશ્કેરાયેલા હોવા છતાં એમની સાથે ચર્ચા કરવા માંગતા હતા. એમને લાગ્યું કે શ્રોતાઓનું વલણ એમણે સભામાં ચર્ચેલા પ્રશ્નો પરત્વે કોઈ પ્રકારનો કચવાટ જરૂર દર્શાવતું હતું અને આનાથી અમદાવાદના લોકોની દૃષ્ટિએ એમનું સ્થાન કંઈક અંશે તંગ પરિસ્થિતિમાં મુકાયું હતું. લોકો મહાપરાણે પોતાની જાતને કાબૂમાં રાખી શક્યા હતા અને કોમી સમસ્યા અંગેના ઉમાશંકરના વલણ અંગે ક્રોધ વ્યાપ્યો હતો. [*હેવાલ*, પૃ. ૭૫] આ જણાવે છે કે અમદાવાદનાં મધ્યમ વર્ગના લોકોમાં મુસ્લિમ વિરુદ્ધ લાગણી મધોકના ભાષણથી ઉશ્કેરાયેલી હતી જેથી એ વિશે ટીકા સાંભળવા જેટલી પણ એમનામાં ધીરજ ન હતી અને એમની લાગણી ઉશ્કેરાટ અને ધમાલનું સ્વરૂપ, અને કદાચ હિંસક હુમલાનું પણ, તરત જ લઈ શકે એમ હતું, જે ઉમાશંકરના કિસ્સામાં બન્યું હતું. બીજે દિવસે વર્તમાનપત્રોએ ઉમાશંકરની ટીકાને કારણે સભામાં ધાંધલ થયાના સમાચાર આપ્યા હતા. [*હેવાલ*, પૃ. ૭૬] ૧૮મી સપ્ટેમ્બરે થયેલા હુલ્લડમાં લોકોની સહાનુભૂતિ કોના તરફ હતી એ આના પરથી સમજી શકાય એવું છે. અમદાવાદના મધ્યમ વર્ગની મુસ્લિમો વિરુદ્ધની આ અસહિષ્ણુતા ઉત્તરોત્તર વધતી ગઈ છે એના આજે આપણે સૌ સાક્ષી છીએ. કોઈ પણ બૌદ્ધિક અને રેશનલ વિચારો જે એમના મંતવ્યોની વિરુદ્ધ હોય એ સાંભળવાની એમની તૈયારી નથી અને જે કોઈ એવા વિચારો રજૂ કરે તેમણે હિંસક પ્રત્યાઘાતોનો સામનો કરવાનો રહે છે.

---

૩ *અમદાવાદ અને ગુજરાતમાં અન્ય સ્થળે ૧૮ સપ્ટેમ્બર ૧૯૬૯ અને પછી થયેલાં કોમી રમખાણોનો કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટના ઓનરેબલ જસ્ટિસ પી. જગન મોહન રેડ્ડી અને અન્ય દ્વારા ૨૪ ઓક્ટોબર ૧૯૭૦ને દિવસે સુપ્રત કરેલો હેવાલ* જે સામાન્ય રીતે જસ્ટિસ રેડ્ડી કમિશન રિપોર્ટ તરીકે ઓળખાય છે. પૃ. ૬૬–૭૫

## ૧૩

૧૯૭૦માં ઉમાશંકર રાજ્યસભામાં રાષ્ટ્રપતિએ 'સાહિત્ય, વિજ્ઞાન, કળા અને સમાજસેવા'નાં ક્ષેત્રોમાંથી નિયુકત કરેલા એક સભ્ય તરીકે નિમાયા. સંસદનો એમનો અનુભવ ઘણો સમૃદ્ધ હતો. ભારત જેવા વિશાળ દેશની અનેક સમસ્યાઓનો કાંઈક નજીકથી પરિચય કરવાની એમને તક મળી હતી.

રાજ્યસભાના સભ્ય થતાં પહેલાં એમણે કુલપતિ તરીકે મળતા રૂ. પાંચસો લેવાનું, નિયમની રાહે, બંધ કર્યું. ગુજરાતીના અધ્યાપક તરીકેનું વેતન ૧૯૬૬માં કુલપતિ થતી વખતે જ છોડ્યું હતું. (એ વેતનના હિસાબ પેટે એમને ભૂલથી મળેલી વધારાની રકમ એમણે પાછળથી યુનિવર્સિટીને પરત કરી હતી.) પરંતુ એ વર્ગો લેતા હતા તેમ જ અધ્યાપક અને ભાષાભવનના અધ્યક્ષ તરીકે ચાલુ હતા તેમાંથી પણ ૧૯૭૦માં મુક્તિ મેળવી. સંસદ સભ્યોને સત્રમાં ત્રણ વિમાન યાત્રા સુલભ હતી એટલે અવારનવાર એ થોડા દિવસો માટે દિલ્હી જતા. ૧૯૭૨માં યુનિવર્સિટીમાંથી મુક્ત થયા પછી એ લાંબો સમય દિલ્હી રોકાતા અને સળંગ હાજરી આપતા. સંસદ સભ્યને મળતા પેન્શન અંગે, કટોકટીના અનુભવને પગલે, એમણે કોઈ કારવાઈ કરી ન હતી. સંસદ સભ્ય તરીકે શપથ એમણે હિંદીમાં લીધા હતા, અને ભગવાનમાં માનતા હોવા છતાં પ્રતિજ્ઞાવાચન (એફર્મેશન) વાંચવાનું એમણે પસંદ કર્યું હતું, ધર્મ અને રાજકારણને કોઈ સંબંધ હોઈ શકે નહીં, કદાચ એ કારણે.

રાજ્યસભાના સેંટ્રલ હૉલ – કેન્દ્રિય ખંડને એ 'ભારતચોરો' તરીકે ઓળખાવતા. પીલુ મોદી, જગજીવનરામ જેવા સદસ્યો ત્યાં બેસતા અને ભારતના પ્રશ્નોની ચર્ચા થતી. એમણે નોંધ્યું છે કે છ વર્ષના એમના સંસદસભ્ય તરીકેના ગાળામાં એમણે ક્યારેય મોરારજી દેસાઈને કેન્દ્રિય ખંડમાં જોયા ન હતા. રાજ્યસભામાં એમનું પહેલું ભાષણ ૧૨ નવેમ્બર ૧૯૭૦ને દિવસે 'હરિજનો અને ગિરિજનો'ના હેવાલ પર હતું. ૧૯૭૧ના ઓગસ્ટમાં માહિતી અને પ્રસારણ ખાતાની ચર્ચામાં અખબારી સ્વાતંત્ર્ય અંગે એ બોલ્યા હતા. વરિષ્ઠ અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક અંગે ૩ મે ૧૯૭૩ના દિવસે અને પરવાના કૌભાંડ અંગેની ૧૮ સપ્ટેમ્બર ૧૯૭૪ને દિવસે થયેલી ચર્ચામાં એમને પાંચ મિનિટમાં મંતવ્ય પૂરું કરવાની તક મળી હતી. અમદાવાદમાં એક દલિત પર સરકારી કર્મચારીઓએ કરેલા અત્યાચાર અને પોલીસની નિષ્ક્રિયતા પર ડિસેમ્બર ૧૯૭૩માં બોલ્યા હતા. ૧૮ માર્ચ ૧૯૭૪ને દિવસે બજેટ અંગે કેટલાક મુદ્દા પર પ્રવચન કર્યું હતું. નિયુકત સભ્યોને સૌ પક્ષોની પાછળ, છેલ્લે, સમય આપવામાં આવે. પરંતુ ઉમાશંકરને કોઈ અગત્યની વાત પર બોલવું હોય ત્યારે હંમેશા પ્રમુખપદ

સંભાળતી વ્યક્તિએ સમય આપ્યો હતો. ખાસ તો ગુજરાતમાં ૧૯૭૪માં બનેલા બનાવો અને ’૭૫ની કટોકટીને કારણે એમને સંસદમાં ભાગ ભજવવાનો આવ્યો. ૨૨.૨.૧૯૭૪ના રોજ ગુજરાતની પરિસ્થિતિ ઉપર, ૭.૩.૧૯૭૪ના રોજ ગુજરાત વિધાનસભાના વિસર્જન ઉપર, ૧૩.૫.૧૯૭૪ના રોજ ચૂંટાયેલા સભ્યે બળજબરીથી તો રાજીનામું આપ્યું નથીને વગેરે અંગે સ્પીકરને નિર્ણય કરવાનો હક્ક આપતા તેત્રીસમા બંધારણીય સુધારા ઉપર, ૧૨.૧૧.૧૯૭૪ના રોજ ભારતની લોકશાહી ઉપર, ૧૮.૧૨.૧૯૭૪ના રોજ ઉમેદવારની ચૂંટણી માટેના, કાયદાથી નક્કી કરેલા, ખર્ચમાં એના પક્ષે કરેલા ખર્ચનો સમાવેશ કરવો નહીં એવા બંધારણીય સુધારાની વિરૂદ્ધ, ૨૫.૩.૧૯૭૫ના રોજ ગુજરાત બજેટ અંગેની ચર્ચામાં ગુજરાતમાં ચૂંટણી યોજવા અંગે, ૨૨.૭.૧૯૭૫ના રોજ કટોકટી ઉપર, ૮.૧.૧૯૭૬ના રોજ રાષ્ટ્રપતિના પ્રવચન ઉપર, અને છેલ્લે ૪.૨.૧૯૭૬ના રોજ સેન્સરશીપના ખરડાની વિરુદ્ધમાં એ રાજ્યસભામાં બોલ્યા હતા. એક નિયુક્ત સભ્ય ભાગ્યે જ કરે એવી દરમ્યાનગીરી એમણે રાજ્યસભામાં કટોકટી દરમિયાન બજાવી હતી. નિયુક્ત સભ્ય રાજકર્તા પક્ષમાં જોડાવા બંધાયેલા નથી, એટલું જ નહીં, વિરોધપક્ષોની જેમ જ ચાહે તો વિરોધ કરી શકે છે. આથી રાજ્યકર્તા પક્ષના દંડક (વ્હીપ) જે કટોકટીના સમયમાં બહુ વપરાયા અને પંકાયા તેમને ઉમાશંકરે સ્પષ્ટ કહેલું કે એ પક્ષના સભ્ય નથી, તેથી તેમણે એમને કોઈ સૂચના આપવી નહીં.

૧૯૭૨માં ઉમાશંકરે કેન્દ્ર સરકાર તરફથી મળતું સન્માન ‘પદ્મવિભૂષણ’ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. આ પહેલાં ૧૯૫૬માં પદ્મશ્રીનો ખિતાબ પણ એમણે સ્વીકાર્યો ન હતો.

## ૧૪

૧૯૬૯ના કૉંગ્રેસ વિભાજને ગુજરાતમાં રાજકીય પરિવર્તન આણ્યું. ઉમાશંકરની સહાનુભૂતિ નવી કૉંગ્રેસ તરફ હતી અને ખાસ તો મોરારજી પ્રેરિત જૂની સંસ્થા-કૉંગ્રેસ વિરુદ્ધ હતી. આ સમયે દેશમાં બીજે પણ મોટા ભાગના બૌદ્ધિકોનો પ્રતિભાવ આવો હતો. ૧૯૭૧માં બાંગ્લાદેશની સ્વતંત્રતાનું ઉમાશંકરે સ્વાગત કર્યું હતું. નવી કૉંગ્રેસ તરફથી ઘણી આશાઓ ઊભી થઈ હતી. પરંતુ ૧૯૭૨ની ગુજરાતની વિધાનસભાની ચૂટણીઓમાં સાનુકૂળ વાતાવરણમાં પણ યોગ્ય ઉમેદવારો પસંદ ન થયા એથી ઇન્દિરા ગાંધીની ‘ગરીબી હટાવો’ની સામાજિક ક્રાંતિની પ્રજાને આપેલી ખાતરીની પોકળતા ખૂલ્લી પડી એ વિશે ઉમાશંકરે ટીકા કરતાં પૂછ્યું કે ‘મારા તે સારા કે સારા તે

મારા (ઉમેદવારો)?' ઓક્ટોબર ૧૯૭૨માં અમદાવાદની લોકસભાની બેઠકની ચૂંટણી વખતે ઉમેદવાર તરીકે પહેલાં એમનું નામ ગુજરાતના કૉંગ્રેસ પક્ષે સૂચવ્યું હતું અને પછીથી એ બેઠક માટે મનુભાઈ પાલખીવાળાને ઉમેદવાર જાહેર કર્યા હતા. એનાથી થયેલી ગેરસમજને દૂર કરવા ઇન્દિરા ગાંધીએ એમને પત્ર લખી જણાવ્યુ હતું કે રાજકારણની ધાંધલધમાલમાં એક કવિને ખેંચવા અંગેના ડહાપણ વિશે શંકા થતાં આ નિર્ણય લેવાયો હતો. ઉમાશંકરે જવાબમાં જણાવ્યું હતું કે એમના અમદાવાદની લોકસભાની બેઠક માટે ઇન્દિરા ગાંધીનો કે ગુજરાતની સરકાર કે પક્ષની કોઈ પણ વ્યક્તિનો સંપર્ક સાધ્યા સિવાય પક્ષ તરફથી એમના નામનો વિચાર થયો હતો. જે વસ્તુ બની એમાં એમના વિશે ગેરસમજ થવાની સંભાવના વધુ હતી કેમકે એમનું નામ એમણે ચર્ચાવા દીધું. પ્રત્યાઘાતી પરિબળોનો સામનો કરવા છ વર્ષ પહેલાં યુનિવર્સિટી-કારણમાં એમણે ઝંપલાવ્યું હતું. પરંતુ એમની નજીકના કેટલાક મિત્રો એ એક પક્ષના થઈ બેસે એ વિચારને ધિક્કારતા હતા એ કારણે નહીં કે કવિએ ચંદનમહેલમાં અલિપ્ત વસવું જોઈએ પરંતુ એટલા માટે કે જૂના પરિચિત અને નવાં પ્રગટેલાં અંધારિયાં બળોનો એ જે છે એ રીતે જ કદાચ વધુ મુક્તપણે સામનો કરી શકે – ખાસ કરીને સાંપ્રત સમયમાં જ્યારે દેશમાં કટોકટીનાં એંધાણ વરતાય છે. [હવે પછી પ્રગટ થનાર *પત્રો-૩: ૧૯૭૧–૧૯૮૮*માંથી]

કટોકટીનો અંદેશો આમ એમને ૧૯૭૨ના અંતથી જ આવ્યો હતો. ૧૯૭૨ની ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓમાં નવી કૉંગ્રેસને જંગી બહુમતી મળી અને ૧૬૮માંથી ૧૩૯ સીટો મળી. ૧૯૭૩માં ચીમનભાઈ પટેલ રાજકીય રમતથી મુખ્ય પ્રધાન થયા. ગુજરાતમાં જાહેર જીવનની નૈતિકતાનું ધોરણ ઘણું નીચું ગયું. ૧૯૭૧ના બાંગ્લાદેશના યુદ્ધના પરિણામે આર્થિક સ્થિતિ વણસી હતી. ભાવો આસમાને ગયા હતા અને મધ્યમ તેમ જ નીચલા વર્ગોમાં ખૂબ જ અસંતોષ હતો. ચીમનભાઈએ યુનિવર્સિટીનો મંચ પોતાની રાજકીય કારકિર્દી તરીકે વાપર્યો હતો અને યુનિવર્સિટીના પ્રશ્નોમાં એમની દખલગીરી ચાલુ જ હતી. એમની સામે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં ઘણો આક્રોશ હતો. ખાસ તો ભ્રષ્ટાચાર જેની મારફત સરકાર અસ્તિત્વમાં આવી હતી એ નેતાઓની જાણે કે જીવનરીતિ બની ગઈ હતી. આ બધાં કારણોએ 'નવનિર્માણ આંદોલન'ને જન્મ આપ્યો જેને પરિણામે છેવટે ચીમનભાઈ પટેલને રાજીનામું આપવું પડ્યું. 'નવનિર્માણ આંદોલન' એ વિદ્યાર્થીઓનું સરકાર સામેનું આંદોલન હતું. પાર્લમેન્ટરી લોકશાહી પર આ પહેલો ગંભીર પ્રહાર હતો. ઉમાશંકરે ૧૯૭૩માં ચીમનભાઈની રાજરમતના પ્રતિભાવે ચેતવણી ઉચ્ચારી હતી કે 'આવું ચાલશે તો

પ્રજાને આંદોલનને માર્ગે પણ ચઢવું પડે.' [*સમયરંગ*, જુલાઈ ૧૯૭૩, પૃ. ૩૬૭]

નવનિર્માણ આંદોલનને ઉમાશંકરે મહાગુજરાત આંદોલન કરતાં વધારે દૂરગામી પરિણામો લાવનારું ભાખ્યું હતું કેમકે જે સામાજિક ક્રાંતિની અપેક્ષા હતી તેના આમાં પગરણ હતાં. સાથે જ એમણે ચેતવણી ઉચ્ચારી હતી કે 'જો આ સ્વયંભૂ વિરાટ આંદોલન કોમી રૂપ પકડશે તો અથવા હિંસાને માર્ગે વળશે તો મૂળ મકસદને ભારે ધક્કો પહોંચશે અને જે તત્ત્વોને દૂર કરવાનો ખ્યાલ છે તે, ઉપરથી, વધુ મજબૂત બનશે.' [*સમયરંગ*, જાન્યુઆરી ૧૯૭૪, પૃ. ૩૭૪] પોલીસે આ દરમિયાન એચ.કે.આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓના વાળ ખેંચીને એમને ઘાયલ કરી હતી તેમ જ ઘરમાં પેસીને બહેનો પ્રત્યે નિર્લજ્જ વર્તન કર્યું હતું. બહેનો પર પર પોલીસે ગુજારેલા દમન અંગે તેમણે વ્યથા વ્યકત કરી અને એમાંથી પ્રજાનો સાચો રોષ ભભૂકી ઉઠશે એવી ચેતવણી આપી હતી. અસહાય લોકોની સામે દમનકારી પોલીસની હિંસા તેમણે વખોડી હતી. એ આંદોલન દરમિયાન ઉમાશંકર વિદ્યાર્થીઓ સાથે હતા અને ગુજરાતનાં નવયુવકો અને નવયુવતીઓએ એક ઐતહાસિક ગણી શકાય એવી સિદ્ધિ મેળવી એને અભિનંદન આપ્યાં હતાં. જો કે એ સાથે જ વિદ્યાર્થીઓએ એ વર્ષે પરીક્ષા આપવામાંથી મુક્તિની માંગણી કરી ત્યારે એમને ઠપકો પણ આપ્યો હતો. ગુજરાતના વિદ્યાર્થીઓ જ્યારે દિલ્હી ગયા ત્યારે કેન્દ્ર સરકારને એમની સાથે રચનાત્મક અભિગમ લેવા વીનવ્યું હતું. [૭.૩.૧૯૭૪ના રોજ ગુજરાત ઉપરની ચર્ચા વખતે રાજ્યસભામાં કરેલું પ્રવચન, *સમયરંગ*, પૃ. ૩૮૪] અને યુવાનોને સામ-દામ-દંડ-ભેદની રીતિથી તોડવાના સત્તારખું નેતાઓના પ્રયત્ન સામે ગુસ્સો પ્રગટ કર્યો હતો. નવ નિર્માણ આંદોલન વિદ્યાર્થીઓની સામાજિક ન્યાય માટે લડવાની શક્તિનું પ્રકટીકરણ હતું: 'યુવકયુવતીઓ શોષિત જનતા માટે જાનફેસાની કરવા માટે બહાર પડતાં હોય તેમને જે દેશની નેતાગીરી રીબાવે, વેરવિખેર કરવા મથી છૂટે... એ દેશની ...નેતાગીરીના ભાવિ વિશે શું કહેવું? દેશનું ભાવિ તો સામાજિક અન્યાય સાંખી ન લેનાર મુઠ્ઠીભર યુવકયુવતીઓ હશે તોપણ ઊજળું–ઊજળું જ છે.' [*સમયરંગ*, સપ્ટેમ્બર ૧૯૭૪, પૃ. ૪૦૦]

માર્ચ ૧૯૭૪માં ગુજરાતની વિધાનસભાનું વિસર્જન થયું પછી ચળવળનો નવો તબક્કો શરૂ થયો જેમાં ફરીથી ચૂંટણીનું રાજકારણ કેન્દ્રમાં આવ્યું. વિધાનસભા બરખાસ્તની માંગણીમાં બધા જ વિરોધ પક્ષો કૂદી પડ્યા. આ સમયે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ચળવળમાંથી હઠી ગયા અને એ જમણેરી રાજકીય પક્ષોના કાબૂમાં આવી. ૧૯૭૫માં જનતા મોરચા અને જનતા મોરચાની સરકાર સામે ઉમાશંકરે એમના

મતભેદ પ્રગટ કર્યા હતા. નવા રચાયેલા જનતા મોરચાએ સ્પષ્ટ બહુમતી ન મેળવી અને ચીમનભાઈના કિમલોપ પક્ષે એને 'બિનશરતી' ટેકો આપ્યો. ઉમાશંકરે ટીકા કરતાં લખ્યું કે 'ફરી સિદ્ધાંતવિહોણા સત્તાકારણ અને ભ્રષ્ટાચારી સોદાઓના ઓળા ગુજરાત પર ન ઊતરે એ માટે જાગ્રત લોકશાહીએ સાવધ રહેવું પડશે.' [*સમયરંગ*, મે ૧૯૭૫, પૃ. ૪૨૧] ચૂંટણીઓની ફલશ્રુતિ અંગે ઉમાશંકરે લખ્યું કે એ મોરારજી દેસાઈ માટે લગભગ પૂર્ણ સંતોષકારક નીવડી. જ્યારે જે.પી. આંદોલનને કારણે રાજ્યોમાં અને દેશમાં કૉંગ્રેસનો વિકલ્પ સંભવિત બનતો આવતો હતો ત્યારે મોરારજી દેસાઈની વડાપ્રધાન બનવાની મહેચ્છા ફળવતી બનવાની તક ઊઘડતી આવતી હતી. સંસ્થા કૉંગ્રેસ એકલી ચૂંટણી લડે એ યોગ્ય ના લાગે એટલે એમણે જનસંઘનો સાથ મેળવવાની તૈયારી કરી. ગુજરાતમાં લોકસંઘર્ષ સમિતિમાં સંસ્થા કૉંગ્રેસ અને જનસંઘ ભેગા થઈ શક્યા. આમ એમણે આશા મળે એવું ક્રાંતિનું વાતાવરણ જન્માવવાનું અને દેશને સાચી દોરવણી આપવાનું ટાળ્યું અને ગણતરીપૂર્વની ઉઘાડી રાજરમતથી સંતોષ માન્યો. પરિણામે જનસંઘની સંખ્યા અને તાકાત વધ્યાં. વધારામાં સરકાર રચવામાં ફેંકાયેલા કિમલોપના નેતા ચીમનભાઈને વધાવીને સ્વીકાર્યા. જે.પી.ની લોકપ્રતિનિધિઓની વાત એમણે ક્યારેય સ્વીકારી નહીં. ઉમાશંકરે ફરી એક વાર ચેતવણીનો સૂર કાઢ્યો કે 'ગુજરાતના પ્રયોગ પછી દેશ માટે ક્રાંતિલક્ષી જે.પી. થીસિસ કરતાં જુદી એવી સત્તાલક્ષી મોરારજી થીસિસ વધુ ઉઠાવ પામશે. શ્રીમતી ગાંધીના સત્તાદોરને ખાળવાના પ્રયત્નો ગુજરાતમાં અતિપ્રતિષ્ઠિત થયેલ સર્વોચ્ચવાદ, શ્રી ચીમનભાઈની સત્તા-થી-પૈસો-થી-સત્તા-થી-પૈસો તરફની દોટ, અને પ્રમાણમાં અજાણ્યા એવા જનસંઘની પ્રતિષ્ઠા કરવામાં પરિણમ્યા છે. ગુજરાત કેળવણીના અને જાહેર જીવનનાં અન્ય ક્ષેત્રમાં હવે મોરારજીભાઈ-કસ્તુરભાઈ-ચીમનભાઈની ધરીનો દબાવ અનુભવશે.' [*શેષ સમયરંગ*, જૂન ૧૯૭૫, પૃ. ૪૪૭–૪૫૦]

ગુજરાતમાં જનતા મોરચાની સરકાર આમ રાજકીય દૃષ્ટિએ કટોકટીની અને કૉંગ્રેસની આપખુદશાહીની વિરુદ્ધમાં હતી પરંતુ સામાજિક અને આર્થિક નીતિઓમાં કૉંગ્રેસથી પણ વધુ પ્રત્યાઘાતી નીવડી. સરકાર પર રૂઢિચૂસ્ત અને કોમવાદી બળો, મૂડીવાદીઓ તેમ જ ઉચ્ચ અને વચલી જાતિઓનો કાબૂ વધતો ગયો. આ જ અરસામાં ક્ષત્રિયોએ કૉંગ્રેસને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો અને કૉંગ્રેસના નેજા હેઠળ ખામ (KHAM) –ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમનું–નું ગઠન થયું.

નવનિર્માણ આંદોલનને પગલે જયપ્રકાશ નારાયણે પ્રથમ બિહારમાં અને પછી દેશમાં 'સંપૂર્ણ ક્રાંતિ'ની ચળવળ ચલાવી. ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં ઇન્દિરા

ગાંધીની સરકારે કટોકટી જાહેર કરી. ઉમાશંકરની કટોકટી દરમિયાન ધરપકડ થઈ ન હતી. પરંતુ એમના પકડાવા અંગે ઘણી અફવાઓ ફેલાઈ હતી. કદાચ સરકારની એવી નીતિ હતી કે અમુક લોકોને ન પકડવા. નાનાસાહેબ ગોરેને પણ નહોતા પકડવામાં આવ્યા. [*મુલાકાત*, પૃ. ૬૩] પરંતુ રાજ્યસભામાં ઉમાશંકરે, નિયુક્ત સભ્ય ભાગ્યે જ કરે, એવી ટીકા સરકારની કરી અને એને અપીલ કરી કે 'પ્રથમ પ્રજાસત્તાક (ફર્સ્ટ રીપબ્લિક) ઉપર પડદો પાડી દેવાની ઉતાવળ રખે કરી બેસતા!' [*સમયરંગ* જુલાઈ ૧૯૭૫, પૃ. ૪૩૦] ૧૯૭૭માં કેન્દ્ર સરકારની ચૂંટણીઓમાં જનતા પક્ષનો વિજય થયો અને પોતાની ઉપર ન વપરાય તે માટે કૉંગ્રેસે આંતરિક કટોકટી હટાવી લીધી. કટોકટીનો અંત આવ્યો અને નવી પરિસ્થિતિની આશા જન્મી. પરંતુ ઉમાશંકરે ૧૯૭૫માં ભાખ્યું હતું તેમ રાજ્યકર્તા પક્ષનાં ઘાતક તત્ત્વો વળી ગણતરીબાજ બન્યાં. 'મોટી રાજકીય મૂડી મળી હતી પણ સોના સાઠ કરી દીધા.' [*શેષ સમયરંગ*, જૂન ૧૯૭૭, પૃ. ૪૭૯] જનસંઘે, જે હવે 'ભારતીય જનતા પાર્ટી'ના નામે સજીવન થયું હતું, આર.આર.એસ. સાથેનો સંબંધ છોડયો નહીં. તમામ પક્ષો અને જૂથોએ પોતાને વધુ લાભ કેવી રીતે થશે એ ગણતરીનાં પેંતરાં શરૂ કરી દીધાં. ૧૯૮૦માં ઇન્દિરા ગાંધી જંગી બહુમતી સાથે ફરીથી ચૂંટાયાં અને સત્તા પર આવ્યાં. પરંતુ આ દરમિયાન જમણેરી પક્ષો ભારતના રાજકારણમાં સ્થિર બન્યા હતા. ૧૯૭૫ પછી મોરારજીભાઈની રાજકીય મહત્વાકાંક્ષાએ જે દિશા લીધી હતી એને પરિણામે એમને સૌથી વધુ લાભ થયો હતો.

૧૯૭૭ની ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓમાં ચીમનભાઈ જનતાદળ-ભારતીય જનતા પાર્ટી ગઠબંધનના મુખ્ય પ્રધાન બન્યા. કુલાક-પાટીદારોએ જમણેરી પક્ષો સાથે તાલમેલ કરી પોતાની પકડ ગુજરાતમાં મજબૂત કરી. ૧૯૮૦ પછી પટેલો ગુજરાતમાં સત્તાધારી વર્ગ બન્યા અને હિંદુત્વની એક ઉગ્ર, ઝનૂની, વિચારધારા સર્વોપરી બની જેની પકડ આજે પણ ગુજરાતમાં મજબૂત છે.

## ૧૫

૨૫મી જૂન ૧૯૭૫ને દિવસે કટોકટી જાહેર થઈ તે પછી ૨૬મીથી છાપાંઓ પર પ્રિ-સેન્સરશિપ લાદવામાં આવી. સરકારી નિયામકને લખાણ બતાવ્યા વગર છાપી ન શકાય એવું દેશમાં કદી ન હતું તેવું નિયંત્રણ દાખલ થયું. રાષ્ટ્રપતિએ નવા ત્રણ વટહુકમો બહાર પાડીને સેન્સરશિપને કાયમી કરવા તાક્યું. 'વાંધાજનક' કશું પણ લખાણ પ્રગટ કરી ન શકાય અને 'વાંધાજનક' શું તે સરકાર નક્કી કરે. બીજો વટહુકમ

પ્રેસ કાઉન્સિલ, જ્યાં પત્રકારો પોતાના માલિક સામે ફરિયાદ કરી શકતા, તેને રદ કરવાનો હતો. ત્રીજા વટહુકમથી સંસદ અને વિધાનસભામાં જે કાંઈ બોલાય તે પ્રગટ કરવા અંગે રક્ષણ હતું તે, પાછું ખેંચી લીધું અને પ્રજાના પ્રતિનિધિઓએ શું બોલે છે તે જાણવાનો મતદારોને હક રહ્યો નહીં. વર્તમાનપત્રોને મોંએ ડૂચા મારી બીજી બાજુ સરકારે સામૂહિક પ્રચાર-માધ્યમોની મદદથી લોકોના કાન ભરવા માંડ્યા.

એક સાહિત્યકાર તરીકે ઉમાશંકર માટે આ સ્વીકારવું અશક્ય હતું. ૧૯૪૭થી ચાલતા *સંસ્કૃતિ* માસિક માટે સેન્સર (લખાણો વગેરેના સરકારી નિયામક) પાસે જવું એ ગૌરવહાનિ હતી. *સંસ્કૃતિ*ના જૂન અંકમાં અગ્રલેખનું પહેલું પાનું કટોકટી જાહેર થયાનું મથાળું આપી કોરું રાખી, બીજે પાને 'તા. ૨૬ જૂન, ૧૯૭૫' કાવ્ય મૂકી કટોકટીના વિરોધમાં પ્રકાશન બંધ રાખ્યાનું જણાવ્યું હતું. ડિસેમ્બરમાં લાગ્યું કે પ્રકાશન ચાલુ રાખવા પ્રયત્ન કરવો અને *સંસ્કૃતિ* ફરીથી શરૂ થયું હતું. *નિરીક્ષક* સાપ્તાહિક-પત્રે – જેના તંત્રીમંડળમાં એ ૧૯૬૮માં શરૂ થયું ત્યારથી જ હતા અને જેમાં જાહેર જીવના પ્રશ્નો (પબ્લિક એફેર્સ)ની મુખ્યત્વે ચર્ચા થતી – પણ સેન્સર પાસે જવાનો ઇન્કાર કર્યો. પરિણામે *નિરીક્ષક* બંધ કરવું પડ્યું. *નિરીક્ષક* પાસે પોતાનું પ્રેસ ન હતું એટલે અગાઉથી બતાવ્યા વગર પ્રગટ કરવાને અવકાશ ન હતો. બીજું કોઈ પ્રેસ સેન્સરની અગાઉથી મંજૂરી ન મળી હોય એવું લખાણ છાપવા તૈયાર થાય એ સંભવિત ન હતું. પરંતુ થોડા સમય પછી ડાયનેમિક પ્રેસે *નિરીક્ષક* છાપવાનું જોખમ ખેડવાની તૈયારી બતાવી. સરકારી નોટિસો આવતી ગઈ એને ન ગણકારી. છેવટે જુલાઈ ૧૫ના અંકમાં ઉમાશંકરના અગ્રલેખ 'બંધારણસુધારા લોકમત વગર?' માટે સખ્ત નોટિસ બજાવવામાં આવી. એ અંક જપ્ત કરવામાં આવ્યો. બીજી વાર *નિરીક્ષક* બંધ થયું. તે પછી એનું રજિસ્ટ્રેશન પણ બંધ થયું. ૧૯૭૭ના મેની ૧લીએ *નિરીક્ષક* ફરી શરૂ થયું. આ બધામાં પ્રેસ, લેખકો, તંત્રી બધાંએ જોખમ ઉઠાવ્યું હતું અને 'પ્રજા હૃદયનો ધબકાર પ્રગટ કરવાનું' ચાલુ રાખ્યું હતું [*શેષ સમયરંગ*, ૧ મે, ૧૯૭૭, પૃ. ૪૭૬]

૪ ફેબ્રુઆરી ૧૯૭૬ના દિવસે રાજ્યસભામાં કરેલા છેલ્લા વક્તવ્યમાં, ઉમાશંકર એક કવિ તરીકે સેન્સરશિપના ખરડાની વિરુદ્ધમાં બોલ્યા હતા કેમકે એક સર્જક કલાકાર અને બૌદ્ધિક તરીકે એ ગૂંગળામણ અનુભવી રહ્યા હતા. એમાં સર્જક શક્તિઓને ટૂંપો દેવાનો ખ્યાલ હતો. એમણે ખરડાનો વિરોધ કર્યો હતો કેમકે 'તે એક મહાન પ્રજાના અંતરઆત્માને તાળાકૂંચીમાં મૂકવા માંગે છે.' [*સમયરંગ*, પૃ. ૪૪૯]

૨૦મી સદીમાં રેડિયો અને ટેલીવિઝનનાં વ્યાપક સમાચાર અને વિચાર-પ્રચારનાં સમૂહમાધ્યમોનો વિકાસ થયો જેના પર ધન અને સત્તા ધરાવનારાઓનો કાબૂ વધ્યો. કટોકટી સમયમાં આ માધ્યમોનો ભારે ગેરઉપયોગ કરવામાં આવ્યો હતો. જનતા સરકારે ૧૯૭૭ના ઑગસ્ટમાં સ્વાયત્તતાના વ્યવહારુ સંકેતો અંગે વિચાર કરવા એક કાર્યજૂથની નિમણૂક કરી જેના પ્રમુખ, પત્રકાર બી.જી. વર્ગીસ હતા અને જેના ઉમાશંકર એક સભ્ય હતા. વર્ગીસ કમિટી તરીકે જાણીતા આ જૂથનો કાર્યસંદર્ભ આકાશવાણી અને દૂરદર્શનને સંસદ પ્રત્યેની જવાબદારી સાથે સુસંગત રીતે પૂર્ણ સ્વાયત્તતા આપવાના પ્રસ્તાવના કાર્યકારી, નાણાંકીય અને કાનૂની પાસાં તપાસવાં; સ્વાયત્ત વ્યવસ્થાતંત્રોના આકાર અને માળખાનું સૂચન કરવું વગેરે હતો. કાર્યજૂથે છ મહિનાના ટૂંકા સમયમાં એનો અહેવાલ આપ્યો હતો જેમાં સૂચન કર્યું હતું કે 'આકાશભારતી' નામનું એક રાષ્ટ્રીય પ્રસારણ ટ્રસ્ટ બને, જેના છત્ર નીચે આકાશવાણી અને દૂરદર્શન બન્ને વિકસે. ઉપરાંત આકાશભારતી ટ્રસ્ટની સ્વાયત્તતાને બંધારણમાં જ દૃઢમૂલ બનાવવામાં આવે એ આશયથી કાર્યજૂથે બંધારણમાં એને માટે કરવાના સુધારાનો મુસદ્દો પણ આપ્યો. અહેવાલે સળંગ ઉપરથી છેક નીચે સુધી સ્વાયત્તતાની હિમાયત કરી. ઉપરાંત આ માધ્યમોને ઉપેક્ષિત જનપદો અને અર્ધ-શહેરી વિસ્તારો પ્રતિ – શહેરોના પણ અધિકારવિહીન લોકો પ્રત્યે – વાળવાની જરૂર પર ભાર મૂક્યો. માર્ચ ૧૯૭૮માં આ અહેવાલ સંસદમાં રજૂ થયો. પ્રસારભારતી એક્ટ છેવટે ૧૯૯૭માં અમલમાં આવ્યો. પરતું હવે પ્રસારભારતીનો ખરો પ્રશ્ન સરકારમાંથી મુક્ત થવાનો નહીં પરંતુ ખાનગી સેક્ટર અને મલ્ટીનેશનલ્સની ઇજારાશાહીમાંથી મુક્ત થવાનો બન્યો. વર્ગીસ કમિટીના આશયો આજે પણ સફળ થયા નથી.

## ૧૬

૧૯૮૦માં ગુજરાતમાં કૉંગ્રેસની 'ખામ'ના ગઠનવાળી સરકાર સત્તા પર આવી. સવર્ણ જાતિઓને આથી ખતરો લાગ્યો કે સત્તા એમના હાથમાંથી જતી રહેશે. મેડિકલ કૉલેજોમાં અનુસ્નાતક કક્ષાએ અનામતની જે વ્યવસ્થા હતી તેની સામે ૧૯૮૧માં અનામત વિરોધી આંદોલન શરૂ થયું. ગુજરાતના શિક્ષિત મધ્યમ વર્ગે, ખાસ કરીને પટેલોએ, આનું નેતૃત્વ કર્યું. ઉમાશંકરે આ આંદોલનનો વિરોધ કર્યો. એ અનામતની તરફેણમાં હતા. આ પહેલાં રાજ્યસભામાં બે વખત એ દલિતોના પ્રશ્ન ઉપર બોલ્યા હતા. અનુસૂચિત જ્ઞાતિઓ (હરિજનો) અને અનુસૂચિત જાતિઓ (ગિરિજનો, આદિવાસીઓ) અંગેના અહેવાલ પરની ચર્ચા દરમિયાન [*સમયરંગ*, પૃ.

૩૫૧–૫૬] અને બીજી વખત અમદાવાદમાં એક દલિત પર સરકારી કર્મચારીઓના અત્યાચાર વખતે પોલીસની બેજવાબદારી પર રાજ્યસભામાં ડિસેમ્બર ૧૯૭૩માં એ બોલ્યા હતા. કૉલેજમાં ભણતાં સવર્ણ છોકરી અને દલિત છોકરાનાં લગ્નથી થતી હિંસાને કારણે દલિત વિદ્યાર્થીને સ્વરક્ષણ કરવું મુશ્કેલ બને છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. ભૂમિહીનોને જમીન વહેંચણી અને વિકાસ યોજનાઓનો લાભ મળે એ અંગે એમણે સૂચવ્યું હતું અને કહ્યું હતું કે 'નીચામાં નીચા વર્ગો માટેની ક્રાંતિ જો ભારતમાં ત્રીજી વાર નિષ્ફળ જશે તો એક પ્રજા તરીકે આપણે ક્યાંય રહીશું નહીં.' ['સામાજિક ક્રાંતિના અભાવે ખતમ થઈશું', *જગત-રંગ*, પૃ. ૮૯–૯૧]. સપ્ટેમ્બર ૧૯૭૭માં રાજસ્થાનમાં નવી યુનિવર્સિટીઓની સ્થાપનાના પ્રશ્નને તપાસવા નિમાયેલી એક સમિતિના સભ્ય તરીકે એ જોધપુર ગયેલા અને વિદ્યાર્થીમંડળના એક સભ્યે તબીબી કૉલેજમાં અનામતનો વિરોધ કર્યો ત્યારે એટલી નાની ઉંમરે દેખાતા 'વક્રદર્શન, અનિષ્ટચિંતન' (cynicism)ની ટીકા કરી હતી. જો હરિજનો-ગિરિજનો પ્રજાના છઠ્ઠા ભાગ જેટલા હોય તો સમાજજીવનમાં એકેએક મહત્ત્વના ક્ષેત્રમાં દર છઠ્ઠો માણસ એ હરિજન-ગિરિજન જોવા મળવો જોઈએ. 'સરકારી નોકરીમાં એમને જે અગ્રિમતા અપાયેલી છે તે કહેવાતા ઉજળિયાત વર્ગોને ખૂંચે છે, પણ હકીકતમાં તો જગાઓ વણપૂરી જ રહે છે, ઉમેદવારીના (?બલકે સહાનુભૂતિના) અભાવે.' [*સમયરંગ*, પૃ. ૪૭૨]. આ પ્રશ્ન કેવળ વર્ગ-સંઘર્ષનો નથી પણ એનું આર્થિક પાસું છે જ. ભૂમિહીનને જમીનનો ટુકડો મળે અને એ લાભ કોઈ આંચકી ન લે એ માટે સલામતીનું વાતાવરણ બાંધવું જોઈએ એ વાત પર એમણે ભાર મૂક્યો છે. ૧૯૮૧ના આંદોલન વખતે ૧૨મી ફેબ્રુઆરીએ નાગરિક શાંતિસમિતિએ યોજેલી પ્રાર્થનાસભામાં જ્યારે અમદાવાદ હિંસાથી લોહીલુહાણ બન્યું હતું ત્યારે એમણે સ્વતંત્રતા પછી ચૂંટણીને કારણે જાતિ વ્યવસ્થાને પુનર્જીવન મળ્યું એનો ઉલ્લેખ કરીને આંદોલનકારીઓને વાટાઘાટોથી પ્રશ્નનું સમાધાન લાવવાની અપીલ કરી હતી.

આ આંદોલન દરમિયાન એક દિવસ ઉમાશંકર ઘવાયેલા દલિતોને મળવા વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ ગયા હતા ત્યારે કેટલાક અનામતવિરોધીઓએ એમના પર હુમલો કર્યો હતો. ૧૯૬૯ પછી બીજી વખત જાહેરમાં અમદાવાદનાં પ્રત્યાઘાતી, મધ્યમ વર્ગનાં તત્ત્વો એમની ઉપર ધસી આવ્યાં. આ વખતે એમને હડફેટમાં લીધા, એમનો ઝભ્ભો ફાડી નાખ્યો અને એમના નાકમાંથી લોહી નીકળ્યું. આવી હાલતમાં એ રીક્ષામાં બેસીને ઘેર આવ્યા હતા એની સ્મૃતિ મને છે.

દૂરદર્શન પર માર્ચ મહિનામાં એમણે આ આંદોલન પર હસમુખ બારાડીને આપેલી મૂલાકાત બે ભાગમાં રજૂ થઈ હતી જેમાં એમણે ભાર મૂક્યો હતો કે હરિજનો-ગિરિજનોને તક મળવી જ જોઈએ. એમને જરૂરી તાલીમ આપવી જોઈએ પણ એમને જે રક્ષણ છે, જે તકની સરખાઈ છે તે દૂર કરી કેવળ એમની બુદ્ધિની કક્ષા પર આધાર રાખતા છોડી દેવાથી તો એ ક્યારેય ઊંચા જઈ શકે નહીં. 'આ ઇતિહાસનું એક એલાન છે, કંઈ ભેટ કે બક્ષિસ આપવાની નથી. આ તો જે અન્યાયને કારણે નહોતું થતું તે ન્યાયપૂર્વક થવું જોઈએ. ...સમાજમાં જે સશક્ત છે અથવા માને છે કે પોતે સશક્ત છે એમણે સમજી લેવું જોઈએ કે ઉત્તમ વસ્તુઓના ઇજારા હવે રહી શકે તેમ નથી. એ શક્તિશાળી માણસ પાસે જ રહેવા જોઈ એમ રહ્યું નથી.' આથી આ બધા વર્ગોને તકોની સરખાઈ મળે અને જીવનનાં બધાં ક્ષેત્રોમાં સહજ ભાવે કામ કરવું હોય તે એ કરી શકે એવા થાય ત્યાં સુધી કોઈ જોગવાઈ રાખવી જ પડશે. ભારતમાં નાતજાતની સામે બુદ્ધ ભગવાને સહુ પહેલો અવાજ ઉઠાવ્યો અને પછી મધ્યકાળમાં ભક્તિયુગના મહાન સંતોએ એ ભેદ ગાળવા પ્રયત્ન કર્યો. ગાંધીજીને કારણે એ કામ આગળ વધ્યું છતાં સ્વરાજ પછી એને બરાબર વેગ ન મળ્યો. આ ત્રીજી મહાન તકનો લાભ પૂરો ન લઈએ, તો દેશને માટે કોઈ આશા નથી. [*શેષ સમયરંગ*, પૃ. ૫૨૧–૨૫]

૧૯૮૫માં ફરીથી અનામત વિરોધી આંદોલન થયું જે પછીથી કોમવાદી હિંસા તરફ વળ્યું. અમદાવાદમાં ઘણા બધા મુસ્લિમ વિસ્તારોમાં ઘરોને બાળવામાં આવ્યાં હતાં અને મોટા પાયે હિંસાના બનાવો બન્યા હતા. સરકારને આંદોલન અનામતમાંથી ધ્યાન હટાવી કોમવાદી કરવામાં રસ હતો. પોલીસતંત્ર પણ સરકારને તાબે હતું અને હિંસા ડામવાને બદલે ભય ફેલાવવવાનું સાધન બન્યું હતું. આ જ સમયગાળામાં સત્તાધારીઓની સાંઠગાંઠથી *ઇન્ડિયન એક્સપ્રેસ* અને *જનસત્તા* જેવા વર્તમાનપત્રો પર અને પત્રકારો પર હુમલા થયા હતા અને *ગુજરાત સમાચાર* વર્તમાનપત્રની ઑફિસને બાળવામાં આવી હતી. આ સંદર્ભમાં ઉમાશંકરે અન્ય નાગરિકો સાથે રાજ્યપાલને એક આવેદનપત્ર આપ્યું હતું જેમાં 'પોલીસને લોકો સામે, હરિજનોને સવર્ણો સામે, મુસ્લિમને હિન્દુ સામે લડાવવાના એક ઊંડા ષડ્યંત્ર'ને વખોડવામાં આવ્યું હતું તેમ જ 'રાજ્યના સજાના પગલાં લોકોની હિંસાથી અનેકગણાં વધારે હિંસક અને લોકોને ભય પમાડનારાં' હતાં તે અંગે ટીકા કરી હતી. વર્તમાનપત્રો તેમ જ પત્રકારો પરના હુમલા 'લોકશાહીનો નાશ કરનારા અને ફાસીવાદને છૂટો દોર આપનારા' બતાવ્યા હતા. પોલીસતંત્રનો ઉપયોગ ગુજરાતના લોકોમાં ભય ફેલાવવા માટે થઈ રહ્યો

હોવાની ચિંતા સાથે રાજ્યપાલને શાંતિ સ્થાપવા અને જરૂર પડે તો થોડા વખત માટે બહારથી લશ્કર બોલાવવા વિનંતી કરી હતી.[૪]

ઉમાશંકર નક્સલવાદીઓની હિંસાની વિરુદ્ધ હતા પરંતુ એમની શોષિતવર્ગ અંગેની ચિંતા અને ભૂમિસમસ્યા અંગેની સમસ્યાને હલ કરવાની એમની તીવ્ર કાર્યશીલતા તરફ સહાનુભૂતિ ધરાવતા હતા: 'નક્સલવાદીઓની કાર્યપદ્ધતિ સાથે સહમત ન થનારાઓ પણ દેશની મુખ્ય સમસ્યાની તાત્કાલિકતા ગમે તે ભોગે પ્રગટ કરતા તેમના ઉગ્ર ભાવનાવાદથી પ્રભાવિત થયા વિના રહે નહીં.' સરકારે એ સમસ્યાનો હલ કરવાને બદલે અને એ પ્રવૃત્તિને રચનાત્મક વલણ આપવાને બદલે એમને જેલમાં પૂર્યા અને અત્યાચાર કર્યો એનો એમણે વિરોધ કર્યો. નક્સલ બહેનો પર પોલીસે કરેલા અમાનુષી અત્યાચારનો પણ એમણે વિરોધ કર્યો હતો. [*સમયરંગ*, પૃ. ૩૯૮] મીસા હેઠળ પકડાયેલા 'નક્સલવાદીઓ'ને અને તમામ રાજકીય કેદીઓ (પોલિટિકલ પ્રિઝનર્સ)ને મુક્ત કરી દેવા જોઈએ એમ એ માનતા હતા. [*શેષ સમયરંગ*, પૃ. ૪૮૪]

## ૧૭

૧૯૭૮માં ઉમાશંકર રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુખ થયા. ૧૯૫૪માં સાહિત્ય અકાદમીની સ્થાપના થઈ ત્યારથી જ તેઓ ગુજરાતી સાહિત્યના પ્રતિનિધિ તરીકે એની સામાન્ય સભા (જનરલ કાઉન્સિલ) અને કારોબારીના સભ્ય નિયુક્ત થયા હતા. માર્ચની ૧૨મી તારીખે ડૉ. રાધાકૃષ્ણને એનું ઉદ્‌ઘાટન કર્યું અને સાહિત્યસર્જન મુક્તતાના વાતાવરણમાં જ પાંગરી શકે એ ઉપર ભાર મૂકી અકાદમીને સ્વાયત્ત બનાવવાના સરકારના નિર્ણયને વધાવી લીધો હતો. જવાહરલાલ નહેરુ એના પહેલા પ્રમુખ હતા. આ વખતે ઉમાશંકરને નહેરુનો નજીકથી પરિચય થયો હતો. નહેરુ અકાદમીને ઘણો સમય આપતા અને ઉમાશંકરનું માનવું છે કે આ સંસ્થામાં ક્યારેક કશું મહત્ત્વનું બનશે કેમકે નહેરુએ એમાં ઘણું રોકાણ કર્યું હતું. [*મુલાકાત*, પૃ. ૯૩] ૧૯૫૯માં નહેરુને લખેલા એક પત્રમાં એમણે સૂચન કર્યું હતું કે સાહિત્ય અકાદમીની વાર્ષિક સભાઓમાં બૌદ્ધિક અગત્યતા ધરાવતો પ્રસંગ પણ યોજાવો જોઈએ. સાહિત્યકારો છેક દિલ્હી સુધી આવે અને કોઈ વિચાર-વિમર્શ કર્યા વગર જ પાછા ફરે એ અજુગતું લાગતું હતું. [*પત્રો–૨ઃ ૧૯૫૧–૧૯૭૦*, પૃ. ૨૭૫] ઉમાશંકર પ્રમુખ થયા ત્યારે પણ એમણે બે નવી પ્રથા શરૂ કરી. એક તો એ પહેલા અકાદમીના પ્રમુખ હતા જે કાર્ય કરનાર પ્રમુખ હતા. અકાદમીનું કામકાજ ત્યાં સુધી સૅક્રેટરી જ

૪ ગુજરાતના રાજ્યપાલને આપેલા આવેદનપત્રની નકલમાંથી

ચલાવતા. સાહિત્ય અકાદમીના કૃષ્ણ કૃપાલાની, પ્રભાકર માચવે જેવા મોટા ગજાના સૅક્રેટરીઓ હતા. પ્રમુખ તો કેવળ મિટિંગોમાં અને સમારંભમાં હાજરી આપવા જ જતા. આ પ્રણાલી નહેરુએ શરૂ કરી હતી જે વધારે સમય આપે એ શક્ય ન હતું. ઉમાશંકર પ્રમુખ થયા ત્યાં સુધી અકાદમીમાં પ્રમુખની ઓફિસ જ ન હતી. એમણે એ શરૂ કરાવી. એ માત્ર મિટિંગોમાં હાજરી આપવા જ દિલ્હી નહોતા જતા. જ્યારે એ માટે એ દિલ્હી જતા ત્યારે થોડા દિવસ વધુ રોકાતા અને રોજ અકાદમીની ઑફિસે અમુક કલાક ગાળતા. બીજી પ્રણાલી એમણે એ શરૂ કરી કે સાહિત્ય અકાદમીના સમારંભો દિલ્હીની બહાર યોજવા. જ્યારે કોંકણી ભાષાને ભારતની એક ભાષાનો દરજ્જો મળ્યો તે વર્ષે વાર્ષિક પુરસ્કાર સમારોહ ગોવામાં પણજી ખાતે યોજાયો હતો.

૧૯૭૯માં ઉમાશંકરની રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં સ્થાપેલી વિશ્વભારતી સંસ્થાના આચાર્ય તરીકે નિયુક્તિ થઈ. સંસ્થાના સંવિધાન મુજબ આ પદે હંમેશા ભારતના વડા પ્રધાનની નિયુક્તિ થતી. ઉમાશંકરની બાબતમાં સંસ્થાએ આમાં અપવાદ કર્યો હતો. રવીન્દ્રનાથનો એમનો અભ્યાસ એ વીરમગામ છાવણીમાં હતા ત્યારથી જ શરૂ થયો હતો. એ *કોથાકાહીની* વાંચતા અને ગામોમાં ફરતા જ્યારે ભાષણો આપતા ત્યારે એમાંથી કથાઓનો ઉલ્લેખ કરતા. [*મુલાકાત*, પૃ. ૨૬] ૧૯૨૯માં કૉલેજના બીજા વર્ષમાં મીઠાખળીમાં રહેતા ત્યારે સાબરમતી નદીને કાંઠે બેસી 'પ્રાચીન સાહિત્ય'ના ગદ્યફકરા મોટે અવાજે ગોખતા. [*થોડુંક અંગત*, પૃ. ૧૨૭] વિદ્યાપીઠના નિવાસ દરમિયાન ટાગોરનું *ધ રીલીજીયન ઑફ મેન*, *ગીતાંજલી* અને બીજાં પુસ્તકો વાંચ્યાં હતાં. એમના મિત્ર અને પછીથી પડોશી નગીનદાસભાઈ પારેખ પાસે બેસી બંગાળી કવિતા વાંચતા અને બંગાળી ભાષા પણ શીખ્યા. ટાગોર ૧૯૨૮માં અમદાવાદ આવેલા પરંતુ એમનું કોઈ જાહેર વ્યાખ્યાન ન હતું એટલે એમને જોવા-મળવાનું થયું ન હતું. ૧૯૩૮માં પણ જ્યારે કલકત્તામાં અખિલ ભારતીય લેખક સંમેલન ટાગોરના પ્રમુખપદે યોજાયું હતું અને ઉમાશંકરને એક બેઠકનું પ્રમુખસ્થાન લેવા માટે તારથી આમંત્રણ મળ્યું હતું ત્યારે પૈસાના અભાવે જઈ શક્યા ન હતા અને ટાગોરને જિંદગીમાં મળવાની તક ખોઈ હતી. ટાગોરનાં કાવ્યોનો ગુજરાતીમાં અનુવાદ એમણે અન્ય સાથે *એકોત્તરશતી* અને *ગીત-પંચશતી*માં કર્યો હતો. ટાગોરની નવલકથા *ગોરા*નો ઉલ્લેખ એમણે વારંવાર સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના સંદર્ભમાં કર્યો છે. એમના મતે ટાગોરે પહેલી વાર વીસમી સદીની શરૂઆતમાં એની સામે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો. ટાગોરનો એમનો અભ્યાસ જિંદગીપર્યંત ચાલુ રહ્યો હતો. ૧૯૬૧માં ટાગોરની જન્મશતાબ્દી વખતે જાન્યુઆરીમાં નિખિલ ભારતીય બંગીય સમિતિએ મુંબઈમાં

યોજેલા આંતરરાષ્ટ્રીય સંમેલનમાં અને ૭–૮ મેના રોજ કલકત્તામાં પ્રવચનો કર્યા હતા, તેમ જ ટાગોરના ઘર જોરાસાંકોમાં કવિતાવાચન કર્યું હતું. નવેમ્બરમાં દિલ્હીમાં સાહિત્ય અકાદમીએ રવીન્દ્ર જન્મશતાબ્દી નિમિત્તે યોજેલા આંતરરાષ્ટ્રીય સંમેલનમાં વક્તવ્ય આપ્યું હતું. ડિસેમ્બરમાં નિખિલ ભારત બંગીય સમિતિએ જોરાસાંકોમાં યોજેલા રવીન્દ્ર જન્મશતાબ્દી અધિવેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ૧૯૬૨માં કલકત્તા યુનિવર્સિટી તરફથી સપ્ટેમ્બરમાં ટાગોર ઉપર બે ભાષણો આપ્યાં હતાં. ટાગોર ઉપર એક પુસ્તક થાય એટલા લેખો એમણે જુદા જુદા સેમિનાર, સભાઓ વગેરે માટે લખ્યા છે. ટાગોર સાથે આમ એમનો આજીવન સંબંધ હતો. બંગાળને, ખાસ કરીને કલકત્તાને, એ પોતાનું બીજું ઘર ગણતા. ૧૯૭૭માં અખિલ ભારતીય શરત્‌ચંદ્ર જન્મ-શતાબ્દી સમિતિના પણ એ પ્રમુખ હતા. ટાગોરની યુનિવર્સિટીમાં આચાર્ય થવું એ એમના ટાગોર અને બંગાળ સાથેના સંબધોનું ચરમબિંદુ હતું. એ આચાર્ય હતા એ સમય દરમિયાન શાંતિનિકેતન જઈને થોડો સમય રહેતા.

આ જ રીતે કેરળમાં, તામિલનાડુમાં, ઉત્તર-પૂર્વ ભારતમાં, ઓરિસ્સામાં, ગોવામાં અને ભારતના બીજા અનેક ભાગોમાં સાહિત્યના એમના અનેક મિત્રો હતા અને ત્યાં સાહિત્યના અને અન્ય સમારંભોમાં એમણે અવારનવાર હાજરી આપી હતી. બંગાળની જેમ મહારાષ્ટ્ર પણ એમનો અતિ-પરિચિત સાહિત્યિક પ્રદેશ હતો. મહારાષ્ટ્રના કવિઓનાં કાવ્યોનાં ગુજરાતીમાં અનુવાદનાં પુસ્તકો એમણે 'નિશીથ પુરસ્કાર ગ્રંથમાળા' હેઠળ છાપ્યાં હતાં. ભારતીય સાહિત્યની ખરી સમજ એકબીજા પ્રદેશોના સાહિત્ય અને સાહિત્યકારો વચ્ચેના સર્જનાત્મક અને વૈચારિક આપ-લેથી જ કેળવાય એમ એ દ્રઢપણે માનતા હતા. સાહિત્ય અકાદમીના ઉપક્રમે આપેલા 'ઍન આઇડિયા ઑફ ઇંડિયન લિટરેચર' પરના સંવત્સર વ્યાખ્યાનોમાં એમણે એ વસ્તુ પર ભાર મૂક્યો હતો કે જ્યાં સુધી એક ભાષામાંથી બીજી ભારતીય ભાષાઓમાં અનુવાદની પ્રક્રિયા જોર નહીં પકડે અને પરસ્પર લેખકોનું અને સાહિત્યનું આદાન-પ્રદાન વધશે નહીં ત્યાં સુધી 'ભારતીય સાહિત્ય'ની વાત કરવી મુશ્કેલ પડશે. એમણે એમની પોતાની ઓળખ 'ગુજરાતી ભાષામાં લખતા ભારતીય સાહિત્યકાર' તરીકે આપવાનું પસંદ કરેલું તે એમણે બીજી ભાષાઓના સાહિત્યકારો સાથે વૈચારિક સંબંધો કેળવીને, એ ભાષાઓના સાહિત્યનો પરિચય કરીને અને એના વિશે લખીને જીવી બતાવી હતી.

## ૧૮

૧૯૮૪માં ઉમાશંકરે સ્વેચ્છાએ *સંસ્કૃતિ* બંધ કર્યું. ૧૯૮૦થી *સંસ્કૃતિ* માસિક મટીને ત્રૈમાસિક બન્યું હતું. ૧૯૮૦ પછી ઉમાશંકરે સમયના રંગ વિશે ખાસ લખ્યું નથી. *સંસ્કૃતિ*ના અંકોમાં કેવળ 'હૃદયનો હક્ક' મથાળા નીચે પરિચિત વ્યક્તિઓના મૃત્યુની નોંધો જ જોવા મળે છે. એક આખો યુગ એમની આંખો સામેથી ચાલ્યો જતો દેખાય છે. ૧૯૬૦ના દાયકાના અંતથી 'સમયરંગ'ની નોંધોનું સ્વરૂપ બદલાતું જણાય છે. પોતે જાહેરજીવનમાં સક્રિય બન્યા પછી એમણે પોતે જેની સાથે સંકળાયેલા હતા એ બનાવો વિશે વધારે લખ્યું છે. અનેક જવાબદારીઓની ભીંસમાં સમયના અભાવે કદાચ જુદી જુદી નાની-મોટી દરેક ક્ષેત્રની ઘટનાઓ, જેને વિશે 'સમયરંગ'માં નોંધો ટપકાવતા, એ શક્ય બન્યું નહીં. ૧૯૭૦ના દાયકામાં એ ગુજરાત યુનિવર્સિટી, રાજ્યસભા, સાહિત્ય અકાદમી, ઇંડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ માસ કૉમ્યુનિકેશન્સ વગેરે અનેક સંસ્થાઓ અને સમિતિઓ સાથે સંકાળાયેલા હોવાથી વ્યસ્ત હતા. આથી કેવળ રાજ્યસભામાં એમણે આપેલાં ભાષણો અને *નિરીક્ષક* માટે લખાયેલા અગ્રલેખો અને મૃત્યનોંધો 'સમયરંગ'માં મૂકાયા છે. પરંતુ ૧૯૮૦ની આસપાસ લખાયેલાં કાવ્યોમાં એક નવો જુવાળ જોવા મળે છે. ૧૯૭૦ના દાયકામાં હિંસાના બિહામણા ચહેરાનો એમને અનુભવ થયો હતો. નિર્દોષ, પોતાના હકો માટે અને બિનજવાબદાર રાજ્ય સામે લડતા લોકો પર, પોલીસ અને લશ્કરે ગુજરાતમાં અને બીજે અમાનુષી હિંસા આચરી હતી. સંસદમાં કરેલા અનેક ભાષણોમાં એમણે સરકાર અને ધનવાન લોકોની સાંઠગાંઠને પરિણામે ફેલાયેલી અરાજકતા સામે આંગળી ચીંધી હતી જેમને આર્થિક અસમાનતા દૂર કરવામાં રસ ન હતો. ઉમાશંકરે આ સંદર્ભમાં લખ્યું હતું કે 'પ્રજાનો વધુ વર્ગ ગરીબીરેખા નીચે ધકેલાયો છે. જરૂરી ચીજોના ભાવો વધ્યા છે, ...મજૂર વર્ગને વધુમાં વધુ સોસવું પડ્યું છે, ...[એકલા] ધનવાનો વધુ ધનવાન બન્યા છે. અનેક-રાષ્ટ્રીય (મલ્ટી-નેશનલ) ઉદ્યોગો માટે હવે દેશમાં મોકળું મેદાન છે.' [*સમયરંગ*, માર્ચ ૧૯૭૭, પૃ, ૪૬૬] દેશના પ્રશ્નો પાયામાં આર્થિક પ્રશ્ન છે અને આ કે તે સત્તાધારી પક્ષ આર્થિક નીતિ જાહેર કરવામાં વિલંબ કરે છે. ૧૯૭૦ના દાયકાના અંતમાં અનેક-રાષ્ટ્રીય ઉદ્યોગો ભારતમાં પ્રવેશ્યા એની ઉમાશંકર નોંધ લે છે અને એની અસર ભારતની આર્થિક સ્થિતિ પર કેવી પડશે એનું સૂચન કરે છે. ભારતમાં ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનો પ્રવાહ શરૂ થઈ ચૂક્યો હતો. મૂડીવાદ અતિ-મૂડીવાદની દિશામાં આગળ વધી રહ્યો હતો. આ હિંસાનું નવું સ્વરૂપ હતું. *સપ્તપદી*નાં કાવ્યોમાં હિંસાના સ્વરૂપ અને મનુષ્ય વચ્ચેના સંઘર્ષની વાત છે.

૧૯૮૫માં સાહિત્ય અકાદમીની મહત્તર સદસ્યતા સ્વીકારતી વખતે ઉમાશંકરે કહ્યું હતું કે વીસમી સદીમાં અનેકરૂપે પ્રગટ થતી હિંસા અને બધાની વચ્ચે રહેલ મનુષ્ય એમની સમગ્ર સર્જનપ્રક્રિયાની વૈચારિક ભૂમિ (site) રહી છે. 'વિશ્વશાંતિ'માં પ્રગટ થયેલી ઇતિહાસના ફલક પરની હિંસા છેવટે સદીના અંતમાં અણુયુગ અને મૂડીવાદની હિંસા રૂપે પ્રગટ થાય છે. *સપ્તપદી*નાં કાવ્યોમાં દુરિત – જેનું હોવું મનુષ્યને એની સામે સંઘર્ષ કરવા માટે સુગ્રથિત કરે છે–માંથી 'પંખીલોક'ની કલ્પના આકાર લે છે. સમય સાથેનું એમનું સંધાન સતત ચાલુ રહ્યું હતું. એમની ઐતિહાસિક ચેતના (historical consciousness) એમના સમગ્ર સર્જનમાં સતત પ્રગટ થતી રહી છે, પછી એ સર્જનનું સ્વરૂપ ગમે તે હોય.

૧૯૮૪માં *સંસ્કૃતિ* આટોપી લીધું ત્યારે ૩૮ વર્ષની ઉમાશંકરની જાહેર જીવનની સતત પ્રવૃત્તિઓની જવાબદારીઓ ઓછી થતી ગઈ. છેલ્લા વર્ષોમાં લખવાનું પણ ઓછું થયું. ક્યારેક કોઈ પ્રસંગ નિમિત્તે બોલવાનું અને લખવાનું થતું. ડિસેમ્બર ૧૯૮૫માં વેડછી ખાતે યુદ્ધ-વિરોધી આંતરરાષ્ટ્રીય સંમેલનના સ્વાગત પ્રવચનમાં એમણે અણુમથકોથી ઉત્પન્ન થતાં દૂષણો જેવાં કે ઇકોલૉજીની અનેકવિધ અસમતુલતાઓ, નદીઓનાં પાણીનાં પ્રદૂષણ અને આસપાસ વસતી પ્રજાને થતી શારીરિક હાનિ સામે ચેતવણીનો સૂર કાઢીને અણુ નિઃશસ્ત્રીકરણ પર ભાર મૂક્યો હતો. [*જગત-રંગ*, પૃ. ૧૪૨–૪૫] ફેબ્રુઆરી ૧૯૮૬માં અસમ સાહિત્ય સભાના બાવનમાં અધિવેશન વખતે આસામના વિદ્યાર્થીઓના અહિંસક જનસંઘર્ષને બિરદાવીને નવી યુવાન નેતાગીરીને સંકુચિત અહમ્ અને આત્યંતિક પ્રદેશકેન્દ્રિતાથી દૂર રહેવા જણાવ્યું હતું અને નિરક્ષરતા-નાબૂદીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. [*જગત-રંગ*, પૃ. ૧૧૦–૨૦] ઉમાશંકરનું ભજનોના આસ્વાદનું પુસ્તક *નિશ્નેના મહેલમાં* ૧૯૮૬માં અને ઈશાવાસ્ય ઉપનિષદનું અર્થઘટનનું પુસ્તક *ઈશાવાસ્ય ઉપનિષદ* ૧૯૮૮માં પ્રગટ થયું હતું. *અખંડાનંદ*માં દિવાળી અંક માટે દર વર્ષે એ એક ભજન પર લખતા. ભજનો એ ધર્મના સંસ્થાપનો સામે એક બુલંદ અવાજ છે અને ધર્મ ધર્મ વચ્ચેના, જાતિ જાતિ વચ્ચેના, ઊંચનીચના ભેદભાવ ભૂંસીને એકતાનો સૂર છેડે છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં બીજાનાં ધનને ઝૂંટવી લેવાની લાલસા ત્યજીને આ જગતમાં રહેવાની વાત છે. ૧૯૮૫માં સાહિત્ય અકાદમીની મહત્તર સદસ્યતા સ્વીકારતી વખતે સર્જકોને સાહિત્ય અને શિક્ષણની સંસ્થાઓની રાજકીય હસ્તક્ષેપથી સ્વાયત્તતા જાળવવા વિનંતી કરી હતી. ભારતીય સાહિત્યને સાંસ્કૃતિક સંસ્થાનવાદ (પશ્ચિમના સાહિત્ય પર પરાવલંબિતા) અને સાહિત્યિક આત્મ-મોહ(narcissism)ની વૃત્તિથી દૂર રહેવા

સૂચવ્યું હતું. ૧૯૮૦ના દશકમાં પહેલાંનાં સંસ્થાનવાદી દેશોના સાહિત્યને આ બે છેડાની વિચારધારાઓથી જુદી રીતે જોવા પર ચર્ચાઓ થતી હતી. આ જ વિચારો એમણે ૧૯૮૭માં સાહિત્ય અકાદમીમાં આપેલા સંવત્સર વ્યાખ્યાનો 'ઍન આઇડીયા ઑફ ઇન્ડિયન લિટરેચર'માં પણ રજૂ કર્યા હતા. વ્યાખ્યાનને અંતે નવી સૈદ્ધાંતિક પદ્ધતિઓ જેવી કે માર્ક્સવાદ અને નારીવાદના દૃષ્ટિકોણથી સાહિત્યને ચકાસવાની જરૂરત પર ભાર મૂક્યો હતો. એટલું જ નહીં, એમણે દલિતોના દૃષ્ટિકોણથી સાહિત્યને જોવા અંગે પણ સૂચન કર્યું હતું. આ બધા વિચારો અમારી અંગત ચર્ચાઓના પણ મુખ્ય વિષયો બન્યા હતા. ૧૯૭૦ના દશક પછી દુનિયામાં બધે રાજકીય અને ઐતિહાસિક બળોના સંદર્ભમાં વિવેચનની નવી વિચારધારાઓ શરૂ થઈ હતી જેમાં વર્ગ-વિગ્રહ ઉપરાંત ખાસ તો સ્ત્રીઓના અને સંસ્થાનવાદના દૃષ્ટિકોણથી સાહિત્યને જોવાનો પ્રયત્ન હતો જેની પ્રસ્તુતતાનો ઉમાશંકરને ખ્યાલ હતો.

૧૯૮૮માં જૂન મહિનાથી ઉમાશંકરને ઝીણા તાવની શારીરિક ફરિયાદ શરૂ થઈ. આ સિવાય બીજી કોઈ તકલીફ ન હતી. તાવનું નિદાન સહેલાઈથી પહેલાં થઈ શક્યું નહીં પરંતુ પછીથી ફેફસાના કૅન્સરનું નિદાન થયું. એમની પ્રવૃત્તિઓ, ધીમી પડી હોવા છતાં બંધ થઈ ન હતી. મૃત્યુના બે અઠવાડિયાં પહેલા એ દિલ્હીમાં હતા. ત્યાંથી મુંબઈ ગયા અને ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં ફેફસાના કૅન્સરનું ઑપરેશન કરાવવા માટે દાખલ થયા. ઑપરેશન સફળ થયું પરંતુ ફેફસાં ઢીલા પડી ગયાં હતાં અને શ્વાસ લેવાની તકલીફ થતી હતી. ન્યુમોનિયાની બીમારી પણ એમાં ભળી. ૧૯મી ડિસેમ્બર ૧૯૮૮ના દિવસે સાંજે એમનું ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં અવસાન થયું. બીજે દિવસે સાંજે અમદાવાદમાં એમના મૃતદેહને એમની પુત્રીઓએ અગ્નિદાહ દીધો. ઉમાશંકરની ૭૭ વર્ષની જીવનયાત્રા પૂરી થઈ.

## ૧૯

ઉમાશંકરની ૭૭ વર્ષની જીવનયાત્રામાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે એ સતત જાહેરજીવનના બનાવો સાથે જોડાયેલા રહ્યા. એમના જીવનનો કોઈ એવો ગાળો નથી જેમાં એ બધું છોડીને અંગત જીવનમાં પૂરાઈ ગયા હોય. એમના સાહિત્યસર્જનને આ બધાથી અલગ કરીને જોવું શક્ય નથી. એમના જીવન, સર્જન અને કાર્યની વૈચારિક ભૂમિ એક જ રહી છે. ૧૯૨૮માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા ત્યારથી ૧૯૮૦માં અણુયુગ અને ઉદારીકીરણયુગના સમય સુધી એ સમાજ, ઇતિહાસ અને રાજકારણના મુખ્ય બનાવો સાથે સંકળાયેલા રહ્યા. અલબત્ત, એક કવિ અને બૌદ્ધિક

તરીકે એમણે જાહેરજીવનના પ્રશ્નોમાં રસ લીધો, પરંતુ ચંદનમહેલ (આઇવરી ટાવર)ના બૌદ્ધિક તરીકે નહીં. સ્વરાજ્યની લડત હોય કે યુનિવર્સિટીના પ્રશ્નો હોય કે ગુજરાત અને દેશના રાજકીય પ્રશ્નો હોય, દરેકમાં એમનો પ્રતિભાવ સક્રિય હતો. રાજકીય પરિસ્થિતિની એમની સમજ પ્રગતિશીલ દૃષ્ટિકોણથી પ્રેરિત હતી. રાજકીય પ્રક્રિયામાં કોમવાદનાં તત્ત્વોને થતો લાભ, સત્તાકીય બળો અને ધનવાનોના ગઠબંધનથી આર્થિક પ્રશ્નની થતી ઉપેક્ષા અને સમાજના વંચિત વર્ગો પર તેની અસર, બધા પ્રશ્નોનું મૂળ આર્થિક પ્રશ્નમાં સમાયેલું હોવું, આ એમના રાજકીય પરિસ્થિતિ વિશેના પ્રતિભાવો હતા. એમની સહાનુભૂતિ વંચિત વર્ગો સાથે હતી. પરંતુ એ જનસમુદાયના માણસ ન બન્યા. લોકશાહી, સમાજવાદી લોકશાહીમાં એમને પૂરી શ્રદ્ધા હતી. સમાજને છેવાડે જીવતા વંચિત વર્ગો સ્વાભાવિક રીતે પોતાના હકોની લડાઈ માટે જે માર્ગ અપનાવે એમાં એ ન જોડાયા. જોકે ગુજરાતના, અને ખાસ તો ગુજરાત રાજ્યના, સમગ્ર ઇતિહાસમાં, સત્તાધારીઓને પ્રગતિશીલ કે ડાબેરી બળો તરફથી કોઈ મોટો પડકાર મળ્યો નથી. દલિત, આદિવાસી અને મુસ્લિમોની સંખ્યા ગુજરાતની વસતિની ૩૦% હોવા છતાં તેઓ એક સ્વતંત્ર રાજકીય બળ બની શક્યા નથી. મહાગુજરાતનાં તેમ જ નવનિર્માણનાં મધ્યમવર્ગીય આંદોલનોમાં આ વર્ગો જોડાયેલા ન હતા. એટલું જ નહીં પરંતુ જમણેરી તત્વોએ આ આંદોલનોનો લાભ ઉઠાવીને પોતાની સત્તા ગુજરાતમાં પ્રસારી છે. દલિતો અને મુસ્લિમો વચ્ચે કોમવાદી પ્રત્યાઘાતી તત્વોએ તિરાડ પડાવી છે. આદિવાસીઓના હિંદુકરણની પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે. શહેરોમાં વસતા શિક્ષિત મધ્યમ વર્ગનું વલણ ૧૯૮૦ના દશકના બે અનામતવિરોધી આંદોલનો પછી વધુ ને વધુ પ્રત્યાઘાતી બન્યું છે. બૌદ્ધિકો પણ આ વલણના ભોગ બન્યા છે. આજે ૨૧મી સદીની શરૂઆતમાં જ્યારે ગુજરાતમાં પ્રગતિશીલ તો નહીં પણ ઉદારમતવાદી વિચારધારા પણ અસ્તિત્વમાં નથી ત્યારે ૨૦મી સદીના ઉમાશંકર જેવાં અનેકનાં જીવન, સર્જન અને કાર્યોની વૈચારિક ભૂમિકાને સમજવાની પ્રક્રિયાને નિમિત્ત બનાવી ફરીથી આજના પ્રશ્નોને તપાસવાની અને સમાજને બદલવાની વિચારધારાઓને સજીવન કરીએ.